શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ–૩

વિરાટ ગ્રંથાવલિ

પુસ્તક ૧૭૦ મું

# બૈજુ બ્હાવરો

[પાંચ નાટકો]

રમણલાલ વ. દેસાઈ, એમ. એ.

આર. આર. શેઠની કંપની

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

## * સંપુટ-૧

### નવલકથાઓ

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાજોગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

## * સંપુટ-૨

### નવલિકાસંગ્રહો

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

## * સંપુટ-૩

### કાવ્યસંગ્રહો

નિહારિકા ★ શમણાં

### નાટ્યસંગ્રહો

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ અંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બ્હાવરો ★ વિદેહી ★ સંયુક્તા

## * સંપુટ-૪

### પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧-૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ અભિનંદન-ગ્રંથ ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવસૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

### ચિંતનમાળા

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી - પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા - સાહિત્ય - સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત - હું લેખક કેમ થયો?

# અર્પણ

જેના અંગેઅંગમાં નૃત્યનો થૈથૈકાર ઝમકી રહ્યો છે એવી
ભરત નાટ્યમ્‌ની વિખ્યાત ગુજરાતી કલાધારિણી

**ચિ. સૌ. બહેન અંજલિને**

DESAI, Ramanlal V.
BAIJU BAHAVARO, Play
R. R. Sheth & Co., Bombay-Ahmedabad
1992
891·472

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ–મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૨૯–૦૦

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક
નવીન પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪૨૫૦

# પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવના

"બૈજુ બ્હાવરો"એ "કવિદર્શન" પછીનો મુ. ભાઈસાહેબનો છઠ્ઠો નાટ્યસંગ્રહ છે. કવિદર્શનમાં મુ. ભાઈસાહેબે ચાર કવિઓને ચિત્રિત કરવા પ્રયત્ન કર્યો હતો. "બૈજુ બ્હાવરો" નાટ્યસંગ્રહમાં મુ. ભાઈસાહેબ ભારતની કેટલીક મહાન વિભૂતિઓના અમુક ભવ્ય પ્રસંગોને નાટ્ય સ્વરૂપે આલેખવા પ્રયત્ન કરે છે.

જીવન અને કલાનો સાચો સંબંધ શોધવાના તેમના પ્રયાસોમાંથી બીજાં સર્જનોની માફક આ નાટિકાઓ પણ સર્જાઈ છે.

વાચકો તેમને આવકારશે એવી આશા રાખું છું.

અક્ષયકુમાર ર. દેસાઈ

'જયકુટિર,'
ટાઈકલવાડી, માટુંગા,
મુંબઈ-૧૬
તા. ૧૫-૯-'૫૯

**બૈજુ બ્હાવરો**

✻

રમણલાલ વ. દેસાઈ

## નાટ્યાનુક્રમ


| ક્રમ | નામ | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | કલાનો આનંદ | ૧ |
| ૨ | બકુલાદેવી | ૧૬ |
| ૩ | માનવ ચિરાગ | ૫૫ |
| ૪ | સત્ અકાલ | ૭૩ |
| ૫ | બૈજુ બ્હાવરો | ૮૯ |



મુદ્રણો

પહેલી આવૃત્તિ : સપ્ટેમ્બર, ૧૯૫૯

બીજું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ : મે, ૧૯૯૨

પ્રત : ૭૫૦

# કલાનો આનંદ

## પાત્રો

| | |
|---|---|
| પૂજક | કવિ |
| યોગિની | સ્થપતિ |
| અવકાશ | ચિત્રકાર |
| રાજવીર | યુવક |
| મુનીમ | અંગરક્ષક |

છડીદાર

[ પડદો ઊપડતાં વાદ્યો વાગી રહે છે. પદ્માસન ઉપર સરસ્વતી વિરાજ્યાં છે. પાછળ મયૂર કળા કરી ઊભો છે. સરસ્વતીની એક પાસ વીણા પડી છે, બીજી પાસ પુસ્તક પડયું છે.

પડદો પૂરો ઊપડી રહેતાં સરસ્વતીનાં પૂર્ણ દર્શન થાય છે. કમાન, ગુફા, કુંજ, દુકાન, ખેતરનાં દૃશ્યો દેખાય છે.

વાદ્યો એકાએક બંધ પડે છે.

સરસ્વતી વીણાનો તાર ઝણઝણાવે છે, અને મ્લાન મુખે તેને મૂકી દે છે.

પુસ્તક ઉઘાડે છે અને સહજ કંટાળો દર્શાવી બંધ કરી પાછું મૂકે છે.

પુષ્પને હાથમાં લઈ ઉછાળે છે અને તેને પીંખી નાખી તેની પાંદડીઓ વેરી દે છે.

સહજ દૂર પદ્માસન વાળી આંખ મીંચી એક યોગિની ધ્યાનમગ્ન બેઠી છે.

એક સરસ્વતીપૂજક આવી દર્શન કરે છે. મ્લાન મુખ નિહાળી પૂછે છે. ]

પૂજક :

શાર્દૂલવિક્રીડિત

પૃથ્વીમાંથી પવિત્ર પદ્મ પ્રગટયાં,
તેનાં રચ્યાં આસનો;
ધાર્યું શ્વેત સુવસ્ત્ર, પુષ્પ ધવલાં,
હસ્તે વીણા મંડનો;

કંઠે સંગીત, કાવ્ય વાણી વિલસે,
સર્જે કલાપી કલા;
તો યે દેવી સરસ્વતી ભગવતી!
નેત્રો રહે શેં ઢળ્યાં?

[ સરસ્વતીના મ્લાન મુખ ઉપર આનંદ દેખાતો નથી. ] આજ સરસ્વતીનું મુખ પ્રસન્ન કેમ નથી? એ કલાની દેવી, સંસ્કારની લક્ષ્મી હસશે નહિ તો જગત જીવવા જેવું રહેશે નહિ. જ્યાં કલા નહિ, જ્યાં સંસ્કાર નહિ, ત્યાં માનવતા પાંગરે જ નહિ. શું કરું?

[ યોગિની આંખ ઉઘાડે છે. ]

યોગિની : મારો પણ એ જ પ્રશ્ન. આપણે અરસપરસ પૂછીએ. આખી વીસમી સદીમાં કલાદેવીને આપણે એવું શું અર્પણ કર્યું છે કે જે સ્વીકારી દેવી પ્રસન્ન થાય?

[ કવાયત કરતું, વાદ્યના તાલ સાથે પગ મૂકતું સૈન્ય એવા જ બીજા સૈન્ય સામે શસ્ત્ર ધરી ઊભું છે. રણવાદ્ય વાગી બંધ થાય છે અને સૈન્યો ઓસરી જાય છે. સૈન્યની પાછળ એક હાડપિંજર નાચતું નાચતું પ્રવેશ કરે છે; ડમરુ અને ડાક વાગે છે. ]

અરે, અરે! આ તો વિશ્વયુદ્ધ અંક એકનો ઓળો! યુદ્ધને મૂર્ખ માનવી કલા કહે છે, નહિ?

પૂજક : એક નહિ, બે બે વિશ્વયુદ્ધ! એકએકથી ચઢતાં! એ કલામાં માનવીનાં હાડપિંજર અને આત્માનાં પ્રેત બને છે! ખરું?

[ બીજું હાડપિંજર નાચતું નાચતું પ્રવેશ કરે છે. ડમરુ, ડાક અને વાદ્યો ભીષણ સુરાવલિ ઉપજાવે છે. ]

વિશ્વયુદ્ધ અંક બે !

યોગીની : અરે, અરે ! બે ઓળા શું બસ નથી કે પાછળ ભૂતાવળ ચાલી જ આવે છે...?

[એક ગીધ આવે છે, એક ઘુવડ આવે છે, ત્રીજું હાડપિંજર દેખાય છે...]

બસ, બસ ! બોયર, રૂસ, જાપાન, પોલ, ઝેક, બલ્કાન, તર્ક... અરે ઇટાલી, ત્રિપોલી, હબસીનિયા, ચીન, સ્પેન...જાવા, બર્મા, હિંદી ચીન, કાશ્મીર...ઓ યુદ્ધનાં ભૂત ! બસ કરો. વીસમી સદીના ખોપરી-મિનારા ઘણા ઊંચા ચઢ્યા !

[હાડપિંજરનાં નૃત્યો જોરદાર બને છે. વાદ્યોની ભીષણતા વધે છે. ઘુવડ અને ગીધ પણ નૃત્યનો આનંદ લે છે. અવકાશમાં એક ભયંકર ગીત ગાજી ઊઠે છે.]

**અવકાશ :**

## ગીત

**આકાશેથી ઊતરે આંધી**
**પાતાળે ચઢી જવાળ !**
**સાયર સળકે અગ્નિ ચળકે !**
**લાવા અબીલ ગુલાબ.**
**ભૂખ હજી નથી ભાગી !**
**રુધિરતૃષા રહી લાગી !**
**યમદૂતની આંખો જાગી !**
**માગે એ ભોગ કરાળ !**
**ઘમંડમંડિત માનવ મસ્તક—**
**રચીએ રુંડનમાળ;**
**ઉષ્ણ રુધિરથી ખપ્પર ભરીએ**

રંગરંગ બસ લાલ!
સ્વાદભર્યાં એ ભક્ષ!
સહસ્ર! સહસ્ર ભક્ષ!
અહો ભૂત, પ્રેત ને જક્ષ!
જગવો તમ ભૂખની ઝાળ.

પૂજક : ઓસરી જાઓ ઓ યુદ્ધભૂતો! કલાને તમારું યુદ્ધઅર્પણ ન જ ખપે? માનવી હજી મરી ગયો નથી. એ વધારે વિશુદ્ધ અર્પણ લાવશે!

[હાડપિંજરો અને ગીધઘુવડ ચાલ્યાં જાય છે. એક ભયાનક હાસ્ય અવકાશમાં સંભળાય છે.]

અવકાશ : માનવી મરી ગયો નથી! હા...હા...માનવતા મરી એટલે માનવી મર્યો જ! યુદ્ધમાં મરે એ પ્રેત બને અને જીવે એ રાક્ષસ બને! માનવજાતમાં કોઈ માનવી છે જ નહિ.

પૂજક : છે, હજી માનવી છે. જુઓ જુઓ, હું કલાદેવીને એવાં અર્પણ આપું કે હવે કલાની દેવી હસશે. એ અમીર છે, ઉમરાવ છે, રાજા છે, મહારાજા છે, શાહ છે, શહેનશાહ છે. કલાનો એ પોષાક......

[આગળ રંગીન છડીદાર, વચમાં દબદબાભર્યાં વસ્ત્રાભૂષણ ધારણ કરેલો રાજવી અને પાછળ એનો અંગરક્ષક કમાન નીચેથી પ્રવેશ કરે છે.]

છડીદાર : આસ્તે કદમ! નિગાહ રખીએ સહુની સલામ પર!

[રાજવી ચારે પાસ સલામની આશામાં કૃપાભર્યું નિહાળે છે.]

રાજવી : (અંગરક્ષકને) સરસ્વતી મને સલામ કરે? કે હું સરસ્વતીને સલામ કરું?

અંગરક્ષક : સહુની સલામના આપ અધિકારી. આપનાથી સલામ અપાય નહિ, માત્ર ઝિલાય!

[ રાજવી ટટાર ઊભા રહે છે. ]

યોગિની: કલાને વીસમી સદીનું અર્પણ ?

પૂજક : આ રાજવી ! એણે કલાને સંગ્રહી રાખી છે, સાચવી રાખી છે, વિસ્તૃત બનાવી છે. એના રાજમહેલમાં તાજમહાલનો ગુંબજ છે, જુમ્મામસ્જિદની જાળી છે, આબુદેવાલયનાં આરસપુષ્પો છે અને સાંચીનું કોતરકામ છે. એના દરબારમાં તાનસેનની યાદ આપતા સંગીતકારો છે અને આમ્રપાલીની યાદ આપતી નર્તકીઓ છે. એટલું જ નહિ, અજંતા ગુફાની રાજકન્યાથી માંડી કનુ દેસાઈ સુધીનાં ચિત્રોનો ભંડાર...

યોગિની : મને તો લાગે છે કે આ રાજવી જાતે જ ચિત્રોના ભંડાર. રૂપ છે !...કલાદેવીને કેદખાને પૂરી રાખવા ઉપરાંત આ રાજવીએ બીજું શું કર્યું છે ?

પૂજક : એ કલામય જીવન જીવે છે...

યોગિની : એ કલા માટે મરી શકે એમ છે ?

અંગરક્ષક : એ શા માટે મરે? મરવા માટે એણે ભારે લશ્કર રાખ્યું છે ! હં...

છડીદાર : આસ્તે કદમ...

[ રાજવી જાય છે, અને બાજુના એક ખૂણામાં ઊભા રહે છે.]

યોગિની : એ રાજવી મરવાનું ભૂલ્યો છે...એ કશા માટે મરી શકે એમ નથી, એટલે એને જીવતાં પણ આવડવાનું નથી.

અવકાશ :

સવૈયા

પ્રજા કાજ મરવાને તત્પર
પ્રતિપાલન માટે તૈયાર,
ન્યાય પ્રતિનિધિ, તપસ્વી રાજન,
પરવાર્યા પૃથ્વી મોઝાર.

પૂજક : તો હવે ?

અવકાશ :

ઘોડદોડની શર્તે શૂરવીર,
શરાબ શીસે મહા ઉદાર,
પદ્મિની ચિત્રિણી હસ્તિની શંખિની
સહુના રાજન જાણણહાર.
કેફકલા ને કામકલા, વળી
દ્યુતકલાના પંડિત પર્ણ;
પરિસ્તાન પશ્ચિમ પરવરતાં
ધન સંપત્તિ કરતા ચૂર્ણ.
સત્તા કેરા નશામહીં ચક–
ચૂર મુગટનો શાનો ભાર ?
એવા રાજન કહો તે ઘડીએ
મળે પ્રજાને અપરંપાર.

યોગિની : કલાની દેવીને રાજવી ખપશે નહિ. મરતાં આવડે એ કલાને વહાલો !

પૂજક : એમ ? કલાને ખાતર મરનાર એક નહિ પણ અનેક વ્યક્તિઓનાં અર્પણ થઈ શકે એમ છે...જુઓ...

[ રંગના ફુવારામાંથી સ્થપતિ બહાર પડે છે. તેના હાથમાં રંગ ફલક અને પીંછી હોય છે. મુલાયમ પહેરવેશધારી ચિત્રકાર ચિત્ર ચીતરતો દેવી પાસે આવે છે. ]

એ ચિત્રકાર રંગરેષાનો રાજવી...અને જુઓ આગળ...

[ એક મૂર્તિમાંથી શિલ્પી બહાર આવી એક નાનકડી મૂર્તિ અને ટાંકણું લઈ આગળ આવે છે, ]

એ અમારો સ્થપતિ–પથ્થરમાં માનવીને ઉતારે છે–અને આ–વાહ !……

[ પુષ્પોના ગુચ્છામાંથી એક યુવક લમણે આંગળી મૂકી, એક હાથમાં કલમ ધારી, જરા વિચિત્ર અભિનય સહજ કરતો પ્રવેશ કરે છે. ]

એ અમારો માનીતો સાહિત્યકાર ! અમારી ઊર્મિને આકર્ષતો કવિ ! જરા ધૂની છે…પણ જોયા અમારા એ ત્રણે કલાઅવતારો ? એક ચિત્રકાર, બીજો શિલ્પી–સ્થપતિ, ત્રીજો કવિવાણી અને ઊર્મિનો જાદુગર !……

યોગિની : ત્રણે જાદુગર જેવા જ લાગે છે ! પણ બહુ ભારે એમની લચક અને મચક ! એમનામાં પૌરુષ લાવવા એમને બાર વર્ષ અખાડામાં મોકલો. ત્યાં સુધી પીંછી, ટાંકણું કે કલમ તેમને હાથ ધરવા ન દેશો !

પૂજક : એમ કેમ ? આવા સ્વચ્છ, સુઘડ, સંસ્કારી…

યોગિની : અરે અરે ! એમને આ ક્ષણે જ અખાડે પહોંચાડો. નહિ તો એ આખા સમાજને ગરબા ગાતો અને તાબોટા પાડતો બનાવી દેશે ! આવી લચક કલાને અર્પાય જ નહિ ! …અને પેલા કવિને તો ભ્રાન્તચિત્તાલયમાં જ મોકલી દો ! એનો વાહિયાત બડબડાટ……

પૂજક : અરે, પણ એ કલાને માટે મરવા તૈયાર છે…

યોગિની : ખાસ તૈયારી લાગતી નથી. અને મૂર્ખાઈથી મરનાર શહીદ ન બને ! કલાને વિશુદ્ધ બુદ્ધિભરી શહીદી જોઈએ–વેવલાશભર્યો આપઘાત નહિ !

પૂજક : ઈશ્વર કરતાં પણ કલાદેવી વધારે કડક લાગે છે !…વારુ …જુઓ, પેલો શહીદીનો ટુકડો…સરસ્વતી પ્રસન્ન થાય એવો

જ કલાનમૂનો...અપ્સરાની પણ નહિ પડી હોય એટલી એની છબીઓ પડી છે! સભા જીતી, ફૂલમાળ ધારણ કરી એ કેવો ચાલ્યો આવે છે!...વાહ!

[ ખાદીનાં વસ્ત્રો, વાંકી ટોપી, જવાહર જાકીટ, ચંપલ, સફાઈદાર ધોતી પહેરી હાથમાં તકલી લઈ ધીર ગંભીર ડગલે આગળ આવતો એક યુવક સરસ્વતી સામે આવી સ્વયંસેવકની અદાથી તેને સલામ કરી ઊભો રહે છે. ]

જોયું ને? એની વાણીમાં મેઘની ગર્જના છે; એની આંખમાં વીજળીનો ચમકાર છે; એને ધબકારે પૃથ્વી હાલે છે; એની હાકે દિગ્પાળો ડોલે છે; એને પગલે લાખોનાં પગલાં પડે છે! એ અમારો લાડકવાયો લોકનેતા...

યોગિની : એને મરતાં આવડે છે?

[ યુવક જરા તીરછી આંખે યોગિની તરફ જુએ છે. ]

પૂજક : કેદખાનાં સુધી જઈ આવ્યો છે.

યોગિની : જ્યાં એણે સારાં ભોજન માટે બળવો ઉઠાવ્યો હતો; એ જ ને? એની આંખ હિંદના ગવર્નર જનરલની હજી વીસ હજારનો દરમાયો લાવતી ખુરશી ઉપર ચોંટેલી છે. પગાર માગનાર અને લેનાર કલાનો શહીદ નથી જ.

પૂજક : નહિ નહિ; એ ગવર્નર જનરલની ખુરશી નથી માગતો...

યુવક : પણ...

અવકાશ :

## ગીત

દેશભક્તિમાં ઠક્ની થેલી,
લીધો સેવકવેશ;
સ્વરાજ્યસિદ્ધિમાં નવ ભૂલો
પ્રબળ ભારી ઝુંબેશ;
ભાઈઓ ! તૃષ્ણા નહિ લવલેશ !

દિલ્હીની ખુરશી નહિ માગું,
જવું નથી પરદેશ;
પ્રમુખસ્થાનનું જરા ન ત્રાગું,
હું કુમળો હમેશ;
ભાઈઓ ! લોભ નથી લવલેશ.

છબી ભલે નવ ઊતરે મારી,
આરતીનો ન ઉજેશ;
ફૂલહાર તો હવે કરો બસ,
સંતનનો આદેશ;
ભાઈઓ ! દ્વેષ નહિ લવલેશ.

ખુરશી, ગાદી, સત્તા, પૂજન,
છોડ્યાં હવે હમેશ-
વીમા તણી એજન્સી, કે કોઈ
'પરમીટ'નો અવશેષ !
બસ એ નાનકડો સંદેશ !

[ યુવક ગુસ્સાભરી આંખો કરી, હાથમાં હાથ પછાડી, ભાષણનો એક જોરદાર ચાળો કરી બાજુએ જાય છે. ]

પૂજક : (સ્વગત) હવે? દેવી પાસે કોને મૂકું?...હાં; જીવનનાં બધાં જ પાસાં કલામય! શા માટે એને આગળ ન કરું? એ વ્યાપારી-નટનું નાટક આ જ તો રાષ્ટ્રોનો ઇતિહાસ થાપે છે અને ઉથાપે છે! (પ્રકાશ) હું લાવું છું એક સમર્થ કલાકાર, ભીષણ જાદુગર, મહાન માયાવી! કલાની દેવી એના કલા-પ્રયોગથી જરૂર રીઝશે!

યોગિની : કોણ એ કલાકાર હશે? લાવો, બોલાવો એને. સરસ્વતી કદાચ પ્રસન્ન થાય પણ ખરી!

પૂજક : એ કલાકાર શૂન્યમાંથી સહસ્ર સર્જે છે, અબજોને અલોપ કરી શકે છે, એકને લાખ કરી બતાવે છે, પાયા વગર ઇમારત રચે છે, રેતીમાં વહાણ ચલાવે છે, અને ઢાંકણીમાં હિમાલયને ડુબાવી દે છે. આવ, આવ ઓ નગદનટ! કલાદેવી તારી રાહ જુએ છે...જલદી કર! અરે, ગમે તે પાઘડી પહેરી લે! મારવાડી, ગુજરાતી કે મદ્રાસી ચેટ્ટીની પાઘડી પણ ચાલશે... અરે, એણે તો ધવલ ટોપી ધારણ કરી!

[ મારવાડી પાઘડી ફેંકી દઈ, ગુજરાતી પાઘડીને ગબડાવતો, ચેટ્ટીનાં ફેંટાને ઉછાળી દેતો, ધોળી ટોપી પહેરી, લાંબો ઝવેરી કોટ, ઝીણું ધોતિયું, ખેસ ખભેથી હાથ ઉપર લાવતો, હીરાનાં બટન અને દસે આંગળીએ વીંટી ધારણ કરેલો, સ્મિત-ભર્યા મુખવાળો ચારેપાસ લુચ્ચાઈભરી દૃષ્ટિ ફેંકતો, ઘડી આંગળી ઉપરની વીંટી જોતો અને સહુને સૂચક રીતે બતાવતો વ્યાપારી આવે છે. એની પાછળ જરા મેલા વેશવાળો મુનીમ હાથમાં ચોપડો લઈ આવે છે. ]

કલાની દેવીને, ઓ શ્રેષ્ઠી! નમન કર!

[ વ્યાપારી સસ્મિત નમન કરે છે. ]

મુનીમ : શેઠસાહેબ ! વર્ષે વર્ષે આપણે શારદાપૂજન કરીએ છીએ. પણ પહેલી ધનપૂજા, પછી ચોપડાપૂજન ! અહીં તો એકલી શારદા જ છે ! અને હજી તિથિ આવી નથી ! કે પછી આ શારદાની મૂર્તિ વેચવા લેવાની છે ?

યોગિની : અરે જડ ! જોતો નથી આ તો જીવંત શારદા છે ? મૂર્તિ ન હોય !

મુનીમ : અરે, તો એમ કહો ! અમે તો જીવતાંને પણ વેચીએ અને મડદાંને પણ વેચીએ !

પૂજક : દેવી પ્રસન્ન થતી હોય તો આ જાદુગર આખી સૃષ્ટિનાં ચિત્રો, મૂર્તિઓ અને પુસ્તકો લાવી તેને ચરણે ખડકી દે !

[ વ્યાપારી સંમતિસૂચક નમન કરે છે. ]

મુનીમ : માત્ર એ બધા ઉપર ફક્ત વીસ ટકા દલાલી મળવી જોઈએ ! બીજાઓની માફક આપણી પેઢીમાં લોભ નહિ તે નહિ જ !

યોગિની : અરે, અરે ! આ તો લૉરીમાં દાણા અને વિમાનમાં કાપડ લઈ પાકીસ્તાન વેચી આવતો આપણો વ્યાપારી ! સરસ્વતીને મન તો કલાલ અને દલાલ બન્ને સરખા ! નહિ જોઈએ !

[ આરોપને નકારતો પોતાના બંને ગાલ ઉપર આછા તમાચા મારી નમ્ર બનતો વ્યાપારી આઘો ખસે છે. ]

મુનીમ : હવે તો હિંદમાંથી કલાલોને પણ કાઢવાના છે. પ્રભુ કરે એ ખરું !

યોગિની : અરે ! પણ કોણ આવે છે સૌરભ વેરતું ? નથી એને રૂપ, નથી એને રંગ, નથી માથે મુકુટ, નથી વૈભવનો ચળકાટ, નથી કંઠમાં ગીત !...છતાં પગલે પગલે પ્રકાશ પાડતો એ કોણ આવે છે ?

[ પ્રથમ અંધકાર થાય છે. પ્રકાશના વર્તુળમાં બે બાળકો દેખાય છે; એકના હાથમાં હથોડો છે, બીજાના હાથમાં દાતરડું છે! એકને ખભે હાથ મૂકી બીજા હાથમાં પોતાનાથી પણ ઊંચી લાકડી ધારી પ્રકાશવર્તુળ સહ ગાંધીજી પ્રવેશ કરે છે. ]

આ તો મહાત્મા! પણ એમનું તો ખૂન થયું હતું ને?

[ ગાંધીજી સસ્મિત યોગિની સામે નિહાળે છે. અવકાશ ગાંધીજીનો જવાબ બહુ ધીમેથી – ગાંધીજીની whisperમાં આપે છે. ]

અવકાશ : મારું ખૂન? કોઈ જ ન કરે! મારો કોઈ દુશ્મન હોય તો ને?

મુનીમ : પણ અમે ફાળામાં પૈસા ભર્યા છે ને?

કવિ : મેં આપનું મહાકાવ્ય રચ્યું છે!

સ્થપતિ : આપની પ્રતિમા હમણાં જ પૂરી કરી આવ્યો છું!

ચિત્રકાર : અને હું આપનું ચિત્ર...

અંગરક્ષક : અમારા રાજવીએ દિલગીરીનો સંદેશો પણ મોકલ્યો હતો.

યુવક : વિમાનમાં ઊડી મેં આપના શબ ઉપર તો ફૂલ વેર્યાં હતાં!

અવકાશ : હા...હા...શબ! એ તો દેહને હાથમાં લઈ ફેંકી દીધો! હું તો નિત્ય મરતો અને નિત્ય જીવતો! નિત્ય મરનારનું ખૂન શું?

[ વાદ્યો વાગી ઊઠે છે. સરસ્વતીના મુખ ઉપર સ્મિત દેખાય છે. ]

યોગિની : એ જ, એ જ સાચો શહીદ! કલાને એ જ ખપે! ક્ષણેક્ષણનો એ મરજીવો એ સદા જીવંત છે. નિષ્કામ સેવા

વગર કલા નહિ, એમાંથી જ રૂપ રચાય, રંગ રચાય, ગીત રચાય! કલા એટલે વેશપલટો નહિ, જીવંત જીવન!

[ સૃષ્ટિ પ્રફુલ્લ બને છે. ચંદ્ર આકાશમાં ચમકે છે. અનેરી સૌરભ વેરાય છે. યોગિની સાથે સૌંદર્ય કન્યાઓ મળી ગીત ગાય છે. સરસ્વતી પ્રફુલ્લ મુખે વીણાના સૂર પૂરે છે. ]

ગીત

હે ચંદ્રરાજ!
ઊઘડ્યાં આકાશે શું ભાળો?
કે નીંદર ના ઓસરી જી હો!
ગોરા કપોલે ડાઘ કાળો,
હો કાજળની આંગી કરી હો!

તારલાનાં તોરણો ને તારલાની દીપમાળ!
તેજના તરંગને શી પાળો?
હો ચંદ્રરાજ!—

પુષ્પોના પુંજ પુંજ, ખીલ્યાં નિકુંજ કુંજ,
સૌરભ ફુવારે પખાળો!
હો ચંદ્રરાજ!—

વાજતાં પખાજ સાજ તાન ને તરાના!
ગિડ્ગિડ્ તામ્ છુમછુમની ચાલો!
હો ચંદ્રરાજ!—

સાયર હીંચોળતા શશીયર? માનવીના
ભાગ્ય કેરા ભવ્ય એ ઉછાળો?
હો ચંદ્રરાજ!—

કંકુ ઘર્યું નાગવિષ ! હૈયે કટારી ઝીલી !
પાય તો ય અમૃતનો પ્યાલો !
હો ચંદ્રરાજ !—

જીવન જીતી ગયો, એ કાળ ઘોળી પી ગયો,
તેજપંથ દાખવી નિરાળો !
હો ચંદ્રરાજ !—

ગીતનાં વધામણાં ને રંગની રંગોળી !
માનવ ઇતિહાસને ઉજાળ્યો !
હો ચંદ્રરાજ !—

## વસ્તુ

સોલંકી યુગના પરાક્રમી રાજા ભીમદેવ બાણાવલિના સમયને જીવંત કરવા આ નાટક યત્ન કરે છે. ભીમદેવનો સમય પ્રખ્યાત નર્તકી "બકુલાદેવી"ના વ્યક્તિત્વથી ઓપિત થયો છે. તે કલારાણી ભીમદેવની મહારાણી પણ બની હતી. શ્રી મુનશી આ વિભૂતિ તરફ આકર્ષાયા અને "જય સોમનાથ"માં ચૌલા સ્વરૂપે તેને જીવંત કરી. શ્રી ધૂમકેતુએ આ કલારત્નની આજુબાજુ સોલંકી યુગની તેમની નવલકથા શ્રેણીમાં "ચૌલાદેવી" નામની નવલકથા ઉપસાવી. મુ. ભાઈસાહેબે એ જ રસમૂર્તિના વ્યક્તિત્વને ચિત્રિત કરવા "બકુલાદેવી" નાટકનું સર્જન કર્યું છે. આપણા સાહિત્ય-સ્વામીઓએ જાણીતી કરેલી એ પ્રતિભાવંત વ્યક્તિનું નામ ચૌલા નહિ પરંતુ બકુલાદેવી હતું એમ મુ. ભાઈસાહેબ માનતા.

## પાત્રો

| | |
|---|---|
| બકુલાદેવી | ગુપ્તચર–૧ |
| ભીમદેવ | ગુપ્તચર–૨ |
| ભોજરાજ | ગૃહસ્થ–૧ |
| સેનાપતિ | ગૃહસ્થ–૨ |
| માતા | પંડિત–૧ |
| માલવ ગુપ્તચર | પંડિત–૨ |
| પાંચાળ ગુપ્તચર | સન્નારી–૧ |
| સાથીદાર | સન્નારી–૨ |

## સ્થળ

અંક ૧ : સોમનાથ પાટણ
અંક ૨ : ભીમદેવની છાવણી
અંક ૩ : શિવમંદિરનો સભામંડપ

# અંક પહેલો

[ સંગીત સૂરાવલિ અને નૃત્યના ઝમકાર સહ પડદો ઊઘડે છે. રંગભૂમિ ઉપર સંપૂર્ણ અંધકાર છવાયેલો હોય છે. ધીમેથી એક ગુપ્તચર અને એનો સાથીદાર પ્રવેશ કરે છે: તેમના ઉપર આછો પ્રકાશ પડે છે. ]

માલવ ગુપ્તચર : (ધીમેથી) આ જ સ્થળ. યોજના બરાબર થઈ ચૂકી છે...હવે હરકત નથી.

સાથીદાર : હરકત હોય તો ય શું ? ગમે તેમ કરી બકુલાને આજ ઉપાડવી જ જોઈએ...તૈયારી બધી જ છે.

માલવ ગુપ્તચર : ગુજરાતમાં એની કિંમત શી ? એ તો મહારાજા ભોજ પાસે જ દીપે.

સાથીદાર : હા જી. નવ રત્નોમાં એક દસમું—નૃત્યરત્ન—વધશે... પરંતુ આપને ખબર પડી ખરી કે...એક જાસૂસ ટોળી એને માર્તંડમંદિરના જીર્ણોદ્ધાર માટે લઈ જવા મથે છે ?...ભારે રકમ આપીને ?

માલવ ગુપ્તચર : મારી નજર બહાર કશું જ હોય નહિ. એ તો ...મને જ ભલામણ થઈ હતી...પરંતુ બકુલાનું નૃત્ય અલોપ થાય એમ હું ઇચ્છતો નથી.

સાથીદાર : નૃત્ય અલોપ થાય ? કેમ ?

માલવ ગુપ્તચર : મંદિરના પાયામાં સ્થપતિઓ પદ્મિનીનું રુધિર છાંટવા માગે છે, અને બકુલા છે પદ્મિની...પાંચાલના ગુપ્તચરોની જાળ પણ પથરાઈ ચૂકી છે...એક વાર બકુલાને

પાટણની બહાર ઉપાડી જઈએ...પછી બીજી વાત. ત્યાં સુધી આપણે અને પાંચાલ ગુપ્તચરો ભેગા.

સાથીદાર : ગુપ્તચરો એટલે...રાગદ્વેષથી પર, નૃત્યસંગીતથી પર, રૂપગુણથી પર, જીવનમરણથી પણ પર. જેની રકમ ભારે એના પલ્લામાં આપણે.

માલવ ગુપ્તચર : તૈયાર રહેજો...હું ધીમે ધીમે આ નૃત્યધામમાં પહોંચી જાઉં.

[ બંને જાય છે અને પાંચાલનો ગુપ્તચર તથા તેનો સાથીદાર અંધકારમાં આવે છે. ]

પાંચાલ ગુપ્તચર : (ધીમેથી) જાણો છો ને માળવા આપણામાં ભાગ પડાવવા માગે છે?

સાથીદાર : હા જી; ભલે ભાગ પડાવવા ઇચ્છે. આપણી જાળ બરાબર પથરાઈ ચૂકી છે. બકુલાને પાટણથી ઉપાડવી એ નિશ્ચય.

પાંચાલ ગુપ્તચર : પરંતુ પાટણ બહાર ગયા પછી માળવા વચ્ચે પડે તો? શું કરવું એ ખબર છે ને?

સાથીદાર : જરૂર. પરંતુ મેં સાંભળ્યું છે કે...મંદિરના સંચાલકો પાયામાં રુધિર રેડવાને બદલે બકુલાને સુરત્રાણની ગમતી ભેટ પણ બનાવે! ખરી વાત?

પાંચાલ ગુપ્તચર : આપણું કામ શું? સમજાવીને, ધન આપીને, માતાનું મન મનાવીને બકુલાને પાટણથી ઉઠાવી પાંચાલ લઈ જવી. પછી એનો મંદિર માટે ભોગ અપાય કે સુરત્રાણની ભેટ બને, એ પ્રશ્ન આપણો નથી જ...માત્ર માળવા આપણી સાથે ભળ્યું છે...એનાથી સંભાળવું.

સાથીદાર : હરકત નહિ. પાટણની બહાર પવનવેગી અશ્વો છે, સાંઢણીઓ છે અને પાટણની અંદર આપણી જ બિછાવેલી જાળ છે. હજી ગુર્જરતંત્રને શક પણ પડચો નથી કે...

પાંચાલ ગુપ્તચર : શાબાશ ! હું આ નૃત્યગૃહમાં જાઉં...માલવ નેતા ત્યાં જ હશે...માતાને તો મનાવી છે...યોજના સંપૂર્ણ :

[બન્ને અદૃશ્ય થાય છે. પાટણ રાજવી ભીમદેવ અંધકારમાં પ્રવેશ કરી સહજ હસી ધીમે રહી પોતાની કટાર બહાર કાઢે છે.]

ભીમદેવ : આ પાંચાલ અને માલવ ગુપ્તચરોને ખબર નથી કે ગુજરાતનું તંત્ર સદા ય જાગતું જ રહે છે. એમની બન્નેની જાળ એ નૃત્યગૃહમાં પ્રવેશતાં જ તૂટશે. અમારી નર્તકીઓ ભાડે અપાતી ગાયિકાઓ નથી...શિવપૂજક યોગિનીઓ છે... એ પણ રાજના જાસૂસીતંત્રનો એક વિભાગ છે...જે માતાને એ ફૂટી ગઈ માને છે એણે જ...અરે એની પુત્રીએ જ બધી ખબર આપી...બકુલાને પાટણ બહાર કોઈ લઈ જઈ શકે જ નહિ... હું પણ જરા રહીને ગુપ્તચરોને ગુજરાતનો પરિચય કરાવું.

[બન્ને ગુપ્તચર અદૃશ્ય થાય છે. ભીમદેવ પણ અદૃશ્ય થાય છે. રંગભૂમિ ઉપર અંધકાર ખસી જઈ પ્રકાશ પથરાય છે, અગર ઝીણો પડદો ખસી નવું દૃશ્ય દેખાય છે. નર્તકીગૃહના નૃત્યગૃહની સજાવટ દૃષ્ટિએ પડે છે. સંગીત સૂરાવલિ ધીમી વાગ્યા કરતી હતી તે હવે પાસે સંભળાય છે. બન્ને ગુપ્તચરો એક ગાદી ઉપર બેજે છે અને તેની સામે નમન કરી બકુલા નૃત્ય કરે છે. જરૂર પડયે બે ત્રણ સખીઓ સાથે માતા બેઠી બેઠી મંજીરાં વગાડે છે. ગુજરાતને ગમતું એ લાસ્ય કૃષ્ણ-ગોપી નૃત્ય હોય છે. મુરલીધારી કૃષ્ણ પ્રવેશ કરી ત્રિભંગા હાથે મુરલી મૂકે છે.

બકુલા વેણુગીતનો શ્લોક બોલે છે–ગાય છે. વેણુનાદ સંભળાય છે. ]

બકુલા :

: અનુષ્ટુપ :

થંભી વૃંદાવને રાત્રી, થંભી કૂજતી કોકિલા;
થંભ્યું ગોપી તણું હૈયું. નૂપુરે ચમકી કલા.

: ગીત અને નૃત્ય :

કા'ને વેરણ વેણ વગાડી :
અણુ અણુમાં અગન જગાડી—કા'ને......

તાલ તાન સ્વર અધર લલિત મધુમધુરી વેણુ લાગે,
જમુના જલ વળી ગગનગંગ, શશિ રાશી તારક જાગે–કા'ને...

રસરૂપગુણનિધિ ત્રિભંગ છબી તણી છટા છલકતી છાજે,
ભાન ભૂલી ગોપી બની ઘેલી રાસતરંગે રાજે–કા'ને...

જીવન જાગ્યું, જાગ્યાં વનવન, વૃક્ષપર્ણ પણ જાગ્યાં,
દેવમુનીએ ધ્યાન યોગ તપ રાસ નિહાળી ત્યાગ્યાં–કા'ને...

હાથતાળી, ઘમ્મર ઘુમરીમાં રાસની રમઝટ જાગી,
ગોપી કહાન બની તદ્દરૂપા, બ્રહ્મ લગન રહી લાગી–કાને...

[ નૃત્ય અટકે છે. શંકરની મૂર્તિને નમન કરી બકુલા માતા પાસે બેસી જાય છે. ]

૧. ગુપ્તચર : વાહ ! શું સુંદર નૃત્ય અમે આજ નિહાળ્યું. ભારતભરમાં ફર્યો પણ આ તમારા ગુર્જરદેશનો નૃત્યશોખ અદ્ભુત !

૨. ગુપ્તચર : અને તેમાં યે આ પાટણનાં ગીતનૃત્ય ! વાહ ! લાસ્ય માધુર્ય તો ગુજરાતમાં જ ! અમારા ઉત્તરમાં એ નથી.

માતા : ઉત્તરમાં તો જે છે એ છે ! એની બરોબરી અમારાથી ન થાય. નગાધિરાજ હિમાલય; સિંધુ અને શતદ્રુનાં સ્નાન; કાશ્મીરની ખુશ્બો; સઘળું અલૌકિક ! વાહ !

૨. ગુપ્તચર : તે...તમે ઉત્તર જોયું છે ?

માતા : હા જી. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ બધે ય હું ફરી છું; બધેયથી વિદ્યા મેળવી છે. અને મને મળી એ બધી ય વિદ્યા દીકરી બકુલાને આપ્યે જાઉં છું...એ પદ્મિની મારા કલા-જીવનનો સાર છે !

૧. ગુપ્તચર : (સહજ હસીને) તમે પણ કોઈ યુગમાં પદ્મિની મનાતાં હશો...નહિ ?

માતા : હા, ભાઈ...પરંતુ લગ્નને, મઠમંદિરને તરછોડી મેં કલાની આરાધના સ્વીકારી...વય પદ્મિનીઓને પણ વૃદ્ધા બનાવી દે છે...બકુલાનાં લક્ષણ એને કદાચ જીવનભર પદ્મિની રાખે એ આશામાં જીવી રહી છું.

૨. ગુપ્તચર : તો...બકુલાને ઉત્તરાપથ કેમ બતાવતાં નથી ? માનવીને કોઈ પણ સજીવન રાખી શકે તો તે હિમાલય અને મેરુનાં ગિરિશૃંગો.

માતા : જાણું છું...પરંતુ યુદ્ધના ભણકાર શમે એટલે એને ચારેધામમાં ફેરવું. આમન્ત્રણો તો કાશ્મીરથી પણ છે, પુરુષપુરથી પણ છે અને ગર્જનથી પણ છે...

૧. ગુપ્તચર : ગર્જનથી ? બાપ રે ! ત્યાં તો મ્લેચ્છોનું રાજ્ય છે અને એક સુરત્રાણ ત્યાં રાજ્ય કરે છે ! ત્યાં લઈ જશો તો...

૨. ગુપ્તચર : પણ ત્યાં આપણા આર્યો નથી વસતા એમ ન માનશો.

૧. ગુપ્તચર : તમે શા ઉપરથી કહો છો ?

૨. ગુપ્તચર : એ જ સુરત્રાણનો સેનાપતિ સ્નાન-ધ્યાન કરતો બ્રાહ્મણ છે !

૧. ગુપ્તચર : માટે મંદિરો અને મૂર્તિઓ તૂટે છે તમારા પાંચાલ પ્રદેશમાં; ખરું ?

૨. ગુપ્તચર : મારો પાંચાલ પ્રદેશ ? હું પાંચાલમાંથી આવું છું એમ શા ઉપરથી કહો છો આપ ?

૧. ગુપ્તચર : અરે ભાઈ ! માનવીના મુખ ઉપર જન્મભૂમિનો ટુકડો રેખાઓ દોર્યે જ જાય છે; મારી આંખ કદી ભૂલ ન કરે.

૨. ગુપ્તચર : કદાચ રેખાઓ બદલીને માનવી ઊભો રહે તો ? પૂછો અમ્માને; એમણે કૈક મુત્સદ્દીઓના દીકરાઓને એ કળા શીખવી હશે.

૧. ગુપ્તચર : જવા દો એ વાત; હું તો પાટણમાં આવ્યો છું ત્યારનો બકુલાને આમંત્રણ આપી રહ્યો છું. મહાકાલેશ્વર સામે એનું નૃત્ય થાય તો ભારતભરમાં એની પ્રતિષ્ઠા ઊપસી આવે.

૨. ગુપ્તચર : મહાકાલ તો ઉજ્જયિનીમાં આવ્યા ને ?

૧. ગુપ્તચર : હા જી, માલવ પ્રદેશમાં.

૨. ગુપ્તચર : માળવાનું આમંત્રણ આપવાનો આપને અધિકાર છે ખરો ?

૧. ગુપ્તચર : હોય કે ન હોય; અમારે તો 'વસુધૈવકુટુમ્બકમ્.'

૨. ગુપ્તચર : શાસ્ત્રજ્ઞ છો ? શાસ્ત્રી ?

૧. ગુપ્તચર : બધું જરૂરનું છો !...પણ આપણે તો અહીં નૃત્ય-સંગીત માટે આવ્યા છીએ...બકુલા ! હવે થાક ઊતર્યો ?

૨. ગુપ્તચર : બકુલાને કદી થાક લાગતો જ નથી...હું કેટલા ય દિવસથી જોઈ રહ્યો છું...આજ તો આખી રાત અહીં ગાળવી છે અને બકુલાને આવડતાં હોય એટલાં નૃત્ય નિહાળવાં છે...

માતા : આપ આજ્ઞા કરો એ નૃત્ય આપને બકુલા બતાવશે.

૧. ગુપ્તચર : પરંતુ...તમારે બદલે હવે બકુલાને બોલવા દો તો કેવું ?

માતા : જુઓ ને શ્રેષ્ઠી ! હમણાં જ એ બધી કલા શીખી ચૂકી... બાળક છે, જરા શરમાય; અને તેમાં આપ સરખા ફરંદા, અનુભવી જ્ઞાતાઓ આગળ તો એ ગૂંચવાઈ જાય...આ અમારાં નૃત્યગૃહ ?...અનેક તોફાનોનાં પ્રેરક;...છતાં, બકુલા ! આ બંને

શ્રોતા પરમ સજ્જન છે. એમની સાથે તું વાત કર અને એમને જે નૃત્ય જોઈએ તે આપ્યા કર...હું પાછી આવું છું

બકુલા : મા ! બીજું કોઈ જોવા સાંભળવા નહિ આવે ? વધારે પ્રેક્ષકો હોય તો નૃત્ય...

માતા : આજ સુધી કોઈએ ન આપ્યું હોય એટલું આપનાર આ શ્રેષ્ઠીઓ ઝીણવટથી તારી કલા જોવા આવ્યા છે...એથી ઓછું આપનારને આજ પ્રવેશ ન મળે...પરદેશી સજ્જનોને એક જ દૃષ્ટિ ન હોય...અને હું ક્યાં દૂર છું ?

[માતા જાય છે.]

૧. ગુપ્તચર : (સહજ હસીને) અમારી બીક લાગે ખરી કે, બકુલા ?

બકુલા : અમારું પ્રથમ શિક્ષણ જ બીક ભાંગવાનું હોય; અને પછી તો...શંકર-પાર્વતી, બ્રહ્મા અને ભરતમુનિ, રાધા અને કૃષ્ણ જે નર્તનસંપ્રદાયનાં ઇષ્ટ તેને બીક શાની ? હા. બધાંયથી સાવચેત રહેવાનું !

૧. ગુપ્તચર : સેંકડો દામ તને આપ્યાં તો ય આમ શંકા ?

૨. ગુપ્તચર : અને હું તો હજારો દામ તારે માટે લાવ્યો છું... તારી માતા આવે એટલે બતાવું...છતાં અમારાથી સાવચેત રહેવાનું ?

બકુલા : એ તો સામાન્ય વાત; આપને ઉદ્દેશીને હું કાંઈ કહેતી નથી, મહાનુભાવ !

૧. ગુપ્તચર : ત્યારે ?

બકુલા : હમણાં હમણાં મારું નૃત્ય જોવા વિચિત્ર પ્રેક્ષકો આવે છે.

૨. ગુપ્તચર : એમ ? કોણ કોણ ?

બકુલા : મારું તાંડવ જોવા સાધુઓ આવે છે; મોહિની ભસ્માસુર નૃત્ય જોવા કામરૂપ દેશનાં માનવીઓ આવી ગયાં. અને મારું અસિનૃત્ય ચાર દિવસ ઉપર જ રાષ્ટ્રકૂટ સેનાપતિ નિહાળી ગયા.

૧. ગુપ્તચર : અસિનૃત્ય? બકુલા! તું અસિ ઊંચકી શકે ખરી? આવા કુમળા અંગ સાથે?

બકુલા : કુમળું અંગ...તો કોણ જાણે. અંગમાં કસરત વગર કુમાશ આવે જ નહિ એમ મા કહે છે એ સાચું છે... અસિનૃત્ય અંગે હું એક કુશળ સેનાની પાસે પ્રત્યેક આયુધની તાલીમ લઈ ચૂકી છું, અને...

૨. ગુપ્તચર : ઓહો...પણ બકુલા! તું જાણે છે ને કે જુદા જુદા દેશમાં જુદાં જુદાં આયુધો વપરાય છે?

બકુલા : હા જી. પણ બધાં ય શસ્ત્રનો સિદ્ધાન્ત એક જ!

૧. ગુપ્તચર : સિદ્ધાન્ત? શસ્ત્રનો વળી સિદ્ધાન્ત શો?

બકુલા : શસ્ત્રમાં પથ્થર લોખંડને કાપે એવી તીક્ષ્ણતા ઉપજાવવી અને વાપરનારે હાથમાં વીજળીની ઝડપ રાખવી.

૨. ગુપ્તચર : તુરુષ્ક દેશમાં રેશમ અને રૂને કાપે એવી તીક્ષ્ણતા હોય છે.

બકુલા : જી! મારી પાસે જ એવું એક શસ્ત્ર છે અને હું એ વાપરી જાણું છું.

૧. ગુપ્તચર : બાપ રે બાપ! બકુલા, તું તે નર્તન કરે છે કે શસ્ત્રશાળા ચલાવે છે:

બકુલા : બંને કલા બહુ પાસે પાસે છે. શસ્ત્ર ન ગમે એને નર્તન કદી ન ગમે અને ન ફાવે.

૨. ગુપ્તચર : સાચું. પણ બકુલા! તારા ગુર્જરનરેશને નૃત્યનો કે શસ્ત્રનો શોખ હોય એમ દેખાતું નથી.

બકુલા : શા ઉપરથી એમ કહો છો?

૧. ગુપ્તચર : શોખ હોત તો તું ક્યારની રાજનર્તકી બની ચૂકી હોત.

[બહુ ધીમેથી પણ મક્કમપણે છૂપાવેશમાં–ધનિક શ્રેષ્ઠીના વેશમાં ગુર્જર નરેશ પ્રવેશ કરે છે: કોઈ જોતું નથી.]

બકુલા : અમારા શિવભક્ત સોલંકી રાજવીઓને ગાદી કરતાં પણ તપશ્ચર્યા વધારે ગમે છે.

[ વેશધારી ગુર્જરનરેશને બકુલા નિહાળે છે અને સહજ માનવપૂર્વક આવકાર આપે છે ! ]

પધારો મહાશય !

[ ભીમદેવ પણ એક સ્થાને બેસી જાય છે. ગુપ્તચરોને ત્રાહિત આવનાર ગમતો નથી. ત્રણે તરફ તે જરા નિહાળે છે અને સહજ હસીને કહે છે. ]

ભીમદેવ : કલાનો શોખ પાટણમાં વધતો જાય છે !

બકુલા : કદરદાની છે ત્યાં સુધી કલા જીવતી છે !

ભીમદેવ : પણ આ સ્થળે કદરના ભાવ પણ વધી ગયા છે !

૨. ગુપ્તચર : શા ઉપરથી એમ કહો છો ?

ભીમદેવ : જુઓ ને ! હમણાં હમણાં આ સ્થળપ્રવેશના ભાવ એટલા વધી રહ્યા છે કે બે દિવસ આવી આવીને હું પાછો ફર્યો... પ્રવેશભાવ કરતાં ખિસ્સું અધૂરું જ બની રહે !...આજ પણ પાછો ફરતો હતો !

૧. ગુપ્તચર : તો પછી પધારી કેમ શકયા?...ગુજરાતી હૈયાંને કલાની કિંમત થઈ ? કે પછી અહીં કલા ઉધાર પણ મળી છે ?

ભીમદેવ : શાખ હોય તો ઉધાર પણ મળે !...પણ ગુજરાતી હૈયાંનો કેમ નિર્દેશ કર્યો આપે?

૨. ગુપ્તચર : હું સમજાવું. ગુજરાતની પ્રજા ગણતરીબાજ, ગુજરાતના મંત્રીઓ ગણતરીબાજ અને મંત્રીઓથી શિક્ષિત રાજા પણ ગણતરીબાજ...અમને નવાઈ એ લાગે છે કે...આવા રાજાના એક પ્રજાજન તરીકે આપ અમારા કરતાં પણ વધારે ખર્ચ કરી અહીં કેમ આવી શકયા ?

ભીમદેવ : એટલે ?

૧. ગુપ્તચર : એટલે...આ નર્તકીગૃહને નિહાલ કરી નાખે એટલી રકમ આજ અમે આપી છે તે એ શર્તે કે અમારા કરતાં વધારે રકમ આપનાર સિવાય કોઈ આજ અહીં ન આવે... એ રકમ આપનાર તમે ગુજરાતી નીકળ્યા ખરા !

ભીમદેવ : તમને ગુજરાતનો અનુભવ બહુ અનુકૂળ ન લાગ્યો ?

૨. ગુપ્તચર : કંજૂસ ગુજરાતને કલાની કિંમત શી હોય ?

ભીમદેવ : તો આપને ગુજરાતનાં રાજા-પ્રજા બહુ કંજૂસ લાગ્યાં, ખરું ?...આમ જુઓ તો દુનિયાભરના દુષ્કાળમાં ગુજરાતનો પહેલો ફાળો હોય છે !...કલાની બાબતમાં તો લાંબે કયાં જઈએ ? એક ગુર્જર મંત્રી આરાસુર પર્વતને હમણાં જ મંદિરોથી શણગારી રહ્યો છે !...ભારતભરનું મોંઘામાં મોંઘું નૃત્ય પણ અહીં જ – આ બકુલાનું...એ નિહાળવા આપની પણ કિંમત વટાવી જઈ હું એક ગુર્જર આવી ચડયો છું... રાજાની વાત તો કોણ જાણે !

૧. ગુપ્તચર : ગુર્જર રાજવીનો આપને પરિચય નથી શું ?

ભીમદેવ : ના જી. હું તો વ્યાપારમાં દેશ-પરદેશ સેવતો વ્યાપારી ! મારે રાજા, રાણી કે દરબાર સાથે સંબંધ શો ?

૨. ગુપ્તચર : આવડી ભારે કિંમત આપી નૃત્ય જોવા આવનાર વ્યાપારીએ રાજાને તો જરૂર ઓળખવો જોઈએ.

૧. ગુપ્તચર : એમ કહો કે આવા વ્યાપારીને રાજાએ જરૂર ઓળખવો જોઈએ. કેમ બકુલા ?...આ ગુજરાતનો રાજા...

બકુલા : હું એટલું જાણું કે ગુજરાતના અમારા રાજવી વિખ્યાત બાણાવલી છે.

૨. ગુપ્તચર : એટલે ? ગુજરાત, માળવા અને રાજસ્થાનની સરહદે વસતા ભીલ પણ બાણાવલી હોય છે.

૧. ગુપ્તચર : (હસીને) અમે...ભીલે કોઈ મચ્છવેધ કર્યો જાણ્યો નથી.

બકુલા : મહારાજ એકનિષ્ઠ છે એવી વાયકા હું રોજ સાંભળું છું.

૨. ગુપ્તચર : બકુલા ! તેં રાજાને જોયો છે ખરો ?

બકુલા : હા જી.

૧. ગુપ્તચર : રાજાએ તને જોઈ છે?

બકુલા : મને ખબર નથી.

૨. ગુપ્તચર : નવે ખંડમાં તારું નામ થાય ત્યાં સુધી તને રાજદરબારમાં આમંત્રણ પણ ન આપે એ રાજાની એકનિષ્ઠાનાં વખાણ તું જ કરી શકે, બકુલા!

૧. ગુપ્તચર : અને તું જ આમ તરછોડાઈ પાટણમાં નિવાસ કરી પાટણની અને રાજાની પ્રતિષ્ઠા વધાર્યા કરે...થઈ જા પાટણથી છુટ્ટી આજ ને આજ, અને આવીને શોભાવ અમારો પ્રદેશ.

બકુલા : હું વળી બીજે જઈને શું કરું?...અહીં અને ત્યાં...એનું એ જ નૃત્ય ને?

૨. ગુપ્તચર : તારા સરખી ચતુર અને કલાસિદ્ધ નર્તકીનું સ્થાન રાજદ્વારે અને રાજપ્રકરણમાં કેટલું ઊંચું હોય એ જોવા ચાલ માળવા...

૧. ગુપ્તચર : મગધ કનોજ, કાશ્મીર કે કાબુલ. પાટણ તે કાંઈ નિવાસયોગ્ય નગરી છે?

બકુલા : મને તો મારું પાટણ ગમે. પ્રભાત મધ્યાહ્ન અને સાયંકાલે ભગવાન શંકર સમક્ષ નૃત્ય કરવું...નિત્ય નવાંનવાં નૃત્યો યોજવાં...અને આપ સરખા પરખંદાઓને બતાવવું. એથી વધારે મારે કંઈ ન જોઈએ.

૨. ગુપ્તચર : માર્તંડમંદિરમાં આવી તું નૃત્ય કરે તો અડધું રાજપાટ તારા ઉપર ન્યોચ્છાવર થાય.

૧. ગુપ્તચર : અને અમારા મહાકાલ સમક્ષ તો...

બકુલા : પાટણના સોમનાથ અને ઉજ્જૈનના મહાકાલ ક્યાં બંને જુદા છે?

૨. ગુપ્તચર : જુદાઈ સમજી હોય તો ચાલ માર્તંડમંદિરમાં. હમણાં જ કાશ્મીરમાં બંધાયું છે. શું સુંદર મંદિર છે! જાણે

અમરાપુરી પૃથ્વી ઉપર ઊતરી. એ મંદિર તને દીપાવશે અને તું એ મંદિરને દીપાવીશ.

ભીમદેવ : બકુલાને લોભાવો છો ખરા. પરંતુ પાટણ છોડીને મહાકાલ કે માર્તંડ જવામાં બકુલાને લાભ શો ?

[ બન્ને ગુપ્તચરો ખડખડાટ હસે છે. ]

૧. ગુપ્તચર : આ જ ગુર્જરભૂમિનો પરચો. લાભ જાણ્યા વગર કશું જ કાર્ય ન થાય.

૨. ગુપ્તચર : ગણેશના બે પુત્રો; લાભ અને લક્ષ્ય. લાભને ગુજરાતે ક્યારનો બાંટી લીધો છે. બકુલાને લાભ કરવો હોય તો માંડો શર્ત. બકુલાને ગુજરાતમાં રાખવી હોય તો તમે શું ખર્ચશો ? કેટલું ધન સાથમાં લાવ્યા છો ?

ભીમદેવ : આપણે રોસર રમીએ...રકમ મૂકતા ચાલીએ...જે અટકે તે હાર્યો ગણાય.

[ તાળી પાડે છે. માતા આવી બાજી ગોઠવી ચાલી જાય છે. સહુ પાસા હાથમાં લે છે. ]

બકુલા : પણ હું કોઈની રમતનું પ્યાદું થવા માગતી નથી.

ભીમદેવ : એ તું અને તારી માતા સમજી લેજો. તારે પ્યાદું બનવું ન હોય તો તારી સામે મુકાયલી ભારેમાં ભારે રકમ જતી કરવી રહી. મારાં લાખ દામ બકુલાના પાટણનિવાસ ઉપર.

૧. ગુપ્તચર : મારાં સવા લાખ

૨. ગુપ્તચર : મારાં દોઢ લાખ.

[ દામની ઢગલીઓ થાય છે. ]

ભીમદેવ : મારા બે લાખ.

બકુલા : સાંભળી લો, ઓ રસિક ખેલાડીઓ ! હું મારો દાવ રમું

: સાખી :

કંચન પાઠ રસાળ જ્યાં, સાયર રત્નાકિનાર,
સદા ય રમું ગુર્જરીહૃદય, પડ પાસા પોબાર.

ભીમદેવ : સાંભળો. આમે જીત મારી જ છે. બકુલા હવે પાટણ ન છોડે.

૧. ગુપ્તચર : કલાધરીને લાખ બે લાખ દામનો હિસાબ શો? કલાનો આત્મા જ્યાં એને ખેંચશે ત્યાં એ દામની ઢગલીને લાત મારી ચાલી જશે.

[ બીજો ગુપ્તચર જરા શાન્ત બની બકુલાને સંબોધે છે. ]

૨. ગુપ્તચર : બકુલા! કલાનો આત્મા એટલે?

બકુલા : કલાનો આત્મા રસ—મારું શિક્ષણ અને મારો અનુભવ અનુભવ કહે છે તે પ્રમાણે.

૧. ગુપ્તચર : તો...બકુલા! જો. આ ઘટ્ટ બનેલો રસ હું તને રત્નજડિત પાત્રમાં આપું છું. મારે હાથે જ ઘૂંટડો ભરી લે. લાખો કાર્ષાપર્ણ ખર્ચતાં ન મળે એવી આ નવાઈ છે.

[ બાજુએ મૂકેલી થેલીમાંથી સુરાહી અને સુવર્ણ-પ્યાલો કાઢી પેય વસ્તુ પ્યાલામાં રેડી બકુલાની સામે ધરે છે. ]

ભીમદેવ : એ નવાઈ લઈ તમે પાછા ચાલ્યા જાઓ. નિરર્થક એને લલચાવો નહિ.

૨. ગુપ્તચર : પાછા જવાનું કહો છો અમને? બકુલા વગર?

[ સહજ તિરસ્કારભર્યું હસે છે. ]

ભીમદેવ : હા.

૧. ગુપ્તચર : અને તે કહેનાર તમે!...વ્યાપારી... વાણિજ્યપટુ, ગુર્જર વૈશ્ય?

ભીમદેવ : ગુજરાતના ઘણા વૈશ્યો ક્ષત્રિય છે એ ભૂલશો નહિ...

૨. ગુપ્તચર : એ તો કોણ જાણે...પરંતુ હું એટલું જાણું છું કે વિદ્યા, કલા અને સંસ્કારમાં ગુજરાત જ્ઞાતિ બહાર ગણાય છે : 'ગુર્જરાણાં મુખં ભ્રષ્ટં' એ કીર્તિ તો તમે સાંભળી હશે. ઘણા આર્યસંસ્કાર ગુજરાત સુધી પહોંચતા જ નથી.

ભીમદેવ : ગુજરાત સુધી ન પહોંચતા સંસ્કારની ગુજરાતને જરૂર પણ નથી...તમારા સંસ્કાર ઉચ્ચ છે એમ ત્યારે જાણું કે બકુલા સ્વયં તમારી પાછળ ચાલી આવે.

૧. ગુપ્તચર : એમાં તમને શંકા લાગે છે શું ?

ભીમદેવ : હા. બકુલા હવે આવે જ નહિ.

૨. ગુપ્તચર : અને આવે તો ?

[ભીમદેવ તાકી બંને ગુપ્તચરો સામે સહજ નિહાળી તિરસ્કારથી કહે છે.]

ભીમદેવ : તો...તમે બકુલાને લઈ જઈ શકો જ નહિ.

[બંને ગુપ્તચરો ક્ષણભર અરસપરસ સામે સહજ નિહાળી તિરસ્કારથી કહે છે.]

૧. ગુપ્તચર : બકુલા! હવે મારું છેલ્લું કથન. તને મહાકાળેશ્વર લઈ જવાની મારી યોજના સફળ થઈ છે...તું હા કહે કે ના કહે તોપણ.

૨. ગુપ્તચર : અને મારી પણ યોજના આજે જ સંપૂર્ણ બની છે...માળવાથી તને પાંચાલમાં લઈ જવાની.

બકુલા : પણ મને ત્યાં લઈ જઈ કરશો શું ?

ભીમદેવ : ( સહજ હસતાં હસતાં ) હું કહું તારો ઉપયોગ, બકુલા ?

બકુલા : આપ શું જાણો ? કેમ જાણો ? ગુજરાતમાં રહીને ! !

ભીમદેવ : મારી નજર આ બંને યોજનાની પાર જોઈ રહી છે... તું માળવા જઈશ તો તારી ભેટ ભોજરાજને ધરાવશે...અને નિર્બળ અને ખટપટનો ભોગ બનાવવા અર્થે...

બકુલા : અને મને પાંચાલ લઈ જાય તો ?

ભીમદેવ : તો તારો ત્યાં ભોગ અપાશે–એક જૂના મંદિરના જીર્ણોદ્ધારમાં...ચમકવાની જરૂર નથી, બકુલા! તારે કે આ બંને પરદેશી મહાશયોને કારણે એ બનેમાંથી એક પણ વાત બનવાની નથી.

૧. ગુપ્તચર : (જરા સાવધાનીથી) તમે કોઈ ગુજરાતી ગુપ્તચર છો, નહિ?

ભીમદેવ : તમારા સરખા ગુપ્તચરો હું કોણ છું એ ન સમજે તો તે શરમભરેલું ગણાય.

૨. ગુપ્તચર : અમને ઓળખનાર આ મહાન ગુપ્તચર! એક સત્ય જાણો છો...આ નર્તકીગૃહ અને ગૃહમાં આવેલું કોઈ પણ અત્યારે સલામત નથી.

ભીમદેવ : બહુ સાચી વાત કહી. મારી સાથે તમારી સલામતી પણ ભારે જોખમમાં છે એ પણ ભૂલશો નહિ.

૧. ગુપ્તચર : એટલે!

ભીમદેવ : એટલે એમ કે પાટણનગરીમાં તમે પાથરેલી ગુપ્તચરોની જાળ આજ કપાઈ ગઈ છે, અને તમે બંને પણ...

૧. ગુપ્તચર : અમારાં શસ્ત્રો હાથમાં છે ત્યાં સુધી અમને કાંઈ ન થાય...આવી જુઓ સામે!

[શસ્ત્ર ખેંચવા જાય છે. તેને શસ્ત્ર ખેંચતાં બળપૂર્વક ભીમદેવ અટકાવે છે.)

ભીમદેવ : (હસીને) મ્યાનમાં રાખો તમારાં શસ્ત્રો...

[એકાએક બીજો ગુપ્તચર પોતાની કમરેથી કટાર કાઢી ભીમદેવને પાછળથી ઘાવ કરવા જાય છે. બકુલા તેનો કટારસહ ઉપાડેલો હાથ પોતાના હાથથી બળપૂર્વક પકડી રાખે છે.]

બકુલા : આજે મ્યાનમાં રાખો તમારી કટાર...અમારા ગુજરાતે પીઠ પાછળ ઘા કરવાનો રિવાજ હજી અપનાવ્યો નથી...મારા કલાધામમાં હું કોઈને પણ શસ્ત્ર ખેંચવા કે વાપરવા નહિ દઉં !

૨. ગુપ્તચર : હટી જા વચ્ચેથી, તું છોકરી ! શસ્ત્રો ખેંચાઈ ચૂક્યાં.

ભીમદેવ : અને એ ખેંચેલાં શસ્ત્રો ભલે વપરાય, બકુલા ! મૂકી દે એનો હાથ. એકલું બાણ નહિ, તલવાર પણ હું વાપરી જાણું છું એ તને અને સહુને બતાવું.

[ ભીમદેવ તલવાર ખેંચે છે. વાતાવરણ યુદ્ધની આગાહી આપે છે. બકુલાને શંકા પડતાં એ પૂછે છે. ]

બકુલા : આપનું શુભ નામ ?

ભીમદેવ : ( સહજ હસીને ) મારું નામ ? મારું નામ ભીમદેવ સોલંકી. બાણાવલી તરીકે તેં ઓળખાવ્યો હતો એ.

૧. ગુપ્તચર : ભીમદેવ ?...ગુજરાતના રાજવી ?...

[ બંનેનાં શસ્ત્ર હાથમાંથી પડી જાય છે. ]

ભીમદેવ : શસ્ત્રો નીચે ન નાખો. વાપરવાં હોય તો હું તમને ફરી તક આપું છું...બકુલા ! તું પણ શસ્ત્ર વાપરી જાણે છે એ જોઈ હું બહુ રાજી થયો...પરંતુ આ ગુપ્તચરોની ઇચ્છાનુસાર તું વચમાં ના આવીશ. ગુજરાતને ફોડવા અને ગુજરાતની મહત્તાને હરવા આવેલા બાહોશ ગુપ્તચરો ! ઉઠાવો શસ્ત્રો. ઊભા રહો સામે, અને ખાતરી કરી લો કે ગુજરાત કળને જ નહિ, બળને પણ પિછાને છે.

બકુલા : ક્ષમા, મહારાજ ! આપને મેં ન ઓળખ્યા...પણ...મારું એક સ્વપ્ન છે...એને સાચવવા દો. મારું આ કલામંદિર – સરસ્વતીમંદિર કદી રુધિરથી ન છંટાય. એની રતાશ કુમકુમની જ રહો...મારી એ પ્રાર્થના. શસ્ત્રો ઉઠાવનાર વૈરીને આપ જતા કરો...અને ગુજરાતને ગૌરવ અપો.

ભીમદેવ : તારી પ્રાર્થના મંજૂર, બકુલા ! મારા ઉપર ઊંચકાયલી કટાર પાછી વાળી તેં મને આભારી કર્યો છે...ગુજરાતને ભાંગવા આવેલા ગુપ્તચરો ! ગુજરાતના સંસ્કારને, ગુજરાતના વીરત્વને અને ગુજરાતની નિષ્ઠાને હવે વધારે હસી શકશો નહિ, મારા જીવતાં તમે સફળ થશો નહિ...અને ગુજરાતમાં માત્ર વ્યાપારની જ આવડત છે એવી માન્યતા ટાળવા હું માળવા ઉપર સૈન્ય સાથે આવું છું...તમે પહોંચશો એ જ દિવસે. ભોજરાજને કહેજો કે ગુજરાત જાસૂસીમાં ભાંગ્યું નહિ પણ માળવા યુદ્ધમાં ભાગે છે કે નહિ તેનો આપણે પ્રયોગ કરી લઈએ...જાઓ.. અટકશો નહિ...તમારા બીજા જાસૂસ મિત્રોને પણ હું છોડી મૂકું છું...બકુલાની ઇચ્છાનુસાર... બકુલાના રૂપ, કલા અને આવડતનો ગુજરાતને ખપ છે. એ નહિ આવે તમારી સાથે.

[ શસ્ત્રો નીચે નાખેલાં રહેવાદઈ અદબવાળી ગંભીરબની ગુપ્તચરો ચાલ્યા જાય છે. ]

બકુલા : ( ભીમદેવ સામે જોયા વગર ) અવિનયની ક્ષમા માગું છું, મહારાજ ! મેં ન ઓળખ્યા આપને...ગુર્જર ભૂમિને છિન્ન-ભિન્ન કરવા માગતા ગુપ્તચરોની પ્રવૃત્તિ હું પરખી ગઈ હતી અને માતા દ્વારા મેં રાજદ્વારમાં જાહેર પણ કરી હતી... પરંતુ મને જરા ય ભાસ ન થયો કે આપ જાતે પધારશો... અને આ રંક ઘર પાવન કરશો.

ભીમદેવ : જો ને બકુલા ! ઝૂંપડીથી માંડી રાજમહેલ સુધી જેનો દેહ અને આત્મા ફરે નહિ એને રાજવીપદ ઘટે જ નહિ...એ તો ઠીક. પણ આભારદર્શક ભેટ હું મોકલું છું...સ્વીકારી લેજે, જો તને હરકત ન હોય તો.

[ ભીમદેવ ક્ષણભર બકુલા સામે જોઈ જાય છે. ]

બકુલા : ( સ્વગત ) હરકત ? મને ? ભેટની ?...મારા રાજવી–ગુર્જર

દેશના રાજવી જે ભેટ મોકલે એ ભેટ કેમ ન સ્વીકારું ?... મને એમાં હરકત શાની હોય ?...મેં નિહાળ્યા હતા એ રાજવીને... ક્યારે ?... હાથીને હોદ્દે...ઘોડે બેઠેલા... અને પાલખીમાં. પણ આજ કેમ ઓળખાયા નહિ ?...આજ તો પાસેથી બહુ નાના અને રૂપાળા લાગ્યા...હું......

[ નિશ્વાસ નાખે છે. ]

નર્તકીનું જીવન એટલે ?...કાં તો એણે વિરાગણ બનવું... અગર લજ્જાહીન કુલટા...રસવિધાનની મૂર્તિ બનવું...અને રસને જીવનમાંથી નીચોવી નાખવો...

[ શ્વાસભરી ઠોકરાતી માતા આવે છે. ]

હાં હાં, મા ! ઠોકર કેમ ખાય છે ? આટલી ઉતાવળ શાની ? શું થયું ?

માતા : ભાગ્ય ભળી ગયાં, દીકરી ! તારાં અને મારાં.

બકુલા : થયું શું, મા ?

માતા : જો આ કટાર અને ઉપરણું, મહારાજે મોકલ્યાં છે...તારે માટે...ભેટમાં.

બકુલા : એમ ? આટલી જ ભેટ ?...ગુર્જર રાજવીની ઉદારતા પરદેશમાં ગવાશે ત્યારે ?

માતા : શું તું યે, મૂર્ખ ?...સમજતી નથી હજી કે મહારાજે કટાર અને ઉપરણું મોકલી તને મહારાણીપદનું તો આમંત્રણ આપ્યું છે !

બકુલા : મા !

[ માતાને વળગી પડે છે...છૂટી થતાં કટાર અને ઉપરણું બકુલાને માતા આપે છે. સહજ નિશ્વાસ નાખે છે. ]

બકુલા : મા ! તને એ ન ગમ્યું શું ? તને ન ગમે એ મારે કરવું જ નથી...પાછું મોકલાવું ?

માતા : મને ન ગમે એમ હોય ?...મારી દીકરી મહારાણી બને એ ?...મને ન ગમ્યું એટલું જ...જે મહારાણીપદ કાલ પ્રભાતે મળી શકત તે દૂર...લાંબે...ગયું.

બકુલા : એમ કેમ ?...શાથી ?

માતા : પ્રભાત થતાં તો મહારાજ ગુજરાતનું સૈન્ય લઈ માળવા ઉપર ચઢ્યા હશે.

બકુલા : ભલે. એ આવશે ત્યાં સુધી હું રાહ જોઈશ.

માતા : સમય સાથે રાજજીવનમાં ઘણું ઘણું ભુલાઈ જાય છે.

બકુલા : કટાર અને ઉપરણું તેમને યાદ અપાવતી રહીશ હું.

[ ગંભીર મુખ કરી માતા જાય છે...બકુલા કટાર નિહાળે છે...ઉપરણું માથે રાખી આયનામાં નિહાળે છે અને નિહાળતાં ગાય છે. ]

**તાલ તાન સ્વર અધર લલિત**
**મધુમધુરી વેણુ વાગે;**
**જમુના જલ, વળી ગગનગંગ,**
**શશિ શતશત તારક જાગે...કા’ને...**

**( પડદો પડે છે )**

# અંક બીજો

[ભીમદેવની છાવણી. સામે ધારાનગરીનો દરવાજા-વાળો કિલ્લો. ઘંટ વાગે છે. સૈનિકોના સાવધાનીના હોકારા સંભળાય છે; શસ્ત્રોના ખખડાટ પણ સંભળાય છે. પાછલી રાત્રિનો સમય છે. ભીમદેવ અને સેનાપતિ પ્રવેશ કરે છે.]

ભીમદેવ : ગુજરાત છોડચે આજ કેટલાં વર્ષ થયાં એ હું ગણી રહ્યો છું.

સેનાપતિ : મહારાજ! હું પણ એ જ ગણતરી કરી રહ્યો છું.

ભીમદેવ : અને હજી આ ધારાનગરીનો કિલ્લો લેતાં કેટલાં વર્ષ થશે એ સમજાતું નથી.

સેનાપતિ : ભોજરાજની રાજસભામાં હજી તો કવિઓ નિત્ય નવા શ્લોક રચે છે, વિદ્વાનો શાસ્ત્રાર્થ કરે છે, અને સંગીત-નૃત્યના મેળાવડા થયા કરે છે...ચારે પાસ યુદ્ધ જામ્યું છે છતાં.

ભીમદેવ : આવતી સવારે તો આપણે ભયંકર હલ્લો કરીએ છીએ, અને આજ પહેલી રાતે તો પેલા રણબૂરજ ઉપર સુંદર ગીત-નૃત્ય થયું સાંભળ્યું...અને કોણ જાણે કેમ...મેં છુપાઈને સાંભળેલું—જોયેલું ગીત નૃત્ય યાદ આવ્યું...અજબ નર્તકી છે એ બકુલા...ગુપ્તચરોને બચાવી લીધા...મને પણ...ક્યાં હશે એ?

સેનાપતિ : આપે રાત્રિયુદ્ધની મના ન કરી હોત તો આપણે ક્યારનો કિલ્લો સર કરી લીધો હોત, મહારાજ!

ભીમદેવ : નહિ, નહિ. યુદ્ધ પણ મર્દાઈનાં હોય, સામી છાતીનાં

હોય...અને...અને હું નૃત્યમંદિરમાં જ શીખ્યો કે આનંદતી જનતાને ઝબે કરવામાં માણસાઈ નથી...અજાણતાં, અંધકારમાં પીઠ પાછળ ઘા કરી મારે ગુજરાતી વીરત્વને નીચું જોવરાવવું નથી.

સેનાપતિ : બરાબર, કૃપાનિધિ!...પણ...

ભીમદેવ : કેમ અટકી ગયા?

સેનાપતિ : આવી કાલના ધસારા માટે મંગાવેલું સૈન્ય એ આપણો ત્રીજો હપ્તો છે.

ભીમદેવ : ગુજરાતમાં મર્દાનગી ખૂટી પડી શું? ત્રીજાને બદલે તેરમો હપ્તો કેમ ન હોય?...તમારું સૂચન પાછા ફરવાનું તો નથી ને?...પાછો પગ હું મૂકું એ કરતાં હું અહીં દટાઈ જાઉં એ વધારે સારું!

સેનાપતિ : નહિ, મહારાજ! મારું એ સૂચન હોય જ નહિ. ઘેરાઈ છે ધારાનગરી, નહિ કે આપણે. વર્ષ તો જોતજોતામાં કાઢી નાખીશું...માત્ર હવે મને સમજાતું નથી એ કે આવડી મોટી ધારાનગરીનું પોષણ આપણા ઘેરા છતાં હજી કેમ થતું હશે?

ભીમદેવ : અને આટઆટલાં શસ્ત્રાસ્ત્રો વપરાયાં, છતાં ઘેરાયલા સૈન્યનાં શસ્ત્રો ખૂટતાં કેમ નથી?

સેનાપતિ : કોઈ ગુપ્ત માર્ગ હજી છે જ્યાંથી ભોજરાજનું સૈન્ય અને એની પ્રજા હજી પોષાયા કરે છે.

[છાવણીમાં ઘંટનાદ થાય છે અને સાવધાનની લશ્કરી સૂચના સંભળાય છે.]

ભીમદેવ : સૈન્ય સાવચેત છે, સેનાપતિ! હજી એના ઘંટનાદમાં અને સાવધાનીમાં સૂચનામાં થાક કે નિરાશા પ્રગટ્યાં નથી... હું રાજી થયો.

સેનાપતિ : થાક નહિ એવી પ્રજા સર્જાય ત્યારે જ જગતવિજયી સૈન્ય જન્મે.

ભીમદેવ : (વિચારપૂર્વક) જગતવિજયી સૈન્ય? સેનાપતિ! જગત વિજય ઝાંખો ઝાંખો પણ આંખે ચઢતો નથી. ગુર્જર ભૂમિનો કુક્કુટધ્વજ ભારતમાં ફરકે નહિ ત્યાં સુધી જગતવિજય સ્વપ્નમાં પણ ક્યાંથી આવે? હજી તો આપણે મધ્ય પ્રદેશ સુધી પણ પહોંચ્યા નથી.

સેનાપતિ : મહારાજ! ગુર્જર રાજવીઓએ કદી ભારતવિજય ઇચ્છ્યો છે કે જેથી એમને જગતવિજયનું સ્વપ્ન પણ આવે? શંકરની ભક્તિ અને પ્રજાનું સુખ એ બે સિવાય આપણે ત્યાં તૃષ્ણા જ ક્યાં છે?

ભીમદેવ : સાચું. માત્ર ગુજરાત ઉપરનું આક્રમણ અને ગુજરાતી વીરત્વની હાંસી સહન થતાં નથી, એટલું જ દર્શાવવા આપણે માળવા જીત્યું—ધારાનગર સિવાય? માળવાએ જાસૂસી કરવાને બદલે મૈત્રી માગી હોત તો...કોણ આવે આપણી બાજુએ?

[ સૈનિક વેશમાં કેદી બનેલી બકુલા અને ભીમદેવનો એક સૈનિક અંગરક્ષક ધીમે ધીમે પ્રવેશે છે. ]

સેનાપતિ : કોઈ છે ખરું. સાવધાન!

સૈનિક : સાવધાન...ગુર્જરેશ્વરનો જય.

સેનાપતિ આવો...તમને ઓળખ્યા...સાથમાં કોણ છે? કેદી છે શું?

કેદી—બકુલા : હા જી. હમણાં તો હું કેદી છું...પરંતુ હું આવું છું સર્વ કેદીઓને છોડાવવા.

ભીમદેવ : છોડાવવા? કેદીઓને?...ગુર્જર સૈનિક થાક્યો એટલે ભાગ્યો શું?

કેદી—બકુલા : ગુર્જર સૈનિક ભાગે નહિ, રણમાં પીઠ બતાવે નહિ. હું જાતે જ કેદી બની આવું છું...પૂછો મહારાજ! આપના અંગરક્ષકને.

ભીમદેવ : કારણ? જાતે કેદી બનવાનું?

કેદી–બકુલા : આપની સમક્ષ આવવાનો બીજો માર્ગ મને જડ્યો નહિ. ગુનાની અંતિમ શિક્ષા આપ જ ફરમાવો છો એટલે.

ભીમદેવ : એ શિક્ષા તો ભાગનાર સૈનિકને જ થાય. આજ સુધી એક પણ સૈનિક ભાગ્યો જાણ્યો નથી. તેં શો ગુનો કર્યો

કેદી–બકુલા : ગુર્જર સૈનિક હોવા છતાં હું એક રાત માટે દુશ્મન-દળમાં ભળી ગયો.

ભીમદેવ : ભાગવા કરતાં પણ એ ભયંકર અપરાધ? પકડાઈ ગયો હતો? કે સ્વેચ્છાથી?

કેદી–બકુલા : સ્વેચ્છાથી, મહારાજ!

ભીમદેવ : રાત્રિના ગીતનૃત્યે તને આકર્ષ્યો, શું?

કેદી–બકુલા : (સહજ ઝીણી આંખ કરી...નીચું જોઈ) કદાચ ...એમ હોય, મહારાજ!...ગીતનૃત્યમાંથી ઘણું મળે...કહે કે ગુર્જરેશ્વરનું આ યુદ્ધ એક નૃત્યદર્શન પછી શરૂ થયું.

ભીમદેવ : (જરા ચમકીને) તને કોણે કહ્યું?...શિક્ષામાંથી બચવાનો તો પ્રયત્ન નથી ને?

કેદી–બકુલા : એમ હોત તો હું ચાહીને શિક્ષા માગવા આવત નહિ. મહારાજ! શિક્ષા ફરમાવો, પછી નૃત્યમાંથી મને શું મળ્યું એ હું આપની સમક્ષ રજૂ કરું.

ભીમદેવ : હું શિક્ષા ફરમાવીશ તો તે અફર બનશે...કાંઈ મહત્ત્વની બાતમી મળી હોય તો મને કહી દે...શિક્ષા ફરમાવનાર હું ક્ષમા પણ આપી શકું છું.

કેદી–બકુલા : બાતમી તો...કોણ જાણે! પરંતુ આપને આપવાનો એક સંદેશો મને મળ્યો છે.

ભીમદેવ : સંદેશો? મારે માટે? કોનો?

કેદી–બકુલા : મહારાજ ભોજનો.

સેનાપતિ : ભોજરાજનો? માલવ મહારાજનો? તું શું બોલે છે એનું તને ભાન છે ખરું?

કેદી–બકુલા : હા જી...માલવપતિ ભોજરાજે મને સંદેશો આપ્યો છે...આપની પાસે લાવવા.

ભીમદેવ : શો છે એ સંદેશો ? લેખી કે મૌખિક ?

કેદી–બકુલા : મૌખિક છે. મહારાજ ભોજ આપને મળવા જાતે પધારે છે.

સેનાપતિ : જાતે ? ભોજરાજ ? તું ભાનમાં છે ને યુવાન ?

ભીમદેવ : ( સ્વગત ) યુવાન ?...શાનો યુવાન ? આવડો કિશોર સૈનિક મેં પહેલો જ જોયો છોકરી સરખો કુમળો—

કેદી–બકુલા : સેનાપતિજી ! હું ભાનમાં છું. કદાચ કોઈથી ન બને એ કાર્ય મેં કર્યું છે—

સેનાપતિ : શું !

કેદી–બકુલા : માલવ મહારાજને હું ગુર્જરનરેશ સમક્ષ લાવી શકું એમ છું.

[ ભીમદેવ કેદી–બકુલા તરફ એક ધ્યાન બની રહી પૂછે છે. ]

ભીમદેવ : ક્યાં છે માલવ મહારાજ ? કયી શરતે અહીં આવે છે ?

કેદી–બકુલા : એક જ શર્ત. પ્રભાત થતાં જ ધારાનગરીના કિલ્લા ઉપર શાંતિધ્વજ ફરકશે...

સેનાપતિ : અરે હા. શાંતિધ્વજ કિલ્લા ઉપર ફરકી રહ્યો જ છે.

[ ધ્વજ ઉપર પ્રકાશ પડે છે...પક્ષીઓનો આછો ચીંચીંકાર સંભળાય છે. પ્રભાત પણ થયું ]

કેદી–બકુલા : થોડી ક્ષણની પણ શાંતિ સ્થાપી બંને રાજવીઓ મળે એમ આપ ઇચ્છતા હો તો...તો આપ પણ આપણો શાંતિધ્વજ ફરકાવો...

સેનાપતિ : પછી ?

કેદી–બકુલા : પછી તત્કાલ ભોજરાજ પધારશે...દરવાજે સામે જ છે...એક જ અંગરક્ષક સાથે...ગુર્જરનરેશને એ જાતે જ

સંદેશો આપશે...એ સંદેશામાં સંધિ અને શાંતિનો સંભવ છે...

સેનાપતિ : તેમ ન થાય તો ?

કેદી–અકુલા : ભોજરાજ પાછા જાય...નગરદ્વાર બંધ કરે...અને પૂર્વવત્ યુદ્ધસ્થિતિ ચાલુ થાય.

સેનાપતિ : એમાં કાંઈ દગો રમાય તો ?

ભીમદેવ : દગાથી આપણે ન ડરીએ...વળી ભોજરાજ એકલા આવવાનું જોખમ ખેડે છે. ફરકાવો શાંતિધ્વજ...

[ સેનાપતિ શાંતિધ્વજ ફરકાવે છે. ]

અરે, દરવાજો ખૂલ્યો પણ ખરો.

[ દરવાજો ખૂલે છે અને એક અંગરક્ષક સાથે ભોજરાજ બહાર નીકળે છે. ]

કેદી–અકુલા : એ જ...પધારે છે એ જ માલવપતિ ભોજરાજ.

સેનાપતિ : જય સોમનાથ...ગુર્જર સૈન્યનાં માલવ મહારાજને નમન

[તલવાર કાઢી માલવરાજનું સન્માન કરે છે. ]

ભોજરાજ : જય મહાકાલ...હું પણ જય સોમનાથ પોકારું છું. ગુર્જર નરેશ ! આપ અત્યારે માલવભૂમિ ઉપર ઊભા છો... મારા મહેમાન છો. આ શાંતિની ક્ષણોમાં હું આપનો સત્કાર કરું છું, સમગ્ર સૈન્ય સાથે.

[ બંને રાજવીઓ ભેટે છે અને છૂટા પડે છે. ]

ભીમદેવ : આભાર, માલવ નરેશ ! આપની ઉદારતા વિશ્વવિખ્યાત છે...કહો રાજન ? એવો શો સંદેશો છે જે આપવા આપ જાતે પધાર્યા ?

ભોજરાજ : વર્ષો સુધી આપણે ખાંડાં ખેલ્યાં, રાજન ! પરસ્પર વીરત્વનો પરિચય પણ કર્યો. ગુર્જર શસ્ત્ર બુઠ્ઠાં છે એવી મશ્કરી આપે જરૂર ખોટી પાડી. હવે મારો એક પ્રશ્ન છે.

ભીમદેવ : કહો એ પ્રશ્ન, વડીલ ?

ભોજરાજ : આપ શું માગો છો હવે ? માળવાની મૈત્રી કે માળવાનો વિજય ?

ભીમદેવ : ( સહજ સંકોચપૂર્વક )...હું...વિજય માગું તો ?

ભોજરાજ : તો...હું આવ્યો એમ પાછો ચાલ્યો જઈશ...દરવાજા બંધ કરીશ...અને ચાલે છે એમ યુદ્ધ ચલાવ્યે રાખીશ...

ભીમદેવ : પાટનગરને દરવાજે તો હું ઊભો છું ને ?

ભોજરાજ : પણ એ દરવાજો હજી બાર વર્ષ સુધી ખૂલે એમ નથી. બીજાં બાર વર્ષ યુદ્ધને લંબાવવાની આપની ઇચ્છા હોય તો...ભલે. વિજય એથી વહેલો તો નહિ જ મળે.

કેદી–બકુલા : અને હજારો ગુર્જરો અને માળવીઓ મરશે એ વધારામાં.

ભોજરાજ : સૈનિકોને ન મારવા હોય તો...હું એક બીજો ઇલાજ સૂચવું.

ભીમદેવ : શો ?

ભોજરાજ : ગુર્જર સૈન્યનો શ્રેષ્ઠ સુભટ અને માલવી સૈન્યનો શ્રેષ્ઠ સુભટ બન્ને દ્વંદ્વયુદ્ધમાં ઊતરે...જે જીતે તે પક્ષની જીત...

ભીમદેવ : નહિ, નહિ, મહારાજ ! જ્યાં સુધી બન્ને પક્ષના રાજવીઓને સૈન્યમોખરે રહેતાં આવડતું હોય ત્યાં સુધી પોતાના સિવાય બીજા કયા સુભટની એ પસંદગી કરવા દે ?

ભોજરાજ : બહુ સાચું...આવ્યો છું તો મિત્ર બનવા. પણ...દ્વંદ્વયુદ્ધ રમતાં પરમાર રાજવીને નહિ આવડે એમ ન માનશો.

[ ભીમદેવ ભોજરાજ તરફ સહજ જોઈ રહે છે. એના ગૌરવની છાપ ભીમદેવ ઉપર પડે છે. ]

ભીમદેવ : અને...જીવતાં સુધી ચાલે એટલા ઘાવ પરસ્પરને કરીએ, ખરું ?

[ સહજ નકાર સૂચક ડોકું હલાવે છે. ]

ભોજરાજ : ( સહજ હસીને ) બેમાંથી કોઈ જીવતું રહે તો !

કેદી–બકુલા : અને છતાં એ નિરાકરણ કેટલું ચાલે એ ઈશ્વર પણ ન જાણે, મહારાજ !

ભીમદેવ : એ પણ સાચું. એકે નિરાકરણ વંશપરંપરા ચાલ્યું નથી.

ભોજરાજ : તો કહો, ગુર્જરેશ ! મૈત્રી લેશો કે વિજય ? આપ માળવાની મૈત્રી લો એ સંદેશ આપવા હું જાતે આવ્યો છું.

ભીમદેવ : મહારાજ ! મને મૈત્રામાં મળશે શું ?

ભોજરાજ : હું આપને પૂછું : વિજયમાં આપને શું મળશે ?

ભીમદેવ : વિશાળ માલવ પ્રદેશ.

ભોજરાજ : ખાતરી છે કે વિજયમાં પણ માલવ પ્રદેશ આપને સાચેસાચ મળશે ?

ભીમદેવ : એમાં બીજી શંકા હોઈ શકે ખરી ?

ભોજરાજ : વિજયમાં...કદાચ હાથ લાગે તો ય તે માળવાનું શબ ! જીવંત માળવા નહિ જ...અને મૈત્રીમાં તમને માળવાનું જીવતું જાગતું હૃદય મળશે. ગુર્જરાધીશ ! પગ તળે ઠોકરાતું માળવાનું શબ લેવું હોય તો...ભલે, વિજયની તૈયારી સાથે રણવાદ્ય વગડાવો. માળવાનું ધબકતું હૃદય લેવું હોય તો લંબાવો આપનો હાથ અને એ મૂકી દો મારા હાથમાં... માળવા અને ગુજરાત જીવતાં રહેશે અને મિત્ર બની જશે.

ભીમદેવ : હું પણ ઇચ્છી રહ્યો છું કે આપ સરખા...

ભોજરાજ : તો વાર શાની ?

ભીમદેવ : એક વસ્તુ મને ખૂંચે છે. જે લક્ષ રાખી મેં વર્ષોનાં વર્ષ આકાશ નીચે યુદ્ધમાં ગાળ્યાં, એ લક્ષ અસિદ્ધ બનશે અને ગુર્જર ભૂમિ મને હસશે.

કેદી–બકુલા : નહિ હસે ગુર્જરભૂમિ આપને, મહારાજ ! ભારતે આપનું વીરત્વ નિહાળ્યું. હવે હાથ લંબાવો અને ભોજરાજની મૈત્રી સ્વીકારી લો. દુશ્મનદળમાં મારો પ્રવેશ પણ એટલા જ માટે હતો કે માળવા અને ગુજરાત વચ્ચેનું યુદ્ધ હવે અટકી

જાય...ભોજરાજ પડોશી છે, સજ્જન છે, સંસ્કારી છે...અને વડીલ પણ છે.

ભીમદેવ : તને શા માટે આવો આગ્રહ છે? કાંઈ કારણ?

કેદી–બકુલા : મહારાજ! આપને હું તો શું કહી શકું?...પરંતુ પશ્ચિમમાંથી ભયંકર જ્વાળામુખી ભારત ઉપર ધસી આવે છે...ગાંધાર ગયું; પાંચાલ જાય છે...કાશ્મીરનું જે થાય તે ખરું...કનોજ ઉપર જ્વાલા વધી રહી છે. એ જ્વાળામુખીને સરસ્વતી તીરે, ક્ષિપ્રા તીરે આવકારવી હોય તો માળવા અને ગુજરાત વચ્ચે યુદ્ધ ભલે ચાલે...જ્વાળામુખીને અટકાવવો હોય તો, મહારાજ! માળવાને મિત્ર બનાવી લો. ભોજરાજને મારી દલીલ ગમી માટે એઓ અહીં પધાર્યા છે. આવી તક ફરી નહિ મળે.

ભીમદેવ : પરંતુ માળવાને ચક્રવર્તી બનવું છે...માટે માળવાની જાળ ચારે પાસ ફેલાઈ ગઈ છે...એ જાળ તોડવા હું અહીં ધસી આવ્યો છું.

ભોજરાજ : એ જાળ તૂટી ગઈ તમારા આ કેદી સૈનિકને સાંભળીને...અને તે પહેલાં પણ...તમારા સૈન્યની દક્ષતા નિહાળીને...ગુર્જર નરેશ! એક વાત હતી ખરી એ કલ્પના કે હું ચક્રવર્તી થાઉં. પરંતુ આ તમારા કિશોર સૈનિકે આપેલી માહિતી મને કહે છે કે ભારતમાં ચક્રવર્તીપદ કોઈનું પણ ન હો...હશે કે થશે તો ભારત બહારનો કોઈ ઝંઝાવાત એ પદને લુપ્ત કરી દેશે...રાજા નહિ...પણ જે તે પ્રદેશની પ્રજાને જ પોતપોતાના પ્રદેશનું ચક્રવર્તીપદ સોંપી દો. નહિ તો સહુનાં ચક્ર ચાલ્યાં જશે.

ભીમદેવ : આ મારો મૈત્રીભર્યો હાથ, ભોજરાજ!

[ભીમદેવ પોતાનો હાથ લંબાવે છે જે ભોજરાજ પકડી લે છે.]

ભોજરાજ : લાવો, ગુર્જરનરેશ !...હાં, બસ એમ. મિત્ર ! હવે જ્યાં સુધી તમે માળવાની ભૂમિ ઉપર ઊભા છો ત્યાં સુધી તમે મારા મહેમાન છો...હું હવે આપને ઘટતા આતિથ્યની તૈયારી કરું...અને સૈન્ય સહ હું આપનો મારા નગરમાં પ્રવેશ કરાવું...જોકે દ્વાર તો ખુલ્લાં જ છે.

[ બંને રાજવી ભેટે છે અને ભોજ નગરદ્વારમાં ચાલ્યા જાય છે. ]

કેદી–બકુલા : મહારાજ ! હું હજી બંધનમાં છું...શિક્ષાની રાહ જોઉં છું.

ભીમદેવ : તું છુટ્ટો છે, સૈનિક ! હવે તું કેદી નથી. તારું સાહસ બક્ષિસપાત્ર છે.

[ કેદી–બકુલાનાં આછાં બંધન છૂટે છે. ]

કેદી–બકુલા : જેવી મહારાજની આજ્ઞા...હું આભારી છું.

[ નમન કરી જવા માંડે છે. ]

ભીમદેવ : જરા થોભ સૈનિક !...મેં તને કદી જોયો છે ખરો ?... ક્યાં જોયો હશે ?...તારા સરખું મુખ...

[ સહજ વિચારમાં પડે છે. ]

કેદી–બકુલા : રાજન ! આપની દૃષ્ટિ તો...ઝૂંપડીથી રાજ્યમહેલ સુધી ફરી વળે...એવી કોઈ વ્યાપક દૃષ્ટિઝપટમાં હું આવી પણ જાઉં...કૃપાનાથ ! સ્વતંત્ર બનીને હું મારે શિબિરે જાઉં છું

[ ઝડપથી જાય છે. ]

ભીમદેવ : ક્યાં જોયો હશે આ ચહેરો ? શું કહ્યું એણે ?...ઝૂંપડીથી રાજમહેલ સુધીની વ્યાપક દૃષ્ટિ ?...એ મારું જ વાક્ય. હું ક્યાં બોલ્યો હોઈશ. ?

સેનાપતિ : મહારાજ ! સૈનિક હતો ઘણો નાનો...સંધિ થઈએ જ સારું થયું...પશ્ચિમમાંથી ગર્જનાધિપતિ સુરત્રાણનો મેઘનાદ સંભળાયા જ કરે છે...કદાચ ગુજરાત ઉપર એ ન ઊતરી આવે.

[ છાવણીમાં ઘંટ વાગે છે...સાવધાનના હોકારા સંભળાય છે. ]

યુદ્ધબંધીની ખબર આપું, મહારાજ !

[ ભીમદેવને કાને બકુલાના નૃત્યગૃહમાં સાંભળેલા ગીતનાં પડઘા પડે છે અને તે સાથે ઘંટનાદ વચ્ચે જ ગીત સહ પડદો પડે છે......ભીમદેવ ભણકારને સાંભળી રહ્યો છે. ]

**હાથતાળી, ઘમ્મર ઘુમરીમાં રાસની રમઝટ જાગી,**
**ગોપી કહાન બની તદ્‌રૂપા બ્રહ્મલગન રહી લાગી—**
**કાં'ને વેરણુ વેણુ વગાડી.**

## અંક ત્રીજો

[ શિવમંદિરના ઘંટ સરખો ઘંટનાદ થાય છે. તે સાથે જ દશ્ય ખૂલે છે. શિવમંદિરનો સભામંડપ દેખાય છે. અનેક સ્ત્રી-પુરુષો પોતપોતાને સ્થાને બેઠાં છે. રાજાની ગાદી ખાલી છે. હરહર મહાદેવ, જય સોમનાથ, એવા ધ્વનિ નેપથ્યેથી સંભળાય છે. વીણા ઝાંઝર વાગે છે. બકુલા અને તેની માતા શંકરનાં દર્શન કરી પોતાને સ્થાને આવી બેસે છે...લોકોમાં આછી આછી વાત થતી સંભળાય છે. ]

૧ ગૃહસ્થ : એ જ બકુલા.

૨ ગૃહસ્થ : વિખ્યાત નર્તકી...જેની માગ દેશપરદેશમાં થઈ રહી છે. શી એની માહિતી !

૩ ગૃહસ્થ : અરે, એને ખરીદવા, ચોરવા, ઉઠાવી જવા વર્ષોથી પ્રયત્નો થઈ રહ્યા છે. શું એનું ચાતુર્ય ! ગુજરાતવિરોધીઓને તો એ ખુલ્લા જ પાડી નિષ્ફળ, બનાવે છે.

૧ ગૃહસ્થ : માળવાની જાસૂસજાળ, કહે છે એણે જ ખુલ્લી પાડી.

૨ ગૃહસ્થ : પણ માળવા જિતાયું તો નહિ જ ને...અંતે ?...કહે છે, સંધિ કરાવનાર પણ એ જ બકુલા. છાનીછપની વાત એવી થાય છે.

૩ ગૃહસ્થ : જે થયું પરંતુ માળવાની તાબેદારીનો ભય તો સમૂળ ગયો ને ? પરંપરાના દુશ્મન આજ મિત્ર બની બેઠા એ ઓછું છે ?...જરા શાંતિ થાય તો પ્રજાને...મહારાજ પધારતા લાગે છે.

[ 'મહાધિરાજનો જય!' એવી છડી પોકારાય છે. ધીમે પગલે સહુનાં નમન ઝીલતા ભીમદેવ પધારે છે, ગાદીએ વિરાજે છે અને સભા ઉપર દૃષ્ટિ ફેરવે છે. માતા અને બકુલા ભીમદેવને નમન કરી આગળ આવે છે. ]

માતા : રાજરાજેશ્વર! બકુલા આપની આજ્ઞાનુસાર પ્રથમ રાજ્ય-નૃત્ય આદરે છે. મારી હવે નિવૃત્તિ. શીખવાય એટલું શીખવ્યું ...એનો પ્રજાની કે રાજમહાલયની કલાસમૃદ્ધિ વધારવામાં જે ફાળો લેવાય તે લેવા મારી પ્રાર્થના છે. આજ્ઞા હોય એ નૃત્ય આપની અને શિવની સમક્ષ બકુલા ભજવી બતાવે.

ભીમદેવ : સોલંકીઓની શરૂઆત અને અંત ભગવાન શંકરના સ્મરણમાં જ હોય. બકુલા! શિવસન્મુખ તારું નૃત્ય થાય છે ...તારી નૃત્યપ્રતિષ્ઠા ભારતવ્યાપક બની છે. પ્રથમ શિવને પ્રત્યક્ષ કરાવ તારા નૃત્યમાં.

બકુલા : (નમન કરી) જી મહારાજ! ગુર્જરાધીશ માળવા સામે રણે ચડ્યા ત્યારે ઝરૂખામાં બેઠાં બેઠાં મેં ઝાંખી કરી હતી; અને એમનામાં જ સાક્ષાત્ શિવનું દર્શન થયું...અને એમાંથી જ મેં ઉપજાવેલું શિવદર્શન...આ રહ્યું.

[ મૃદંગ અને અન્ય વાદ્યો વાગે છે, બકુલા નર્તનની તૈયારી કરે છે. પ્રથમ શિવવર્ણનનો બોલ સહુને સંભળાવે છે. ]

**ગંગ છલકંત જટાજૂટ મહીં, બીજચંદ્ર ચમકંત લકીરે,**
**ઘોર ભયંકર દામિની શી રસના ચમકાવત ભુજંગ વલયે;**
**વિશ્વ વિલોપન નયન ખુલે, કરી લેપન ભસ્મ સ્ફટિક શરીરે;**
**મહા રૂદ્ર ધરી રુંડ માલ પદ ઠેકત ધગધગ તાંડવ પ્રલયે.**

[ શબ્દોચ્ચાર પછી બકુલા નૃત્યઅભિનયમાં શંકરની આકૃતિ શબ્દાર્થ પ્રમાણે રચે છે. આખી સભા

મુગ્ધ બની ગઈ છે. ભીમદેવ નૃત્ય નિહાળી રહ્યો છે. આટલું નૃત્ય પૂર્ણ થતાં આગળ શબ્દોચ્ચાર કરે છે. ]

હલકત હસ્ત, પદાવલી ઉદ્ધત, અંગુલી તેજલ અગ્નિશિખા
ડાક ડમરૂ અરૂ તાલ શિંગી, ભડ ભૈરવ નંદી બટુક ધબકચા;
શેષ ચળ્યો, નભ સ્વર્ગ હીલે, પૃથિવીપડ ડોલી ઊઠચાં ચમકી,
શિવ નૃત્ય કરે, ધધકાર અહો, મહાજીવન મૃત્યુની જાગી ઝડી.

[ એ જ શબ્દોચ્ચાર સૂચક નૃત્ય બકુલા કરે છે, અને સભા છક્ક બની રહે છે. નૃત્ય સહજ અટકે છે. ]

૧ ગૃહસ્થ : વાહ...અદ્દ્ભુત !

૨ ગૃહસ્થ : એની માતાથી સવાયું સુંદર નૃત્ય, નહિ ?

૧ પંડિત : ભારતભરમાં આ નૃત્યનો જોટો નથી.

૨ પંડિત : બકુલા મહા ચતુર શાસ્ત્રાભ્યાસની છે. કાવ્યશાસ્ત્ર મેં એને શીખવેલું.

૧ સન્નારી : બકુલાનું પહેલું જ રાજ્યનૃત્ય...આપણી રાજ્યરૂઢિ પણ કેવી સારી...પ્રભુને અર્પણ થયા પછી જ રાજભોગ.

૨ સન્નારી : મારી તો આંખ પણ પલક પાડતી ન હતી. કેવી ગૌરી સરખી દીપે છે બકુલા !...નૃત્ય ન હોય તો જીવન સૂકું રણ બની જાય, નહિ ?

બકુલા : મહારાજ ! આજ્ઞા.

ભીમદેવ : બકુલા ! એકલા શિવ ન શોભે...જોકે શિવને તેં પ્રત્યક્ષ અહીં ઉતાર્યા...પાર્વતીનું પણ આહ્વાન કર...વાહ... અજોડ નૃત્ય.

બકુલા : ગુર્જરેશ્વરની જેવી આજ્ઞા...આ રહ્યાં પાર્વતી.

[ પાર્વતીનાં લાસ્યનો તોડો બોલે છે. ]

મોહક મયંક મુખ, અધર અરુણ ધરી.
સ્મિતભર્યા ભમ્મરની શામ રેખ શોભતી;
વિદ્યુતલતા લલિત, કટીમેખલા ચલિત,
સ્ખલિત અંગુલી હસ્ત, અંગઅંગ લોભતી.

મંદ મંદ ચરણમાં છંદ છંદ ગાજી રહે,
બાજત કો બીનતાર મૂર્છના સુસોહિની;
તાંડવને સ્થિર કરી, ભાલનેત્ર બંધ કરી,
શંકર નિહાળે કોણ લાસ્ય મસ્ત મોહિની.

[ તોડા પ્રમાણે શબ્દાર્થ સૂચક નૃત્ય બકુલા કરી રહી છે અને પાર્વતીની આકૃતિને અભિનય દ્વારા પ્રગટ કરી રહી છે. વાદ્યો વાગી રહ્યાં છે અને સહુને ચમકાવી રહેલું નૃત્ય બંધ થાય છે. ]

ભીમદેવ : બકુલા ! આવું દેવદેવીને પ્રત્યક્ષ કરતું નૃત્ય મેં કદી જોયું નથી. માગી લે જે બક્ષિસ જોઈએ તે; હું પ્રસન્ન છું. વિક્રમનો...કહો કે ભોજનો સંસ્કારપ્રદેશ મારે ગુજરાતમાં સર્જવો છે. માગી લે; વાર ન કરીશ.

બકુલા : ગુર્જરેશ્વરની કૃપા કલાધરી ઉપર છે જ બીજું શું માગું ? એટલું જ એ કૃપા નિત્ય રહો.

ભીમદેવ : એમ નહિ, બકુલા ! નૃત્યે મારા હૃદયને ઉદારતામાં ગાળી નાખ્યું છે...મન શંકર સરખું વરદાયી બન્યું છે. મારે જોવું છે કે ગજરાતનો રાજવી માગી વસ્તુ આપી શકે છે કે કેમ ? ફાવે તે...પણ નિશ્ચિત વસ્તુ માગ.

બકુલા : મહારાજ ! વર આપો છો...તો માગી લઉં...મારી વહાલામાં વહાલી, મારા જીવ સાટે સંભાળેલી બે વસ્તુઓ મને આપના ચરણમાં મૂકવા દો, રાજ્યનૃત્યની આ પહેલામાં પહેલી આટલી જ મારી માગ.

ભીમદેવ : અદ્‌ભુત છો તું, બકુલા! ભેટ આપવાને બદલે લેવાની સ્થિતિમાં તેં મને મૂકી દીધો...ભલે, મારું વચન છે. જીવ સાટે સંભાળેલી એ કઈ ભેટ તારે મને આપવી છે? એ હશે તો કોઈ ભવ્ય. અરે, અરે...

[ બકુલા ઉપરણું અને કટાર બહાર કાઢી ભીમદેવના પગ પાસે મૂકવા જાય છે. ]

અરે! આ તો......

બકુલા : મહારાજ! ચમકાવે એવી અમારી અર્પણવસ્તુઓ છે ખરી......

[ ઉપરણું પગ પાસે મૂકતાં ]

એક આ ઉપરણું...હજી ઓઢવું બાકી છે.

[ કટાર પગ પાસે મૂકતાં ]

અને બીજી આ! કટાર, ઉપરણું ઓઢીશ ત્યારે કમરે ખોસીશ... રાજસ્પર્શથી પવિત્ર બનેલી બન્ને વસ્તુઓ...કટાર ઉપર તો ગુર્જરેશ્વરનું નામાભિધાન છે.

ભીમદેવ : બકુલા! બહુ જૂની આ વાત. નહિ?

બકુલા : ના જી! મારે મન નિત્યનવી.

ભીમદેવ : ગુપ્તચરના ખંજરથી તેં મને બચાવ્યો એ હું ભૂલ્યો નથી...વર્ષો થવા છતાં.

બકુલા : હું કોણ મહારાજનો જીવ બચાવનાર? મહારાજના... ગુર્જરેશ્વરના જીવન ઉપર અનેક બકુલાઓનાં જીવન ન્યોચ્છાવર હો...ઝૂંપડીથી મહાલય સુધીનાં સજીવનનો સરવાળો એ મહારાજનું જીવન.

ભીમદેવ : બકુલા! વર્ષો વીત્યાં એ પ્રસંગને, નહિ? એટલો સમય... તેં કેમ વીતવા દીધો? શું કરતી હતી તું?...

બકુલા : મહારાજના સ્મરણમાં અને દર્શનમાં...હું જીવન વિતાવતી

હતી...મહારાજને એ પ્રસંગ બહુ જૂનો થયો લાગે તો... બાર બારાક્ષરી જેટલાં વર્ષો હજી હું મહારાજના સ્મરણમાં વિતાવી શકું એમ છું...આજે જ પ્રત્યક્ષ યાદ આપવાનો યોગ મળ્યો એટલે ધ્યાન દોર્યું...નહિ તો...

ભીમદેવ : આટલાં વર્ષો તું હતી ક્યાં, બકુલા ?...પાટણમાં ?

બકુલા : હું સતત રણભૂમિ ઉપર હતી. આપનો પડછાયો બની રહી હતી...અને છતાં ગુજરાતની ઉત્તર પશ્ચિમે સદાય આંખ પરોવી રહી હતી...

ભીમદેવ : એટલે ?...ભોજ સાથે સંધિ કરાવનાર સૈનિક તે તું જ હતી શું ?

બકુલા : જી મહારાજ ! અપરાધ તો ભારે કર્યો હતો. પરંતુ ભારતની પશ્ચિમ સરહદ ઉપર ઘેરાઈ રહેલાં વાદલાં હજી ઘેરાં બનતાં જ જાય છે...એ પ્રસંગે ભોજ અને ભીમથી યુદ્ધ ન જ લંબાવાય...યુદ્ધ લંબાવવા દેનાર પણ પણ ભારતનો અપરાધી બને. એટલે જ, હાથે કરી, પરમાર સૈન્યની કેદી બની...પ્રગટ થઈ...મારા નૃત્યથી એકલા પ્રિય રાજવીને રીઝવી, ગુર્જરેશ્વર સામે બોલાવી મૈત્રી મંગાવનાર તે હું જ, બકુલા. આજથી આપની રાજનર્તકી...

ભીમદેવ : આ ક્ષણથી બકુલા રાજનર્તકી મટી ગુર્જરેશ્વરની મહારાણી બને છે...ઉપરણું અને કટારની ભેટ એક સુપાત્ર સન્નારીને આપી હતી...એની પાછળના વચનને હું આજ...બહુ મોડા પણ પાળી ધન્ય બનું છું...આવ, બકુલા ! શંકર-પાર્વતીનાં દર્શન સાથે કરીએ...

[ ભીમદેવ ઊભો થઈ બકુલા પાસે જાય છે. ]

બકુલા : અને શંકર-પાર્વતી બની સંપૂર્ણ નટરાજ બનીએ...આપના ચરણમાં એક ગીત મૂકી...અર્ધનારી અને અર્ધનટ...

[ ગીત અને આછું નૃત્ય ]

આજ શિવ શંકરી એકરૂપ બની રહે.
એક હસ્તે રચે તાંડવો ધમ ભર,
દ્વિતીય કમનીય કર લાસ્ય મુદ્રા;
એક સ્કંધે ભયંકર ભુજંગી વલય,
દ્વિતીય વનપુષ્પની માલ આદ્રા–ક...આજ૦

કાલ મહાકાલ પ્રલયંકરા ધૂર્જટિ
પાર્વતી સૌમ્ય શરીરે સમાયા;
શંકરી સ્પર્શમાં ધૂર્જટિના ધતૂરટિ
કમલ કમનીય, કુસુમે ઝિલાયા...આજ૦

[ બે પ્રકાશમાં દૃશ્ય વિલાય છે. એક પ્રકાશ ભીમ-દેવ અને બકુલા ઉપર કેન્દ્રિત થાય છે; બીજો પ્રકાશ અર્ધનારી નટેશ્વરની મૂર્તિ જ કે છબી ઉપર કેન્દ્રિત થાય છે. ]

# માનવ ચિરાગ

## વસ્તુ

એ વાતને ચાર સદીઓ વીતી ગઈ. ભારતમાં મોગલાઈ સ્થાપનાર મહાન ઘોડેસ્વાર બાબર : ચંગીસ અને તૈમુરનો વંશજ. બાબરે સ્થાપેલી મોગલાઈએ હિંદુમુસ્લિમ ઐકય નિહાળ્યાં. એ ઐકયમાંથી આબાદી ઉપજાવી; ચિત્ર, સ્થાપત્ય, સંગીતની ભવ્ય અને મોહક પ્રણાલિકા સ્થાપી અને ભારતનું મુખ જગતભરમાં ઊજળું કર્યું. માનવતા અગર ઇન્સાનિયત વગર મહત્તા કદી ન આવે. એ કઈ માનવતા હતી કે જે વડે મોગલાઈનો માનવ ચિરાગ ત્રણસો વર્ષ જલતો રહ્યો ?

## સ્થળ

બાબરના મહેલનો એક ખંડ. મુસ્લિમ રાજશાહી ઢબની બેઠકો—થોડાં પુસ્તકો—કલમ-ખડિયો—રોજનીશી—સુરાહી...વગેરે

## પાત્રો

| | | |
|---|---|---|
| બાબર | વજીર–૧ | સાધુ |
| બેગમ | વજીર–૨ | વૈદ્ય |
| હુમાયુ | | નોકર |

## દશ્ય

[ પડદો ઊઘડે છે. નોકર આવી સાફસૂફી કરે છે. કાર્યને અનુરૂપ શબ્દ બોલે છે. ]

નોકર : મોગલોનો ચિરાગ જલાવનાર બાબર અત્યારે તો ઘોડે ચડી. ગેંદ ખેલે છે–હથિયાર સજાવટ નહિ કરતો હોય તો. છતાં એ હથિયારના ખેલાડીને બાગબગીચા અને ફુવારા ગમે છે; ગુલાબ અને કેવડાનાં પાણી તેને ગમે છે; ધૂપ, ચંદન અને અગરની સુવાસ તેને ગમે છે. એનો ખંડ એટલે જ નાનો બગીચો. આ એની રોજનીશી, કલમ અને દવાત !...બાદશાહ હરરોજ પોતાના હાથે શું લખે છે?...મગરેબની બાંગ પહેલાં તો એ આવી જશે...શી ગરમી છે આ હિંદમાં? બરફમાં ફરનાર, ગુલાબમાં સ્નાન કરનાર, ગુલ ને બુલબુલ સાથે રમનાર આ...નાલાયક દેશ? કે સતત જલતી ભઠ્ઠી?

[ પોતાનાં જ કપડાં વડે પોતાના દેહ ઉપર પવન નાખે છે. ઘોડાની ખરીઓ સંભળાય છે. બારી બહાર નજર કરે છે. ]

વખત થઈ ગયો છે. સુલતાન પધારવા જોઈએ...આ સુરાહીમાં શરબત ભરી લઉં...શરાબ તો બાદશાહે પહેલી લડાઈમાં જ છોડી દીધો...રાણા સંગ સામેની લડાઈમાં...ચીની સુરાહી... શી કારીગરી છે?...કહે છે એ ચંગીસખાનનો વારસો...બાદશાહની બહુ પ્યારી ચીજ...

[ હાથમાંથી સુરાહી પડી જાય છે. ત્રણ કટકા થાય છે. સ્તબ્ધ નોકર એકાએક બોલી ઊઠે છે. ]

સુરાહી તૂટી ! હવે ? હાથીના પગે કચરાઈ મરવાનું !...મરતાં પહેલાં મારા સંત મુરશીદના કદમે મસ્તક ઝુકાવતો આવું ?...

[ સુરાહીના કટકા લઈ જાય છે. સંગીત વાગે છે. સંગીતને સૂરે બાદશાહ પધારે છે. બે વજીરો સાથમાં છે. ]

બાબર : વજીરસાહબ ! બાદશાહ સંગીતને પગલે પગ મૂકે કે જંગને પગલે ?

૧ વજીર : નામવર ! રાજ્યકર્તાના એક પગમાંથી સંગીતના સૂર બજે, બીજા પગમાંથી તલવારનો ખણખણાટ જાગે. બન્ને જોઈએ.

બાબર : વધારે સારું શું, પ્રજા માટે ? ડગલે ડગલે સંગીત વર્ષાવતા રાજ્યકર્તાઓ માનવીને જોવા નહિ મળે શું ?......શી ગરમી છે ? ઘણી વાર એમ થાય છે કે આ ગરમીભર્યા હિંદને છોડી મારા બરફના પહાડોમાં પાછો ચાલ્યો જાઉં...

[ એક નોકર આવી પંખો નાખે છે. ]

૧ વજીર : કાશ્મીર જીતીએ તો ત્યાં રાજધાની કરી શકાય... ગરમીના દિવસોમાં...

૨ વજીર : બરાબર. પરંતુ હજી રાજસ્થાન આપણી સામે ઊભું છે...ગુજરાતનો ઘુઘવાટ હજી ચાલુ છે...અમદાવાદી સુલતાનની આંખ તો દિલ્હી ઉપર છે...દખ્ખણ તરફ તો આપણે ઇશારો સુધ્ધાં કર્યો નથી...

બાબર : ઝઘડો જરા મૌકૂફ રાખીએ...જુઓ ને વજીરસાહબ !...હું યાદ કરું છું મારી અગિયાર વર્ષની ઊંમર, જ્યારે ખુદાએ મને ગાદીનશીન બનાવ્યો...ક્યાં ? ફરઘાનમાં...બરફભર્યા ડુંગર ઉપરથી વાલીદ પડ્યા અને બહિસ્તમાં બિરાજ્યા...પછી તો... પછી તો કૉકસસના પહાડથી ગંગાજમનાના દોઆબ સુધીના કૈક મુલક સર કર્યા, કૈક મુલક ખોયા, કૈક મુલક પાછા મેળવ્યા.

ખુદાની ખૈર હશે, બાબરની લાયકી અલ્લાતાલાને મંજૂર હશે, તો એ શાહ અલ્લાતાલા બાબરને આખું હિંદ બક્ષશે...તું જા ભાઈ! પંખાની જરૂર હવે નથી.

[ પંખો નાખનાર જાય છે. ]

૨ વજીર : સાચું નામવર!...પણ દુનિયા એવી છે કે આપણે હાથ નહિ ઉગામીએ તો એ હાથ ઉગામી આપણને મારવા દોડશે.

બાબર : જરા રૈયતને આબાદ થવા દઈએ. આજ તો દિલ્હી-આગ્રાના પ્રદેશો કંગાલ બની ગયા છે. એક અબલખ ઘોડો પણ મને મળતો નથી. રૈયતની આબાદીમાં સુલતાનની આબાદી.

૧ વજીર : નાપાયેદાર જિંદગીમાં જે ભાથું ભર્યું તે આપણું...

બાબર : કોને ખબર છે, વજીરસાહબ! કે જિંદગીની નાપાયેદારી મારા મુકદ્દરમાં લખાઈ નહિ હોય?...આજ તો એમ લાગે છે કે જિંદગી બેબંદગી શરમીંદગી—અસ્ત.

૨ વજીર : આમીન! શાહી સુલતાન ઝહીરૂદ્દીન મુહમ્મદ બાબરશાહની જિંદગી તો બંદગીથી ભરેલી છે. આપના શાહજાદાઓને એ બંદગીનો જ સાચો વારસો મળવાનો છે...

બાબર : હું તો હવે એ જ વિચારી રહ્યો છું કે હું એકલો મારા આ બદનમાં જ જીવું છું એમ નહિ; મારાકુટુંબમાં, કબીલામાં, ફરજન્દોમાં, આખા વંશવેલામાં હું જીવતો છું, હું નહિ કરું તો મારો પુત્ર–પૌત્ર કરશે. હું...જ બદલાઈને મારો પુત્ર પણ બનું અને તેનો પણ પુત્ર બનું છું. નહિ? (સહજ હસે છે.) આખું હિંદ – મને મળે. હુમાયુને મળે કે એના યે પુત્રને મળે, તો ય તે સરખું જ છે ને?

૧ વજીર : વારસાઈમાં પણ જેટલી આબાદી મૂકી જવાય એટલી સારી, નામવર!

બાબર : કોણે ધાર્યું હતું કે મારા કિસ્મતમાં હિંદની બાદશાહત

હશે ? ખેર ! કહો, આપણે શી આબાદી વારસોને માટે મૂકી જઈશું ?

૧ વજીર : ખુદાવંદ ! દિલ્હી આગ્રાથી બહુ નજદીક ગોકુળ, મથુરા, વૃન્દાવન આવે છે.

બાબર : એ તો હિંદુઓનાં તીર્થસ્થાન છે, ખરું ?

૧ વજીર : હજૂર ! એ કાફરોનાં ધર્મસ્થાન......

બાબર : કુફ્ર અને ઇસ્લામ ! ( સહજ હસે છે ) યા ઇલા હો અલ્લા ! આપણે પણ ઇલાહી આદેશ ન સમજીએ ને ન પાળીએ તો આપણે પણ કાફર, નહિ ? એ ધર્મસ્થાનનું શું કામ છે આપણે ?

૨ વજીર : એ ધર્મસ્થાનો કૈક વાર તૂટચાં છતાં એ ફરીફરી ઊભાં થાય છે......

બાબર : ખુદાની એક જ મરજી હશે કે હિંદમાં મસ્જિદ અને મંદિર પાસપાસ ઊભાં રહે. નહિ તો તૂટેલાં મંદિરો ફરી ફરી કેમ ઊંચકાઈ આવે ?

૧ વજીર : હજૂર ! એ બૂતપરસ્તીનાં ધામ એટએટલી સુવર્ણમૂર્તિ-ઓ સાચવી રાખે છે કે એ હાથ કરતાં આખું હિંદ હાથ આવી જશે.

બાબર : પણ એ હાથ કેમ આવે ? શા માટે આપણે હાથ આવે ? એ શહેરનિવાસી કાફરો તો મારી રૈયત છે. રૈયતને લૂંટનાર સત્તાધીશ દોજખમાં ફેંકાય છે એમ પયગંબર સાહેબનું ફર-માન છે. હિંદુઓનાં તીર્થધામો તોડી, હિંદુઓનાં મંદિરો ભાંગી, હિંદુઓની દેવમૂર્તિઓ લૂંટી કદી હું મોગલાઈ સ્થાપું નહિ. ઇસ્લામમાં ઇન્સાનિયત તો ખરી ને ?...અચ્છા ! આ ગરમીભર્યા દેશમાં હું શરબત પીતો ચાલું...અરે ! મારી શરબત સુરાહી ક્યાં ગઈ ?...પેલો ખિદમતગાર પણ દેખાતો નથી !

[ જરા હસે છે. ]

૧ વજીર : હજૂર ! એને શોધી મંગાવું અને...આ રહ્યો ખિદમત-
ગાર...થરથરથતો

[ નોકર હાથમાં સુરાહીના ત્રણ કટકા લઈ આવે
છે, અને બાદશાહને પગે પડે છે. ]

બાબર : કમબખ્ત ! આ શું કર્યું તેં ? આ મોંઘામાં મોંઘી સુરાહી
તોડી તો હવે તારી ગરદન—

નોકર : બંદેનવાજ ! મારી ભારે ગલતી થઈ !

૨ વજીર : ગલતી કરનારને સજા થશે...અને તે આવી ગલતી ?
બદકિસ્મત...

નોકર : નામવર ! સજામાં તો...મારી ગરદન આપનાં કદમોમાં જ
ઝૂકી છે...

બાબર : પણ બેવકૂફ ! કહે તો ખરો, એ તૂટી કેમ ? મારી પૂર્વજ-
દીધી સુરાહી ?

નોકર : હજૂર ! હિંદની ગરમીએ મને ઘેલો બનાવ્યો. હજૂરની
સવારી વહેલી આવી ચઢી અને ગભરાટમાં એ હાથથી છૂટી
ગઈ...કસૂર મારી છે.

બાબર : ચાલ, ઊભો થઈ જા, અને તલાશ કર કોઈ સુરાહી સાંધી
આપે તો—હિંદમાં કારીગરોની ખોટ નથી...નહિ તો તારે ચીન
જઈને આવી જ બીજી સુરાહી લાવવી પડશે.

[ સજાને બદલે આ હુકમ સાંભળી સહુ આશ્ચર્ય-
ચકિત બને છે. ]

નોકર : શાહ સલામત ! ખેદાનું નૂર આપના મુખ ઉપર સદા ય
ચમકતું રહે ! હું આજ સુરાહીને સાજી કરી લાવીશ...મારા
મુરશીદ પાસેથી...

બાબર : મુરશીદ ? કોણ છે તારા મુરશીદ ?

૧ વજીર : હિંદમાં તો, હજૂર ! ઢંક ઢોંગી ધુતારા જાદુગરો પડ્યા છે.

નોકર : મારા મુરશીદ તો સંત છે, સાધુ છે, એક અજબ ઓલિયા છે. જે કહે છે કે તૂટેલી ચીજને સાંધે એ જ સાચો સંત... આ જ એમની પરીક્ષા.

બાબર : (સહજ હસીને) ઠીક, જા સુરાહી સંધાય તો લઈને આવજે.

[નોકર ટુકડા લઈ અદબથી સલામ ભરી પાછે પગે જાય છે. વજીરો પણ જરા આશ્ચર્ય અને અણગમાથી આખા પ્રસંગને જોઈ રહે છે.]

હિંદની ગરમીમાં આદમી જરૂર ઘેલો બની જાય છે......કદી સજા કરી નથી છતાં રોજ મને જોઈ એ કંપે છે અને કાંઈ ને કાંઈ ભાંગે ફોડે છે......શર્મિં તો એ છે કે હિંદભરમાં હું બગીચાઓ સર્જું ! હિંદની નદીઓનાં પાણી ગામેગામ ખેતરે ખેતર અને ઘેરઘેર પહોંચતાં કરું ! સરોવર છલકાવું અને ન હોય ત્યાં નવાં બંધાવું ! ગાઉગાઉને છેટે સુંદર આરામગૃહો કરું કે જેથી મારી રૈયતના દેહ અને મન શાંતિને ઝૂલે ઝૂલી રહે.

૨ વજીર : હજૂર ! એ બધું બની શકે તેમ છે. હિંદના કારીગરો મશહૂર છે. પરંતુ એ કારીગરો સચ્ચાઈના ઇસ્લામી ધર્મમાર્ગે ન આવે ત્યાં સુધી રાજ્યભરમાં તેમને કામે ન લગાડવા. મોગલાઈનું વહાણ ઉદારતાને ખડકે અથડાઈ ન પડે એ પહેલું જોવું પડશે.

૧ વજીર : અને મંદિર તોડવાં, મૂર્તિઓ ભાંગવી, સચ્ચાઈને માર્ગે કાફરોને દોરવા, એ તો સવાબનું કાર્ય છે, નામવર !

બાબર : સવાબનું કાર્ય ફકીરો અને ઓલિયાઓને કરવા દો, વજીર-સાહબ ! મંદિર તૂટે છે તો બીજું બંધાય છે, મૂર્તિઓ ભાંગે છે તો બીજી રચાય છે. ભાંગવું, તોડવું, ફોડવું એ રાજ્યનું

કાર્ય ન હોય. આજ સુધી એ કર્યું તો ય હિંદમાં હજી મંદિરો અને મૂર્તિઓ જીવતાં છે. ખુદાતાલ્લા આપે છે એટલું રાજ્ય કરવા દો; રૈયતની ધાર્મિક છેડછાડ ન કરો. મારી રોજનીશીમાં હું આ જ મારું વસિયતનામું લખું. છું.

૧ વજીર : વસિયતનામું? હજૂર?

૨ વજીર : હજી ચાળીસ વર્ષને દશકો વીત્યો નથી...અને વસિયત-નામું? ખુદા આપને લાંબી જિંદગી બક્ષે!

બાબર : (હસતાં હસતાં) ચેહલ ચાલ ઉંમરે અઝીઝત ગુઝરત ઝીઝા જે તું બર હાલે તીફ્લી નગર. ઇન્સાનની જિંદગી એટલે કાચની પૂતળી. ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તેમ વેરાઇ – વિખ-રાઈ જાય.

[પાસેથી ગીત સંભળાય છે.]

**'ઊઠે આવાઝ કાબાથી સુણો પંડિત "યા અલ્લા!"**
**ઊઠે એ શબ્દ કાશીથી સુણો "ૐકાર" અય મુલ્લાં!'**

બાબર : કોણ ગાય છે આવું મર્મભર્યું ગીત?

૧ વજીર : હમણાં હમણાં ભજનો ગાતા સાધુઓ શહેરેશહેરમાં અને ગામડે ગામડે ફૂટી નીકળ્યા છે.

બાબર : હા, મેં પણ જોયા. મુસ્લિમો જેવા પણ લાગે છે, અને હિંદુઓ જેવા વેશ પણ ધારણ કરે છે.

૨ વજીર : એ જ ભારે જોખમ છે, નામવર!

બાબર : એમાં જોખમ શાનું? આટલાં વર્ષથી હિંદુ-મુસલમાન ભેગા રહે એટલે પહેરવેશમાં મળતાઝૂલતા રહે જ.

૧ વજીર : ખુદાવંદ! એટલેથી એમની વાત અટકતી નથી. પાક-મુસ્લિમોને તો એમાં હિંદુઓને સહારો આપવાનું કાવતરું લાગે છે.

બાબર : કાવતરું? એમ હોય તો આપણે જીતીએ કેમ?

૨ વજીર : એ તો આપણો મજહબ સાચો છે એટલે આપણી જીત કાયમ રહે છે.

બાબર : સાચો મજહબ? આપણે જે પાંચ વાર નમાજ પઢીએ છીએ અને પછી ફાવે તે કરીએ છીએ એ સાચો મજહબ? ...ભલે; તો એમને ફરવા દો અને ગાવા દો. સચ્ચાઈ અંતે જીતવાની જ છે ને?

૧ વજીર : હજૂરે એમનાં ગીત સાંભળ્યાં છે?

બાબર : હા, કેટલી ય વાર; છૂપો ટોળામાં ઘૂસી જાઉં છું, અને ભજનો સાંભળું પણ છું. એમાં તો કાંઈ હિંદુઓને સહારો મળતો દેખાતો નથી. મંદિર, મૂર્તિ અને ન્યાયજાતને તો એ ફટકા મારે છે.

૨ વજીર : સાથે સાથે એ આપણી મસ્જિદ-નમાજ અને ઉલમા-મુરશીદોને પણ ફટકા મારે છે.

બાબર : એમાં ખોટું શું છે? મુસ્લિમો પયગંબર સાહેબનું ફરમાન પાળતા ન હોય તો તેઓ પણ ફટકાને જ લાયક મનાય.

૧ વજીર : એથી તો કહે છે કે મુસ્લિમ ધર્મ આગળ વધતો અટકી ગયો......

બાબર : સચ્ચાઈ, વજીરસાહેબ! સચ્ચાઈ કદી અટકે નહિ.

**'અયે કાઝી! અહો બ્રાહ્મણ! બાતવો ભેદ ક્યાં ભાળ્યો?**
**કહો એ ઈશ કે અલ્લા વસે ક્યાં? ક્યાંઈ નિહાળ્યો?'**

[ગીત સંભળાય છે.]

બાબર : વાહ! કોણ હશે એ? સૂફીની વાણી ઉચ્ચારે છે.

૧ વજીર : જહાંપનાહ!! એ લોકો તો કૈંક નામે ઓળખાય છે. ભક્ત, ભજનિક, કબીરપંથી, નાનકશાહી...

બાબર : મોગલાઈને સફાઈભર્યું મજહબી વાતાવરણ આપનાર આવા સૂફીઓ, સાંઈઓ અને સંતો સલ્તનમાં ફરતા રહે એનાથી બીજું વધારે શું?

[ ગીત આગળ વધે છે. ]

'કહો છો પાક અલ્લાની રહમ દુનિયા ભરી ફેલે!
પૂછું, કાફર જિગરમાં શું રહમ દરિયાવ ના રેલે?'

વાહ! જાણે કુરાનની આખી ખુશબો પથરાઈ ગઈ. એને અહીં બોલાવો. એ કોણ છે?

[ બીજો વજીર મુખ ઉપર આછો અણગમો લાવી જાય છે. ]

૧ વજીર : નક્કી ખબર નથી, નામવર! પણ કદી કદી મહેલની કિલેબંદીમાં રહેવા આવતા નોકરો પોતાના રહેઠાણ ઉપર આવા ભક્તો અને સાંઈઓને બોલાવે છે.

[ સુરાહી ફોડનાર નોકર અને સંત પ્રવેશ કરે છે. સંતનું ગીત ચાલુ હોય છે. ]

સાધુ : 'ન પૂછો પંડિતોને, ના પકડશો કાઝીનાં પલ્લાં,
મિલાવી હાથ ને હૈયાં પુકારો : ઈશ એ અલ્લા!'

બાબર : મંદિર, ભજન, મૂર્તિખંડન, ધર્મપરિર્તન એને બાબર સ્થાપિત મુગલાઈએ જાણે જવાબ આપ્યો! નમસ્કાર કરું છું સાધુજન!

[ હિંદુ ઢબે બે હાથ જોડી બાબર નમસ્કાર કરે છે. બન્ને વજીરો એકબીજાની સામે અણગમાથી જોઈ રહે છે. ]

સાધુ : સતનામ સાહેબ! વેદમાં અને કુરાનમાં સંતાઈ રહેલો એ સાહેબ, સુલતાન બાબરને સદા સુખી રાખે. શેખ શાદીનું વચન આપે સાચું પાડયું.

સાદીયા! ગર વસ્લ ખ્વાહી,
સુલહકુન બાખાસો આમ;
બા મુસલમાં અલ્લા અલ્લાહ!
બાહનુઆ રામ રામ.

[ નોકરના હાથમાં સાજી થયેલી સુરાહી દેખાય છે. તે તેની જગાએ ગોઠવી પ્યાલામાં શરબત કાઢવા જાય છે. ]

બાબર : અરે ખિદમતગાર ! સુરાહી સંધાઈ? તૂટેલી સુરાહી ? અજબ વાત છે !

સાધુ : અજબ વાત નથી, સુલતાન ! તૂટીની પણ બૂટી છે...

બાબર : ભારેમાં ભારે કિંમત કઈ સાધુજન ?

સાધુ : જીવનનું સાટું એ ભારેમાં ભારે કિંમત. વિશ્વમાં એવું કાંઈ જ નથી જે જીવને સાટે ન મળે, સુલતાન ! ખુદાના કદમોમાં જિંદગી મૂકીએ તો ખુદા પણ મળે.

બાબર : અને આ સુરાહી સાંધવાની શી કિંમત પડી ?

સાધુ : એની કિંમત આપના નોકરે મારી સેવા કરીને ક્યારની યે આપી દીધી છે. ફકીરોની ફકીરી જિંદગીના બદલામાં મળેલી સિદ્ધિ છે. મારે કાંઈ ન જોઈએ.

બાબર : એમ નહિ, સંતજી ! એક સુલતાનની અત્યંત કિંમતી સુરાહી આપે સાંધી આપી. વગર કિંમતે સુલતાન કાંઈ ન લે.

સાધુ : ઓ દિલાવર શાહ ! મારા કસબની કિંમત આ રહી. હિંદમાં જ્યાં જ્યાં તૂટેલી સુરાહી જુઓ તે સાંધી દો. હિંદુમુસ્લિમ બન્નેની જુઓ તે સાંધી દો. હિંદુમુસ્લિમ બન્નેની સુરાહી તૂટે છે, એ સંધાશે ત્યારે એમાં શરાબ નહિ શરબત ભરાશે, અમૃત ઊભરાશે, આબેહયાત છલકાશે. આકાશમાં અંધકાર છવાય છે; વીજ ચમકી રહી છે. હવે હું જાઉં.

બાબર : મને વર્ષા બહુ ગમે છે, સાધુજન ! દુઆના સાચા ખજાના સરખા, ઓ સંત ! મને...મારી મોગલાઈ ને આશિષ આપતા જાઓ—

સાધુ : દિલ્હી આવ્યે ત્રણ વર્ષ તેં પૂરાં કર્યાં, શાહ ! આજ...

ખુદા તારે હાથે...એવું કાર્ય કરાવશે...કે જેથી તું ત્રણસો વર્ષ ઉપરાંત રાજ્ય કરીશ...બસ !

[ અંધકાર વધે છે. સાધુ જાય છે. બાબર તેને નમન કરે છે. ]

૧ વજીર : સાધુઓના આશીર્વાદ એટલે ગપ્પાબાજી, હજૂર !

બાબર : એમ પણ......તો ય મારા પૂર્વજ, ચંગીઝખાન આ સુરાહીમાં જીવી રહ્યા છે, નહિ ? એમ ન હોય તો બાપબેટાનો સિલસિલો ક્યાંથી ચાલત ? આજ ક્યારનો મને વિચાર આવે છે કે માનવી જીવે છે પોતાની જીતમાં ? તનમાં ? બદનમાં ? આ ખાલી હાડપિંજરમાં ? આદમ અને હવાનો આખો તાર ...આજ આપણા સુધી લંબાયો...

૨ વજીર : સૂફીઓ અને સાધુઓના બોલ જાદુભર્યા હોય છે, નામવર ! એમની બહુ સોબતમાં દિમાગ ભ્રમિત પણ બની જાય છે. આપણે તો સીધા સાદા લશ્કરીઓ......

બાબર : ( તેને ન સાંભળતાં ) માનવી સાચું જીવે છે પોતાના વંશજોમાં. મારી મોગલાઈ ત્રણસો વર્ષ જીવે......એટલે...... હું જ ત્રણસો વર્ષ જીવ્યો......નહિ ? હાં...ઠીક, વજીર-સાહબ ! આપ પધારો. બારીશ તૂટી પડી છે.

[ ખૂબ વરસાદ પડતો બારીમાંથી દેખાય છે. ]

મને શોખ છે એકલા એકલા બારીશ નિહાળવાનો...સંતની વાણી સાચી કે ખોટી એ તો......ઇતિહાસ કહેશે......... સલામ આલેકુમ......

[ સહુ કોઈ શાહને અદબથી નમન કરી તેને એકલો છોડી જાય છે. ઝરૂખામાંથી ગાજવીજ અને વરસાદને નિહાળતો બાબર સહજ વિચારે છે. ]

આસમાનના આ બિહામણા ગડગડાટ ! કટાર અને શમશેરને શરમાવતી આવી જાણે મોતની સવારી ! અને છતાં મોતને બદલે એ આવે છે મોતી અને હીરાનો વરસાદ ! હું યે હિંદ ઉપર સવારી લાવ્યો મોતની ! હવે મારે પણ મોતી અને હીરાનો વરસાદ વરસાવો જોઈએ......મેઘરાજ પધારે છે......રાજા તો મેઘરાજ......જતાં જતાં પણ રંગરંગ વેરતા જાય છે... આજનો દિવસ કાંઈ અદ્ભુત છે. રોજનીશીમાં નોંધી રાખું.

બારી પાસેથી ખસી રોજનીશી અને દવાત-કલમ લઈ બેસે છે. ]

આજ શું લખું ? સુડતાલીશ વર્ષ ઉપર હું જન્મ્યો. અગિયારમે વર્ષે ગાદી મળી. ગાદી મળ્યા તારીખથી આજ સુધી ખૂબ સીરાઈ જોઈ, રોશની જોઈ અને ચાંદની પણ જોઈ. હાર અને જીતની બાજી રોજબરોજ ખેલ્યા કરી. જિંદગાનીનો શો સરવાળો મૂકું ? મારા યુદ્ધોમાં મેં હજારો આદમીઓની કતલ કરી......પણ એક ચીડિયાનું મોત પણ મને કમકમી ઉપજાવે છે......એટલે જ બાજ છોડી હું, ચટચીડિયાં ! તને હાથ પર રાખું છું......હું શરાબનો શોખીન હતો. ખુદા પાસે તો એ કબૂલ કરવું જ પડશે. મારી વહીમાં પણ એ કેમ ન લખું ? શરાબ છોડી મેં શરબત સ્વીકાર્યો... સંગરાણા સામે હું હારી જતો હતો. ખુદાએ, પયગંબર સાહેબે, મના કરેલી ચીજને પ્યારી માની હું મારે મુખે લગાડતો. લડાઈમાં મેં શિસ્ત જોઈ, અને પાક-પરવરદિગારને યાદ કરી મેં શરાબ છોડ્યો. હું સાચો મુસ્લિમ બન્યો અને ખુદાએ મને યારી આપી......શા અજબ લડવૈયા છે એ હિંદવાનો !......એમને મિલાવી ન લેવાય ?...મારી વહીમાં હું નોંધી લઉં મારા વારસો માટે કે જો સાચું રાજ્ય કરવું હોય, રૈયતના જિગરમાં વસવું હોય તો......જેને તેને

પોતાનો મજહબ પાળવા દો......મજહબ : ધર્મ કોઈનો પણ હોય...એ એની સાત પેઢીની અને એના સાત વંશજોની સાચી આબરૂ છે. એને જખમી ન કરશો......

[ શરબત પીએ છે અને બારી બહાર નજર કરે છે ]

કોણ આ ભારે બારીશમાં આવી રહ્યું છે કિલ્લાની અંદર? મિયાનામાં બેસીને, કે સૂતાં સૂતાં આટલી સંભાળપૂર્વક? મારા શેર દિલમાં આ ધડક શાની?

[ તાળી પાડી નોકરોને બોલાવે છે. ]

અરે કોણ છે અહીં?

નોકર : હુકમ હજૂર?

બાબર : વરસાદ બંધ રહેતાં બરોબર મિયાનામાં બેસી કોણ આવે છે આપણા કિલ્લામાં?

નોકર : ખુદાવંદ! સમાચાર છે કે કાબુલથી સારી મોગલાઈના નૂરેચશ્મ......

બાબર : સીધી વાત કર......ઝડપથી! લાંબો વિવેક-લવારો ન કર!

નોકર : શાહજાદા હુમાયુ......

બાબર : હું એની જ રાહ જોઉં છું. હુમાયુ આવે છે એમ કહે ને?

નોકર : જી! આવે છે તો હુમાયુ, પણ...

બાબર : એ મિયાનામાં કેમ આવે છે? સુલતાનના વારસને ઘોડા ઉપર થાક લાગ્યો શું?

નોકર : નહિ નહિ, હજૂરની માફક શાહજાદાને પણ ઘોડેસવારી જ ફાવે છે. પરંતુ રસ્તામાં જ બીમારી નડી અને બેહોશ થઈ ગયા છે.

બાબર : શાહજાદા બેહોશ છે? મારો હુમાયુ! મુસાફરીમાં જ માંદગી? એને અહીં મારા ખંડમાં મારી નજર સામે લાવી સુવાડો......

નોકર : બેગમ સાહેબના હુકમ અનુસાર...

બાબર : નહિ, નહિ, નહિ! હુમાયુને, વૈદ્યોને અને બેગમ સાહિબાને અહીં જ લાવો...જા...જલદી...

[ નોકર જાય છે. ]

અજબ દિનમાન છે આજ!...અરે મારા પ્યારા બેટાને આમ ઊંચકીને લાવવો પડે છે?...ધીમે...ધીમે...હજી ધીમે...અરે મારી બેઠક ઉપર એને સુવાડો. હા, એમ...હુમાયુ! બેટા! નહિ બોલે તું?

[ દરમિયાન બેભાન હુમાયુને લાવી બાબરની બેઠક ઉપર સુવાડે છે. સાથે વૈદ્યો અને હકીમો તેની સારવાર કરે છે. ]

વૈદ્યરાજ! હુમાયુની નાડી શો જવાબ આપે છે?...બોલો, કાંઈ તો કહો?...હકીમ સાહબ! આપ શું કહો છો?...કાંઈ પણ ન બોલવા જેવી ગંભીર માંદગી છે શું? દવા, ભસ્મ, લેપ...કાંઈક તો એવું કરો કે જેથી હું મારા બેટાની ખુલ્લી આંખ જોઈ શકું? એને એવું શું થયું જે તમે ન મટાડી શકો?...અય લુકમાનો! અય ધન્વન્તરીઓ! માગો; જે માગો તે આપીશ...મારો બેટો બેઠો થવો જ જોઈએ ગરદન હિલાવી ના ન કહો...

વૈદ્ય : 'ઔષધં જાહ્નવી તોયં વૈદ્યો નારાયણો હરિઃ!' અમારા હાથ હેઠા પડ્યા છે. ( સ્વગત ધીમેથી) તૂટી તેની બૂટી નથી...વૈદકમાં કે હકીકમીમાં.

બાબર : તન, મન અને ધન વડે પુત્રને પોષ્યો. એ મારો મોગલાઈનો વેલો. મારી આંખ સામે એ ન તૂટવો જોઈએ. હૈયામાં વહેતાં અમૃત અને આબેહયાત સીંચી, એ પુત્રમાં મારું આખું ભાવી મેં રચ્યું. મારી સલ્તન આખી એના ઉપર હું ન્યોચ્છા

વર કરું. એના વગરની સલ્તનત મને કડવી લાગે છે; આંખને ચમકાવતો અમારો વૈભવ મને દઝાડે છે.

૧ વજીર : નામવર! આ ક્ષણ એવી છે કે જ્યારે પરવરદિગારને આપણે સહુ યાદ કરીએ.

બાબર : હું એને જ યાદ કરી રહ્યો છું. હકીમોની હકીમીની હદ થાય છે એ ક્ષણે પાક-પરવરદિગાર વગર હું કોને યાદ કરું? ...ફકીરી લઈ લઉં, અય રહીમ! જો મારા પ્યારા બેટાનો જીવનચિરાગ જલતો રાખે તો!...સાચા સુલતાનને ફકીરીનો લેશ પણ ડર ન હોય...

[ બાબરની પત્ની હુમાયુની માતા આવે છે. મુખ ઉપરથી બુરખો ખસેડે છે, અને આંખ નીચી કરે છે. હુમાયુના પગ પાસે બેસી જાય છે. સહુ તેને મુજરો કરે છે ]

બેગમ : (ધીમેથી) હુમાયુ! બેટા...તારી મા સામે જો!...તારા પિતાની અસ્થિર આંખ સામે જો...તારા વિના નહિ જિવાય...

બાબર : બેગમસાહેબા! નહિ જવા દઉં તમારા પ્યારા બેટાને!... સલ્તનતને હું સાધુઓમાં લૂંટાવી લઉં...હું જાતે ફકીરી લઈ પગે ચાલી મક્કા શરીફ પહોંચી જાઉં જો મારો પુત્ર બેઠો થાય તો...અરે! (નોકર તરફ ફરીને) પેલા તારા સંત ક્યાં છે, તૂટીની બૂટીની વાત કહેનાર?

નોકર : હજૂર! એ તો ચાલ્યા ગયા...સાચો રાહ બતાવીને.

બાબર : સાચો રાહ?

નોકર : જી! જે માગીએ એને સામે પલ્લે એની કિંમત મૂકીએ તો...માગ્યું મળે.

બાબર : હુમાયુની જિંદગી સામે વૈભવ મૂક્યો, સલ્તનત મૂકી. એથી કઈ ભારે કિંમત હું આપું?...અરે હા! હું જ ભૂલ્યો— જિંદગી સામે જિંદગી જ હોય! અય કરીમ! હું કંજૂસ

બની રહ્યો. મારી આંખ હવે ખૂલી. બેટા માટે મરી ન શકનાર બાપ એ પદને લાયક જ નથી. હુમાયુની જિંદગીના સામા પલ્લામાં મારી જિંદગી મૂકું છું...

બેગમ : હાં હાં, સરતાજ ! અલ્લાતાલા આપને સલામત રાખે. ઇન્સાફ કરો, શહેનશાહ ! સંતાન માટે મરવાનો હક્ક માતાનો છે. ફરજંદો માટે મા તો ક્ષણે ક્ષણે મરતી જ રહે છે. હુમાયુની જિંદગીની સામે પલ્લે મારી જિંદગી મુકાય, આપની નહિ.

બાબર : નહિ નહિ, સુલતાના ! એ ન બને. ખુદાને વચન અપાઈ ચૂક્યું છે. મોગલાઈના સ્થાપનારથી બેવચની કેમ બનાય ? ખુદાને એ જિંદગી અર્પણ થઈ ચૂકી.

બેગમ : મને મહોતાજ ન બનાવો, સરતાજ !

[ ડૂસકું ખાઈ આંખ પર વસ્ત્ર નાખે છે. ]

બાબર : આંખમાં આંસુ ન ભરો, સુલતાના ! જિંદગીનો મોટો હિસ્સો આપણે વટાવી દીધો; હવે બાળકો જિંદગી ભોગવે... અને બેગમસાહેબા ! બાપ જશે તો બેટો બાદશાહ બનશે... અને...મા વગર તો બાદશાહ પણ મહોતાજ બની જાય... જરા સાચ પણ જુઓ અને મને પણ જોવા દો કે ખુદાના દરબારમાં મારા જીવનની કાંઈ કિંમત છે કે નહિ ?

[ હુમાયુની પથારી આસપાસ ત્રણ ફેરા ફરતાં ફરતાં ]

અય પાક અલ્લાતાલા ! સારી જહાંના નૂર ! સુલતાનોના એ સુલતાન ! આ નાચીઝ દેહે ખતા તો અનેક કરી છે. ખતાની દરગુજર કરનાર જમીન-આસમાનના અય માલિક ! મારી આટલી આરજુ સાંભળ. મને ઉઠાવી લે અને મારા પુત્રને જીવતદાન આપ ! આ જિંદગીની કાંઈ પણ કિંમત હોય તો

મને બોલાવી લે તારા કદમોમાં, અને મારા હુમાયુની આંખમાં જીવનની ઝલક ચમકાવ, અય પરવરદિગાર !

[ ત્રણ ફેરા ફરી ઘૂંટણીએ પડી પ્રભુની પ્રાર્થના કરે છે. એક ગીત ગુંજી રહે છે. ]

[ કવ્વાલી ]

જલ્વાઝગે જહાંમાં, દિલ દિલ દીદાર તારો;
દરબારમાંહી બજતા ઝમઝમ સિતાર હજારો... જલ્વા૦
જૂઠી દીવાની દુનિયા ડૂબી રહી ખતામાં;
લંબાવી હસ્ત તારો, બતલાવ કદમકિનારો... જલ્વા૦
હમમાંહે તું હો હરદમ ! અમ ગીતમાં તું સરગમ !
કાયમ ચિરાગ રોશન ! મજધારનો મિનારો... જલ્વા૦

[ ધ્યાનમગ્ન બાબર સહજ હાલી જાય છે. ]

વઝીર : ( આગળ વધીને ) સમાલો ! શહેનશાહ ઢળી ન પડે.
નોકર : અલ્લાતાલાએ એમની આરજુ સાંભળી શું ?

[ બેગમ એકાએક ઢળતા બાબરને પકડી લે છે. ]

બેગમ : મારી જીવનસુરાહી ફૂટી ? આબેહયા તો ઢોળાઈ ગયું......

[ હુમાયુ પથારીમાં સહજ હાલી આળસ મરડી બેઠો થાય છે. ]

હુમાયુ : અબ્બાજાન !...અરે, અમ્મી ! અબ્બાને શું થાય છે ?
બેગમ : એક ચિરાગ સળગાવતાં બીજો ચિરાગ ઓલવાઈ ગયો...
નોકર : એ જ ......સાચો માનવ ચિરાગ...

[ મૃત બાબરને સહુ સુવાડી ચાદર ઓઢાડે છે. સહુ આંખ લૂછે છે. એક ગીતરણકો સંભળાય છે. ]

કાયમ ચિરાગ રોશન ! મજધારનો મિનારો.

# સત્—અકાલ

## વસ્તુ

દિલ્લીની ગાદી ઉપર ઔરંગઝેબ રાજ્ય કરતો હતો. એને અને શીખોને પરસ્પર વૈમનસ્ય. શીખગુરુ ગોવિંદસિંહનો જીવનભરનો સામનો. હારજીતની તલ્લક છાંયડીમાંથી એક સમયે ગુરુના બે યુવાન પુત્રો રણમાં પડ્યા. બાકીના બે પુત્રો—જોરાવર અને ફત્તેસિંહને માતા જીતા ( જીતોજી ) સાથે, વિશ્વાસપાત્ર ગંગારામ નોકર જોડે, મોકલી દેવાં પડ્યાં.

ગંગારામ તેમને પોતાને ઘેર ( ગામ ) લઈ ગયો. જીતા માતા પાસે એક ઘરેણાંનો ડાબલો હતો. ગંગારામનું મન લક્ષ્મી દેખી ચળ્યું. એણે ડાબલો સંતાડ્યો, ચોરીને. માથે સહેજ આરોપ આવતાં સરહિંદના સૂબાને એણે જ ખબર આપી, બન્ને ગુરુપુત્રો અને ગુરુપત્નીને પકડાવી દીધાં.

મુસ્લિમ ધર્મમાં આવે તો એમને જીવતાં રાખવાં એવી સૂબાની આજ્ઞા કોઈએ ન માની. બન્ને પુત્રોને ભીંતમાં જીવતા ચણી દીધા. જીતા માતા એ સમાચાર સાંભળી મૃત્યુ પામ્યાં.

એ ઐતિહાસિક વસ્તુમાં નાટચને અનુકૂળ ભૂગોળ ફેરફાર કરી આ દશ્ય રચના કરી છે.

## સ્થળ

સરહિંદ, ઉત્તર હિંદનું એક નગર, અને તેમાં આવેલું ગંગારામનું નાનકડું ઘર.

## સમય

બપોર પછીનો સમય—રાત્રિ પહેલાં.

## પાત્રો

જોરાવર, ફત્તેસિંહ } ગુરુ ગોવિંદસિંહના અને જીતા માતાના બે પુત્રો—વર્ષ નવ અને સાતના.

જીતા માતા : જીતોજી : ગુરુ ગોવિંદસિંહનાં પત્ની.

ગંગારામ : ગુરુનો (નોકર), જેના રક્ષણ નીચે એ ત્રણે જણ રહ્યાં હતાં.

સૂબો : સરહિંદનો મોગલ બાદશાહ ઔરંગઝેબનો નીમેલો હાકેમ.

મદદનીશ : સૂબાનો મદદનીશ અમલદાર.

સિપાઈઓ, કડિયા, ગુરુનો પડછાયો

## દશ્ય

જોરાવર : મા! આજ કેમ આવું મુખ છે?

જીતા માતા : દીકરા! કાંઈ સમજ પડતી નથી. આજનો સૂર્ય મને લોહીભર્યો ઊગતો લાગે છે.

ફત્તેસિંહ : મા! આપણો શીખનો સૂર્ય તો લોહીમાં ઊગે ને લોહીમાં આથમે. બાપુ કહેતા હતા ને?

જીતા માતા : તારા બાપુએ તો કાંઈ કાંઈ કહ્યું છે! સત્‌-અકાલનું નામ પોકારી એ તો લોહીની નદીઓમાં કૂદી પડચા છે! ક્યારે એમને પાછા જોઈશું?

જોરાવર : મા! જો હું આંખ મીંચું છું અને બાપુને જોઉં છું...

[આંખ મીંચે છે. અને ગુરુ ગોવિંદસિંહનો પડછાયો ઊભેલો દેખાય છે.]

ફત્તેસિંહ : મા! મને પણ એમ જ થાય છે...જો, આંખ મીંચું છું અને બાપુ દેખાય છે.

[આંખ મીંચે છે. ગોવિંદસિંહનો પડછાયો ત્યાંથી પસાર થાય છે. બન્ને બાળક ભાઈઓ આંખ ઉઘાડે છે. પડછાયો અદશ્ય થાય છે.]

હું શું કહેતો હતો, મા? તું યે આંખ મીંચ. તને દેખાશે ગુરુ!

જીતા માતા : (બન્ને દીકરાઓને પાસે લઈ) દીકરા! હું તો ખુલ્લી આંખે પણ તારા બાપુને જોયા જ કરું છું.

[દૂરથી ગોવિંદસિંહનો પડછાયો જતો ફરી દેખાય છે. જીતા માતા અનિમેષ તે તરફ જોઈ રહે છે.]

જોરાવર : આમ જ્યારે માગીએ ત્યારે ગુરુ દેખાય! પછી તું કેમ આમ નિસાસા નાખે છે?

જીતા માતા : હું શું કરું, બેટા? એવાં માતપિતાને ત્યાં તમે જન્મ લીધો છે, કે જે તમને કદી ગોદમાં લઈ એક રાત પણ સુખે સુવાડી શકતાં નથી!

ફત્તેસિંહ : અમે બન્ને, મા! હો!

[બન્ને બાળકો જીતા માતાના ખોળામાં હસતાં હસતાં માથું મૂકી દે છે અને આંખ મીંચી દે છે. નોકર ગંગારામ ગુસ્સામાં પ્રવેશ કરે છે.]

જીતા માતા : ગંગારામ! બૂરું ન માનીશ. તું તો અમારો રક્ષણહાર છે.

[બન્ને પુત્ર ખોળામાંથી ઊઠી બેઠા થાય છે.]

મારાં સૌભાગ્યકંકણ એ ડબ્બામાં હતાં એટલે મારો જીવ ચણચણી ઊઠયો...નહિ તો એ ડબ્બાની પણ શી વિસાત? અને એમાં મૂકેલાં ઘરેણાંની પણ શી વિસાત? ખોટું ન લગાડતો, ગંગારામ! કહ્યું કારવ્યું ભૂલી જજે, ભાઈ!

ગંગારામ : હું હવે ભૂલી જાઉં? ગુરુને મેં મારે હાથે રસોઈ કરી જમાડયા છે—એક દિવસ નહિ, અનેક દિવસ.

જીતા માતા : હું કયાં નથી જાણતી એ બધું? તારામાં ગુરુને વિશ્વાસ હતો માટે તો તને અમારી સાથે મોકલ્યો.

ગંગારામ : અને અનેક જોખમો વેઠી હું તમને અહીં લઈ આવ્યો—મારા જ ગામમાં અને મારા જ ઘરમાં. ઉપરથી પાછી ચોરી ચઢાવી?

જીતા માતા : જો ને ગંગારામ! દુઃખનાં માર્યાં રઝળીએ છીએ... ગઈ કાલે જ બે જુવાન બેટડાઓને રણમાં પડેલા સગી આંખે મેં જોયા!...આ બે ફૂલને લઈ હું તારા છાપરા નીચે આવી છું. ભલે, જેણે ઘરેણાં ચોર્યાં એ સુખી થાઓ!

ગંગારામ : હજી શંકા જતી નથી, માતાજી ! ખરું ને ?

જીતામાતા : ઘરેણાં ગયાં એ વાત તો સાચી ને, ભાઈ ? દુઃખના દરિયામાં ડૂબેલી હું ! ક્ષણ માટે તને અકળામણમાં બે વાત કહી હોય તો તે વીસરી જા. તારા ઉપર મને શંકા ન જ હોય, ગંગારામ ! પોતાના માણસ પાસે ન અકળાઈએ તો કોની પાસે અકળાઈએ ?

ગંગારામ : અને આ તમારા બે દીકરા ! આવડો મોટો હું ! તે મને મારવા ઊભા થયા ! તલવાર કાઢીને ?...મેં રક્ષણ આપ્યું તેનો બદલો ?

જોરાવર : ગંગારામ ! તને સાફ કહી દઉં ? મહા મુસ્કેલીએ માના નિસાસા અટકાવ્યા છે. તું આવીને પાછો માને ક્યાં દુઃખી કરે છે, બધું સંભારીને ?

ગંગારામ : તીસમારખાં ખરા ને, પાછા ! મારા ઘરમાં રહેવું છે અને હજી મિજાજ કરવો છે !

ફત્તેસિંહ : મા ! નથી રહેવું આ ગંગારામના ઘરમાં ! ચાલ, આપણે બહાર નીકળી જઈએ. ગમે ત્યાં પડી રહીશું.

ગંગારામ : તમે ચોરી ચઢાવી છે ત્યારથી મને પણ એમ જ થયું છે કે હવે આ ઘર તમારે માટે ન હોય !

જીતા માતા : ગુરુના કુટુંબ માટે આમ કહીશ, ગંગારામ ?

જોરાવર : મા તને આટલું કહે છે તો ય તારે એને સંતાપવી છે ? ...મા ! મારું મન કહે છે કે આ ગંગારામ જ ચોર છે !

ફત્તેસિંહ : અને એણે જ ઘરેણાનો ડબ્બો સંતાડ્યો છે,

ગંગારામ : જુઓ માતાજી ! સાંભળો.

જોરાવર : તું માતાજી સાથે વાત ન કર.

ગંગારામ : અને તમે બન્ને વનચર મને 'ચોર, ચોર' કહ્યા કરો, એમ ? માતાજીની હજી શરમ પડે છે...નહિ તો તમને બન્નેને એક એક હથેલીમાં મસળી નાખું !

ફત્તેસિંહ : મા ! આ ચોરના જ બોલ છે, હો !

જોરાવર : જો ગંગારામ! તું હમણાં દૂર ખસી જા...મા સામે બોલો ન રહીશ...

ગંગારામ : (કટાક્ષમાં હસીને) મારા છાપરા નીચે વસીને મને જ જવાનો હુકમ? જોઈએ, હવે કોને જવું પડે છે તે!

જીતા માતા : ગંગારામ! બાળકોના બોલ સામે ન જોઈશ...જોરાવર, ફતેસિંહ! બેટાઓ! મારી પાસે આવી મુખ બંધ કરી બેસો. ગંગારામ તો આપણો છે...આપણને છત્ર આપ્યું છે... ગંગારામ તો ગુરુદીધો સંગાથી છે!

[બાળકોના હાથ પકડી જીતા માતા પોતાના તરફ ખેંચે છે.]

ગંગારામ : હવે કોઈ ગુરુ યે નહિ અને કોઈ ગુર્વાણી યે નહિ!... હવે જે થાય એને માટે હું કાંઈ ન જાણું! મારા હાથમાંથી તમારું ભાવિ હવે છૂટું પડી ગયું!

જીતા માતા : આપણું સહુનું ભાવિ ગુરુના હાથમાં!

ગંગારામ : (સહજ હસીને) અને ગુરુનું ભાવિ શહેનશાહ આલમગીરના હાથમાં.

જોરાવર : જીભ બંધ કર તારી, ગંગારામ!

ગંગારામ : અને જીભ બંધ ન કરું તો?

ફત્તેસિંહ : (કિરપાણ કાઢી ગંગારામ તરફ ધસતાં) તો આ કિરપાણ તારી જીભને બંધ કરશે. ગુરુને ગાળ દેનારની જીભ કાપી નાખવી જોઈએ!

[ગંગારામ પ્રથમ ગભરાઈને સહેજ દૂર ભાગે છે. એટલામાં એક બાજુએ નજર કરી તે હસે છે, અને થોભે છે.]

ગંગારામ : જીભ કેમ કપાય છે એ હવે સમજાશે...

[નેપથ્યમાં દોડતાં માનવીઓનો પગરવ સંભળાય છે અને બીજી જ ક્ષણે થોડા સૈનિકો અને મોગલ

સૂબો પ્રવેશ કરે છે. ફતેસિંહ ઉગામેલી કિરપાણ પાછી વાળી લે છે અને જીતા માતા કપાળે હાથ મૂકે છે. ]

સૂબો : શું કરે છે, છોકરા ? કોને મારવા દોડે છે ? ઊભો રહે.

ફતેસિંહ : હું ગંગારામને મારવા દોડું છું.

સૂબો : શા માટે ?

જોરાવર : એ ગંગારામ અમારો ચોર છે માટે.

સૂબો : શું ચોર્યું છે એણે ?

ફતેસિંહ : મારી માનો ઘરેણાંનો ડાબલો.

સૂબો : (પોતાના સિપાઈઓને) જુઓ ! ઘરમાં તપાસ કરો...એક એક ચીજ જોઈ વળજો.

[ થોડા સિપાઈઓ ફરી વળે છે. સૂબો બાળકને સંબોધે છે. ]

તમે કોણ છો છોકરાઓ ?

જોરાવર : અમને પૂછનાર જ તમે કોણ ?

સૂબો : હું આ આખા ઇલાકાનો સૂબો છું, હાકેમ છું. જવાબ આપો; તમે કોના દીકરા ?

ફનસિંહ : અમે બન્ને ગુરુ ગોવિંદસિંહના દીકરા છીએ.

સૂબો : હું...સમજ્યો. ગંગારામની બાતમી સાચી છે.

જીતા માતા : ગંગારામ ! તેં બાતમી આપી ? આવી બેવફાઈ... એના કરતાં અમને મારી કેમ ન નાખ્યાં ?

ગંગારામ : ચોરી ચઢાવો ને મારે માથે !

સૂબો : અને આ બાઈ કોણ છે ?

જોરાવર : એ અમારાં માતાજી છે !

સૂબો : હું...ગોવિંદસિંહનાં બીબી...! અને તમે સિંહના બે દીકરા

ફતેસિંહ : બેશક !

સૂબો : એ સિંહ તો ચમકૌડા કિલ્લામાંથી ભાગ્યા એ ને ?...હું જાણું છું...મેં ભગાડયા છે !

જોરાવર : સિંહ કદી ભાગે નહિ...ધ્યાનમાં રાખજો, સૂબાસાહેબ ! એ સિંહ ગમે ત્યારે તમારી સામે આવીને ઊભો રહેશે.

મદદનીશ : સિંહ તો જ્યારે આવે ત્યારે ખરો...સિંહનાં બચ્ચાં તો સામે આવીને ઊભાં રહ્યાં છે ! જોઈએ, હવે એ સિંહનાં બચ્ચાં છે કે બકરીનાં બચ્ચાં !

[ હસે છે. ]

ફત્તેસિંહ : જે પળે એમ લાગે કે અમે બકરી છીએ, તે પળે અમને વધેરી ખાઈ જજો !

સૂબો : બોલતાં તો સારું શીખવ્યું છે ગુરુએ ! પણ હવે જે શીખશો તે એમના બોધથી જુદું જ હશે...તમારું અને ગુરુનું મિલન અશક્ય છે !

જોરાવર : મિલન અશક્ય છે ? ગુરુનું ? ...અરે જુઓ, આ રહ્યા ગુરુ !

[ આંખ મીંચે છે. એકાએક અંધારું થાય છે. ગુરુ ગોવિંદસિહનો પ્રકાશિત આકાર દેખાય છે... અદશ્ય થાય છે અને પ્રકાશ પડે છે. ]

સૂબો : એમ છે ?...અમનો તો કાંઈ ન દેખાયું...એ જોવાશે. પણ તમે અહીં કેમ આવ્યા...અમારી રજા વગર ?

ફત્તેસિંહ : ગુરુના પુત્રોને કોઈની રજા ખપે નહિ...અમે મન ફાવે ત્યાં જઈએ છીએ.

સૂબો : આ કોના રાજ્યમાં તમે પગ મૂક્યો છે, એ જાણો છો ?

જોરાવર : હા જી...સત્-અકાલના રાજ્યમાં...એવી કોઈ જગા નથી જ્યાં એનું રાજ્ય ન હોય.

સૂબો : સત્-અકાલ તારો જ્યારે જડે ત્યારે ખરો ! કદાચ ગુરુ ગોવિંદસિંહ સાથે એ પણ ભાગી છુપાઈ ગયો હશે. અહીં

તો રાજ્ય છે બાદશાહ આલમગીરનું...મુસ્લિમ મજહબના રક્ષણહાર ઔરંગઝેબનું !

ફત્તેસિંહ : અમે એને ઓળખતા નથી...એને જોયા નથી...રાજા તરીકે નમ્યા નથી.

સૂબો : હવે ઓળખશો...હવે નમશો...નામ તો સાંભળ્યું છે ને ?

[ હાથમાં ઘરેણાંનો એક ડબ્બો લઈ બે-ત્રણ સિપાઈઓ ઝડપથી પ્રવેશ કરે છે. ગંગારામ એ જોઈ ધ્રૂજી ઊઠે છે. ]

શું છે આ ? શું લાવ્યા ?

એક સિપાઈ : આ ઘરેણાંનો ડબ્બો છે. દાણાની કોઠીમાં ઊંડે ઊંડે સંતાડી દીધેલો હતો. શોધતાં બહુ મુશ્કેલી પડી !

જોરાવર : મા ! અમે શું કહેતા હતા ? આપણાં ઘરેણાં સંતાડનાર એ જ ગંગારામ !

જીતા માતા : અને આપણો ભક્ષક પણ એ જ ગંગારામ !...સત-અકાલ એનું ભલું કરે !

ગંગારામ : ( ધ્રૂજતો ) મા ! માતાજી ! હું ભૂલ્યો ! હું તોબાહ કરું છું !

[ જીતા માતાના પગ પકડે છે ]

ફતેસિંહ : નાલાયક ! માતાના પગને અભડાવીશ નહિ. દૂર હટ અહીંથી !

[ ગંગારામને પકડી હટાવે છે. ]

સૂબો : એ ગંગારામ ચોર છે...એને હાથકડી કરો અને આ ડબ્બામાંનાં ઘરેણાં શાહી ખજાનામાં મૂકી દો.

[ ગંગારામને હાથે હાથકડી લગાડે છે. ]

જોરાવર : એ ઘરેણાં અમારાં છે.

સૂબો : પણ તમે કોણ છો એ જાણો છો ને?

ફત્તેસિંહ : અમે જે હોઈશું તે! ખજાનો શાહી કહેવાતો હોય તો આમ માલિકો પાસેથી મિલકત છીનવી લઈ એ ભરાવો ન જોઈએ.

સૂબો : બાદશાહતને જ્યાં સુધી તમે નમો નહિ ત્યાં સુધી તમારી મિલકત સરકારની બની રહેશે.

જીતા માતા : દીકરા! જોજે નમતા પડેગાં માટે! આપણી સલ્તનત જુદી છે!

જોરાવર : અમે તે કદી નમીએ, મા?

ફત્તેસિંહ : અમે બાદશાહને નમીએ છીએ, જે બાદશાહોનો પણ બાદશાહ છે! એનું નામ સત્-અકાલ! ખજાનો એનો હોય તો ભલે મૂકો! ગુરુઆજ્ઞા છે.

સૂબો : ગુરુ? એ જ શાહી દુશ્મન! દક્ષિણમાં પેલો પહાડી ઉંદર શિવાજી, અને ઉત્તરમાં તારો પિતા ગોવિંદ...સિંહનું ચામડું ઓઢી ફરતો પણ શિયાળ!

જીતા માતા : બસ કરો ગાળ દેવી ગુરુને, સૂબાસાહેબ! તમને ખબર નથી કે બાદશાહ આલમગીરને સદ્બુદ્ધિ આપવા હું અને ગુરુ નિત્ય પ્રાર્થના કરીએ છીએ. અમારો દુશ્મન કોઈ નથી!

સૂબો : હવે? તમે બધાં પકડાયાં એટલે?

[ સિપાઈઓને ]

જોજો, આ ચારે ઉપર નજર રાખજો... કોઈ ભાગવા ન પામે.

[ સૂબો સહુથી છૂટો પડી સ્વગત વિચાર કરે છે. એની પાછળ એનો મદદનીશ વિવેકપૂર્વક ધીમે ધીમે જાય છે. ]

મદદનીશ : નામવર! શી મુશ્કેલી લાગે છે?

સૂબો : એક મોટામાં મોટી શાહી દુશ્મનની પત્ની અને બાળકો હાથ લાગ્યાં છે. દિલ્હી કેમ મોકલી દેવાં તેનો હું વિચાર કરું છું.

મદદનીશ : એમાં વિચાર શો ? લશ્કરી જાપ્તો તૈયાર છે...કહો તો હું સાથ કરું.

સૂબો : બરાબર. પણ મને ખાતરી થતી નથી કે આપણે તેમને સલામત પહોંચાડી શકીએ. ગોવિંદસિંહ છૂટા છે...કોઈ પણ ઇલાજે એ એમને છોડાવ્યા વગર નહિ રહે !

મદદનીશ : એ કેટલો ભયંકર છે એ આપણે જાણીએ છીએ. કદાચ એ છોડાવી ન શકે તોપણ...દિલ્હીના દરવાજામાં પેસતાં પેસતાં એ પોતાની પત્ની અને પુત્રોને ઠાર મારશે, પરંતુ બાદશાહને હાથ નહિ પડવા દે. મને પણ એ ભય લાગે છે ખરો !...જાદુગરની માફક ગમે ત્યાંથી એ નીકળી આવે છે !

સૂબો : અહીં પણ ક્યારે પ્રગટી નીકળે એ કહેવાય નહિ. સાંભળ્યું ને પેલા છોકરાએ આંખ મીંચી કહ્યું તે?......આટલામાં એ સંતાયો હોય એ સંભવિત છે.

મદદનીશ : નામદાર ! એક ઇલાજ છે...અહીં જ એ ત્રણેને ખતમ કરી નાખીએ તો ?

સૂબો : ( જરા ચમકીને ) ફૂલ જેવાં બાળકો !...પગે પડવાનું મન થાય એવી ગોવિંદસિંહની બીબી !...હાથ કેમ ઊપડશે ?

મદદનીશ : આપને ક્યાં હાથ ઉપાડવાનો છે? હુકમ કરો। ગોવિંદ-સિંહ તો સહકુટુંબ રાજદ્રોહી ગણાયો છે...અને રાજદ્રોહીને તો નજરે જોતાં કોઈ પણ મારી શકે છે. આપ તો હાકેમ છો !

સૂબો : એ હું જાણું છું...પરંતુ...બીજો કોઈ માર્ગ...?

મદદનીશ : હા નામવર ! આપ ધારો એટલા માર્ગ નીકળી શકે !... આપની રજા હોય તો એક સૂચન કરું.

સૂબો : બોલ, શી દરખાસ્ત છે તારી ?

મદદનીશ : એમની કતલનો આપણને હક્ક છે, આપને તો પૂરો અધિકાર છે. એમને પૂછીએ. જો જીવવું હોય તો મુસ્લિમ બનીને જીવે...એમ બને તો શહેનશાહ રાજી થશે...અને

ગોવિંદસિંહને જીવનભર શૂળ ભોંકાતી રહેશે, જો એ જીવતો રહેશે તો !

સૂબો : હા...એ ઠીક છે...આવડાં નાનાં બાળકો મૃત્યુને નામે માની જશે...જીતા માટે જોઈ લેવાશે...અરે! એ ત્રણેને આગળ લાવો...મારી પાસે.

[ સિપાઈઓને હુકમ કરે છે. જીતા માતા, જોરાવર, ફત્તેસિંહ અને સિપાઈઓ સહેજ આગળ આવી સૂબા સામે ઊભા રહે છે. ગંગારામ અતિશય વ્યગ્ર બન્યો છે. ]

જુઓ, છોકરાઓ ! તમારી મને બહુ દયા આવે છે.

જીતા માતા : તમારું કલ્યાણ થશે, સૂબાસાહેબ ! જો તમારા હૃદયમાં ખરેખર દયા જન્મી હશે તો.

જોરાવર : ( સ્વગત ) શાની દયા ?

ફત્તેસિંહ : ( સ્વગત ) કોની દયા ? કોણે માગી ?

સૂબો : તમારે જેમ બબડવું હોય તેમ બબડી શકો છો...પરંતુ શાહી હુકમ છે કે ગોવિંદસિંહ અને એના કુટુંબને દેખતાંની સાથે જ મારવું...

જોરાવર : એ ખરી દયા !

ફત્તેસિંહ : તો પછી હુકમનો અમલ કરો ! કોણ તમને રોકે છે ?

સૂબો : મને રોકે છે તમારી ઉંમર અને મારી...દયા. તમને બચાવવાનો માત્ર એક જ માર્ગ છે...કહો, જીવવું છે કે મરવું છે ?

જોરાવર : સત્-અકાલની જે ઇચ્છા હશે; તે થશે; જીવવું–મરવું એને હાથ છે !

ફત્તેસિંહ : અને અમારી ઇચ્છાથી જિવાતું હોય તો અમારે જીવવું છે !...અને બાપુની ગોદમાં બેસવું છે !

સૂબો : તો સાંભળી લ્યો ! જીવવું હોય તો મુસ્લિમ બનીને જી શકાશે !...

જોરાવર : બાપુ અમને ગોદમાં બેસાડે જ નહિ ને, મુસ્લિમ થઈએ તો! ગુરુ જે હોય તે અમે!

ફતેસિંહ : અને જીવવા માટે અમે મુસ્લિમ બનીએ?...મારી મા ઊભી હોય ત્યાં?

સૂબો : કહો તો માને દૂર કરીએ...પછી તમે મુસ્લિમ બનો!

ગુજરી માતા : સૂબાસાહેબ! અમે નથી હિંદુ કે નથી મુસલમાન! હોઈશું તો બન્ને હોઈશું. દયા બતાવી બાળકોને લલચાવો છો શા માટે?...બાળક અને સ્ત્રી કઈ દુશ્મનાવટ કરશે તમારી સાથે?

સૂબો : મારી પાસે એક જ વાત છે...તલવારથી બચવું હોય તો કલમો પઢો.

જોરાવર : મન થશે ત્યારે કલમો યે પઢીશું અને વેદઋચા પણ ગાઈશું...પરંતુ તલવારની બીકથી કદી નહિ.

સૂબો : તમને તલવારની બીક નથી શું? જોઈ છે તલવાર?

ફતેસિંહ : અમે પાસે જ રાખીએ છીએ. સૂબા સાહેબ!

[ તલવાર—કિરપાણ સહેજ મ્યાનમાંથી કાઢે છે. ]

સૂબો : ( સિપાઈ ઓને ) પહેલાં આ બન્ને તોફાની બાળકોને સજ્જડ બાંધી દો...મારી સામે એમની રમકડાં સરખી તલવાર બતાવે છે!

[ સિપાઈઓ એકાએક બન્ને બાળકો ઉપર તૂટી પડી તેમને બાંધી લે છે. ]

કેમ? શું કરે છે તમારી તલવાર?

જોરાવર : તમારી તલવાર શું કરે છે એ પણ હું જોઈ શકયો!

સૂબો : એટલે?

ફતેસિંહ : એટલે એમ કે આપ આપની તલવાર હાથમાં લ્યો અને આવો સામે!...આ તમારી ભાડૂતી તલવારો છે!

સૂબો : વગર તલવારે મોગલાઈમાં કોઈ સૂબાગીરી કરી જ ન શકે

...હવે કહો ! સંપૂર્ણ રીતે તમે મોગલાઈના બંધનમાં છો ! જીવવું છે કે મરવું છે ?

જોરાવર : એ અમને ખબર નથી...ગુરુઆજ્ઞા છે કે જ્યાં ન સમજાય ત્યાં સત્-અકાલની હાકલ કરવી !

મદદનીશ : તલવાર ગરદન ઉપર ચમકશે ત્યારે સત્-અકાલ નહિ બચાવે !

ફતેસિંહ : એ પણ એની મરજી !

સૂબા : ( ગુસ્સે થઈ ) એમ ? છેલ્લું પૂછી લઉં ! મુસ્લિમ બનવું છે કે મરવું છે ?

જોરાવર : ગુરુનો દીકરો મુસ્લિમ કદી નહિ બને !

ફતેસિંહ : મરશે તો ય !

સૂબા : ઉડાવી દો બન્નેની ગરદન !

[ બન્ને બાળકો સ્થિર ઊભા રહે છે. મદદનીશ તલવાર ખેંચી ઘા કરવા જાય છે. ]

થોભો ! તલવાર કરતાં વધારે બિહામણું મોત એમને ઘટે છે. એમને આ દીવાલ સાથે ચણી લો !...પાસે જ છે ચણતરનું કામ કરનારા !

[ બે સિપાઈઓ શિર ઝુકાવી જાય છે અને ઈંટ-ચૂનાવાળા બે માણસોને પકડી લાવે છે. ]

ચોડી દો આ બન્ને છોકરાઓને ભીંત સાથે !

[ કડિયા સમજી શકતા નથી અને ગભરાઈને ઊભા રહે છે. ]

નથી સંભળાતું ? ઊભા રાખો આ બન્નેને અને ચણી દો ભીંત !

[ સિપાઈઓ ઘસડીને બે બાળકોને ભીંત સાથે ઊભા રાખે છે. કડિયાઓ મૂંઝવણ સહ ઈંટ-ચૂનો ચોડતા જાય છે. ગંગારામ ફાટી આંખે જોઈ રહે છે. જીતા માતા માથે હાથ દઈ જમીન

ઉપર બેસી જાય છે. ગરદન સુધી ઝપાટાબંધ
ચણતર આવી રહ્યું છે.]

જોરાવર : મા! મારું પાયલાગણ!

ફત્તેસિંહ : મા! મારું પણ પાયલાગણ!...દેહ નમતા નથી એટલે મુખથી...

જીતા માતા : દીકરા! મારાં ફૂલ! ક્યાં જાઓ છો?...ઓ... ઓહ!...

[આંખમાંથી આંસુ પડે છે.]

જોરાવર : મા! તારી આંખમાં આંસુ!

ફત્તાસિંહ : તું કહે તે કરીએ, મા! તારાં આંસુ મટાડવા!

જીતા માતા : હું કેમ કહું...તમને જિવાડવા માટે પણ...કે તમે મુસ્લિમ બનો! આંસુને હું પાછાં વાળું છું, બેટડાઓ!

મદદનીશ : પૂરી દો ખુલ્લો...ભાગ...જલદી!

[મુખ અને મસ્તક સુધીનો ભાગ ચણાઈ જાય છે.
જીતા માતા ઊભાં થાય છે.]

જીતા માતા : દીકરા! જોરાવર! ફતાહ! ક્યાં ગયા?...ચણાઈ ગયા? ચાર પુત્રે આજ હું અપુત્રવાન!...સિંહ સરખો મારે નાથ! અત્યારે હું અનાથ!

[ઊઠીને ચણેલી ભીંત તરફ દોડે છે.]

ક્યાં છો? ભાઈ! મારી આંખની કીકી! બેટા! અરે અરે! મારું હૈયું કેમ પથ્થર બની ગયું છે! બોલો દીકરા! ક્યાં છો?

[ભીંત ઉપર હાથ પટકે છે.]

જોરાવર : (ભીંતમાંથી) મા! તું છો?

ફત્તેસિંહ : (ભીંતમાંથી) તું અમને પોકારે છે, મા...?

જીતા માતા : મારા દીકરા! મારા કાળજાં!... બેટા! સંભળાય છે માની બૂમ? જીવો છો?

જોરાવર : કોણ જાણે! જરા શ્વાસ રૂંધાય છે મા! પણ આંખ મીંચાઈ ગઈ છે...ગુરુ દેખાય છે...આ રહ્યા!...

ફત્તેસિંહ : અને...મા! અમને દોરી જાય છે...ગુરુ...

[ વ્યગ્રતાપૂર્વક ]

જીતા માતા : ક્યાં દોરી જાય છે?

જોરાવર : સત્-અકાલ પાસે...

જીતા માતા : ( શાંત બનીને ) સત્ અકાલ! હું પણ કેમ ન જાઉં એમની સાથે? સત્-અકાલ! સત્ ગુરુ!...ન જાઓ મારા દીકરા! મને એકલી આ દુનિયામાં છોડીને.

જોરાવર : મા! રડે છે તું...? સત્ અકાલ!

[ ડૂસકું ભરે છે. ]

ફત્તેસિંહ : મા! તું રડીશ?... નહિ, નહિ... મા! બોલ, સત્ અકાલ!... મારો છેલ્લો બોલ!

જીતા માતા : જય ગુરુ! જય સત્-અકાલ! સત્-અકાલ!

[ મૂર્છા ખાઈ ચણેલી ભીંત ઉપર પડે છે અને જીતા માતાના પ્રાણ ઊડી જાય છે...એક ભવ્ય ઘંટનાદ થાય છે. ]

ગંગારામ : હા...હા...ગુરુ સત્-અકાલ...!

[ મન ફટકી જાય છે... એકાએક અંધકાર વ્યાપે છે...કોઈ પડછાયો સૂબા સામે છરો લઈ ધસે છે... પડછાયો અદૃશ્ય થાય છે... પ્રકાશ થાય છે. ]

સૂબો : કોણ એ કૃપાણ લઈ મારી સામે ધસી આવ્યું?

મદદનીશ : કોઈ નહિ, નામદાર! કૃપાણધારીઓ તો ગુમ થયા.

સૂબો : અહીંથી ચાલો...મારું ગળું શોષાય છે...

[ સત્-અકાલની એક ગર્જના સહ પડદો પડે છે. ]

# બૈજુ બ્હાવરો

સ્થળ : પાવાગઢ

પાત્રો

| | |
|---|---|
| બૈજુ બ્હાવરો | સુલેમાન |
| હુમાયુ | બહેરામ |
| કિન્નરી | વટેમાર્ગુ–૧ |
| ગૌરી | વટેમાર્ગુ–૨ |

# સૂચન

આજથી પાંચસો વર્ષ ઉપરનો એ ઇતિહાસ. ચાંપાનેરનો, ગુજરાતનો બૈજુ મહા સંગીતકારના ચાંપાનેરના કિલ્લાની બહાર, પાવાગઢની તળેટીમાં, એક નાનકડી પર્ણકુટી બાંધી એની કિન્નરી નામની બહેન સાથે એ રહેતો. કિન્નરી એની સંભાળ લેતી. ધૂની કલાકારને ખાવાનું ભાન નથી, પીવાનું ભાન નથી, પહેરવાનું ભાન નથી. નથી એને ટાઢતાપનું ભાન કે નથી એને ઊંઘ–ઉજાગરાનું ભાન. પાવાગઢનો પથ્થરેપથ્થર બૈજુને પિછાને! પાવાગઢના વાઘ ચિત્તા અને હાથી એના દોસ્ત! હરણ, સસલાં અને સાબર એની પાછળ – એના સૂર પાછળ દોડતાં જ હોય. એ વ્યવહાર શૂન્ય સંગીતકારને લોકો બહાવરાના ઉપનામથી ઓળખતાં.

દિલ્હીમાં ત્યારે બાદશાહ હુમાયુ મોગલ ગાદી ઉપર હતો. ગુજરાતની ગાદી ઉપર સુલતાન બહાદુરશાહ હતો. ગુજરાતની ગાદી મહમદ બેગડાના સમયથી ચાંપાનેરમાં હતી.

ચિતોડની રાજમાતાએ બહાદુરશાહથી બચવા હુમાયુએ રાખડી મોકલી હતી. ચિતોડ અને રાજમાતા બચ્યાં નહિ. પરંતુ હુમાયુએ બહાદુરશાહને હરાવી ચાંપાનેરને ઘેરો ઘાલ્યો. એ ઇતિહાસ પડછે આ વસ્તુ જન્મી છે.

## દૃશ્ય

[ રાતમાં જ બૈજુ ડુંગર ઉપર ચડી ગયો બપોર વીતી ચૂકે છે. એની બહેન કિન્નરી રાહ જોતી ઝૂંપડી બહાર બેઠી છે. જતાંઆવતાં લોકોને ભાઈના સમાચાર પૂછે છે. ]

કિન્નરી : ભાઈ! બૈજુને ક્યાંઈ જોયો ?

૧. વટેમાર્ગુ : બૈજુ? એની શી ખબર પડે? એક ઘડી ટેકરી ઉપર હોય, બીજી ઘડી ખોમાં ઊતરી ગયો હોય! એને ક્યાં કશાનું ભાન છે?

કિન્નરી : હા......જરા ગાવે ચડી જાય છે ત્યારે ભાન ભૂલી જાય છે.

૨. વટેમાર્ગુ : એને ન સાંભળ્યો? કાલ આખી રાત ગાયા કર્યું ને?

કિન્નરી : એને ગાતાં સાંભળું છું ત્યારે એ જીવતો છે એટલું જાણું છું! બાકી ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તેની સાથે એ ગાતો રખડતો જ રહે છે.

૧. વટેમાર્ગુ : ખરેખર! એને તો ઈશ્વર જ બચાવે છે! કાલે પહેલી રાત્રે એને ખાપરા ઝવેરીના મહેલની અગાશીમાં જોયો! વાઘ અને વાઘણ સામે બેઠેલાં! બૈજુ બીન વગાડે, ગાય અને બન્ને જાનવર એની સામે ટગરટગર જોઈ રહે! અમારો તો જીવ ઊડી ગયો!

૨. વટેમાર્ગુ : અને તે દિવસે સવારમાં? પેલો મસ્ત હાથી? કળનું આખું વન ઉજાડી રહ્યો હતો. બૈજુને ગાતાં સાંભળ્યો કે એ અટકી ગયો. એ ક્યાં ગાતો હતો તે હાથીએ શોધી કાઢ્યું,

અને પાસે જઈ હાથીએ તો બૈજુ સામે થનથન નાચવા જ માંડયું.

૧. વટેમાર્ગુ : મારી આંખની જ સાખ! ભલભલા સૈનિકોએ બાણ છોડયાં, પણ હાથી વશ થયો બૈજુને! પણ હવે વાત કરવાનો વખત રહ્યો નથી. આફત ઊતરે છે એક બે દિવસમાં...

[ બીન વાગતું સંભળાય છે, દૂરથી. ]

એ જ આવતો લાગે છે, કિન્નરી! જરા એને સંભાળી રાખ થોડા દિવસમાં ચાંપાનેર બીજી વાર ઉજ્જડ થાય એમ છે. અમે તો જઈએ.

[ વટેમાર્ગુ જાય છે. ]

કિન્નરી : પાવાગઢનો એ ઉછેર! પાવાગઢની પ્રકૃતિ એને સાચવશે.

[ દૂરથી પાસે આવતું બૈજુનું સંગીત સંભળાય છે. ]

[ સારંગ ]

અમૃત છાંટે ચંદ્રમા, સૂરજ વરસે ધૂપ!
મેઘ ફુવારા રેલતો, ત્રણે સૂરના ખૂપ!
ચમકતી ચાંદની ને ધૂપભર્યું ભાણભર્ગ,
રજની ને દિન ફરી કૂદકી રમે છે સ્વર્ગ;
મહીં રમે વાદળીનાં નવલ અંગ નવીન રંગ;
કોણ નિત્ય રંગી રહ્યું જિંદગીના રંગઢંગ?

કિન્નરી : અરે,! તું તારા રંગઢંગ તો જો? પછી જે પાવાગઢને પૂછવું હોય તે પૂછ.

બૈજુ : બહેન! બહેન મારી! બહુ મોડું થયું, ખરું? હું યે પાવાગઢના પથ્થર જેવો જ જડ છું, નહિ? મારા સરખા ભાઈની તું બહેન કેમ બની? ચાલ, હવે કદી મોડો નહિ આવું.

કિન્નરી : કેટલામી વાર આ વચન તેં આપ્યું?

બૈજુ : તું એક એવા ભાઈની બ્હેન છે કે જે ભાઈને પોતાની જાત ઉપર કશો અંકુશ નથી. એની સૃષ્ટિમાં સૂર, તાલ, લય સિવાય બીજું કાંઈ જ નથી. સૂરનાં આવર્તન એ બૈજુના શ્વાસ અને ઉચ્છ્વાસ.

કિન્નરી : પણ ભાઈ! સૂર, તાલ અને લયની સૃષ્ટિમાં પણ શરીરે જીવવું તો ખરું ને?

બૈજુ : અને હા! તું ભૂખી હોઈશ. મારા વગર તું જમતી નથી એ તારી ભારે ભૂલ છે. હું તો ગમે ત્યાં જમી લઉં છું... આજની માફક!

કિન્નરી : આજે ક્યાં જમ્યો?

બૈજુ : હા...ક્યાં?...આજે ક્યાં હું જમ્યો?...કહું?...

કિન્નરી : જુઠ્ઠો!

બૈજુ : અરે હા, ભૂલ્યો! એ તો બીજી વાત! પણ આજે હું એવી વસ્તુ લાવ્યો છું કે જેથી મારે અંગેની તારી બધી જ ચિંતા દૂર જ થઈ જાય.

કિન્નરી : એવું શું છે? ભૂખ ન લાગે એવો કોઈ રાગ તો નથી શોધ્યો ને!

બૈજુ : સાંભળ તો ખરી, બ્હેન! ભદ્રકાલીની ઝાડીમાં પેલા યોગી અઘોરનાથ રહે છે ને? તેમને મેં સવારમાં એક ઓમકાર સૂરાવલિ સંભળાવી :

[ ભૈરવી ]

**હરિ ઓમ્! હરિ ઓમ્! હરિ ઓમ્!**
**બીન બોલે હરદમ તનન તોમ!**
**હરિ ઓમ્! હરિ ઓમ્! હરિ ઓમ્!**

પ્રસન્ન થઈ અઘોરનાથે કહ્યું : 'બચ્ચા! માગ, માગ! જે માગે તે આપું! અને મેં એવું સરસ માગ્યું...!

કિન્નરી : શું ? શું માગ્યું, ભાઈ ?

બૈજુ : મને તું યાદ આવી ! રોજની મારે માટેની તારી ચિંતા યાદ આવી...!

કિન્નરી : પણ તેં માગ્યું શું ?

બૈજુ : એ જ કહું છું, બહેન ! મેં એવું માગ્યું કે...જો ને... મારે માટે તારે કૈંક વાર ભૂખ્યાં રહેવું પડે છે...એટલે મેં એમ માગ્યું કે જિંદગીભર જમવું જ ન પડે એવું કાંઈ કરી આપો !

કિન્નરી : ખરું ! જોગટાઓ ભેગા રખડે છે તે...આમ ભૂખે મરવાને ?

બૈજુ : પહેલાં તો અઘોરનાથ હસ્યા અને મને ના પાડી ! પછી કહ્યું : 'આ થોડાં બી અને કંદ લઈ જા. છ માસ સુધી તને ભૂખ નહિ લાગે.'

કિન્નરી : હું મરી જાઉં પછી વાપરજે !

બૈજુ : મને પૂરી વાત તો કહેવા દે ! અઘોરનાથે કહ્યું : 'તારી બહેન એની બનાવટ જાણે છે. એને આપજે, અને એ કહે તે પ્રમાણે વાપરજે.' જો, આ રહ્યાં બી અને કંદ !

[ થેલીમાંથી કાઢે છે. ]

કિન્નરી : લાવ, ક્યાં છે એ ? કંદમૂળમાં તો કાંઈ સુરાવટ નથી ભરી ને ?

બૈજુ : સુરાવટ વગર સર્જન જ નથી, બહેન ! વનસ્પતિની સૂરાવલિ જ્યારે આપણે સાંભળશું ત્યારે વનસ્પતિના ભક્ષક બનતાં મટી જઈશું...અરે, અરે ! શું કરે છે તું ?

કિન્નરી : જો હું શું કરું તે ! તારાં બીજ હું આમ વેરી નાખું છું, અને આ કંદને જો, આમ ડુંગરની કરાડમાં ફેંકી દઉં છું. ( ફેંકી દે છે. ) તારા કરતાં અઘોરનાથ વધારે સમજવાળા છે. એ જાણે છે કે માતાપિતાએ જતાં જતાં તારી

સંભાળ મને સોંપી છે. છ માસ સુધી જમવું નથી! વાત કરે છે તે!

બૈજુ : વારુ બહેન! તું કરે એ ખરું...પણ તને જ નથી લાગતું કે આ જમવા સરખું નિરર્થક કામ બીજું એકે નથી?

કિન્નરી : સૂરમાંથી દેહ પોષનારાં તત્ત્વો તું શોધી કાઢજે; પછી આપણે આખી દુનિયાનાં રસોડાં બંધ કરીશું. જો, બેઠો છે ત્યાં જ બેસી રહેજે, ઝાડની છાયામાં. તારે માટે કાંઈ લાવું. પાછો ડુંગરે દોડી ન જતો!

[કિન્નરી બેત્રણ ડગલાં જાય છે. સ્તબ્ધ બની ઊભી રહે છે. ઘોડાનાં પગલાં સંભળાય છે.]

બૈજુ : (સ્વગત) બહેનને મન હું નાનું ઘેલું બાળક છું, પણ... એ મારું મન કેવું પરખી ગઈ? સૂરાવલિ હૃદયને તો જીવતાં રાખે છે! દેહને જીવંત રાખે એવી સૂરાવલિ હું શોધી રહ્યો છું...ઘોડા ઉપરથી કોણ ઊતરે છે? અહીં...મારી પાસે આવે છે?...આવો, આવો! સુલેમાન શાહ! લશ્કર મૂકીને આ ઝૂંપડી ભણી ક્યાંથી?

[સુલેમાન શાહ નામનો પરાજિત સુલતાન બહાદુરશાહનો સરદાર આવે છે.]

સુલેમાન : સુલતાન બહાદુરશાહે મને ખાસ મોકલ્યો છે.

બૈજુ : શું ફરમાન છે સુલતાનનું?

સુલેમાન : ફરમાન એ કે બૈજુ અબઘડી ચાંપાનેર છોડી ચાલ્યો જાય!

કિન્નરી : ક્યાં? મારા વગર બૈજુ એકલો ક્યાં જઈ શકશે?

સુલેમાન : તમે બંને ચાલ્યાં જાઓ! સાધન તૈયાર છે.

બૈજુ : અરે સરદાર સાહેબ! આવી ઉતાવળ શા માટે? શાહ સુલતાનનો બૈજુએ કાંઈ ગુનો કર્યો છે?

સુલેમાન : બહુ મોડું થાય તે પહેલાં ચાંપાનેરની ભૂમિ તું છોડી દે.

બૈજુ : ચાંપાનેરની ભૂમિએ મને સર્જ્યો ! પાવાગઢના કિનાલ-કોર્યા સુંદર પહાડે મને પોષ્યો ! એ ભૂમિ હું કેમ છોડી શકું ? અહીંનો પથ્થરેપથ્થર, અહીંનું પાનેપાન, અહીંનાં પશુપક્ષી અને માનવી : એ સર્વનો મારા દેહમાં, મારા સૂરમાં ભાગ છે. હું ભાગું તો મારી ભૂમિ નિસાસા નાખે.

સુલેમાન : બૈજુ ! સાંભળ અને સમજ. આપણું...સુલતાન બહાદુરશાહનું લશ્કર હારી ગયું ! હુમાયુ ચાંપાનેર ઉપર ધસ્યો આવે છે. અહીં જે રહેશે તેની કતલ થશે. કતલમાં તું આવી ગયો તો ? સુલતાને નાસતાં ભાગતાં પણ મને અહીં મોકલ્યો છે તને ખસેડવા ! સુલતાનને પોતાના દેહ જેટલી જ તારા દેહની ફિકર છે !

બૈજુ : સુલતાનનો આભાર ! પણ...જેને રાજ્ય જોઈએ, સત્તા જોઈએ, ધન જોઈએ એ આક્રમણ પણ કરે અને ભાગે પણ ખરા. હું સંગીતનો સાધક ! સુલેમાન ! રાજ્યે, સત્તાએ, સંપતિએ યુદ્ધ ઊભાં કર્યાં છે; સંગીતને ન રાજ્ય જોઈએ, ન સત્તા જોઈએ, ન સંપત્તિ જોઈએ. ફકીર, યોગી, સાધુ કે ગાયક કદી નાસતો સાંભળ્યો છે ? એ કોનાથી નાસે ?

સુલેમાન : તલવાર આગળ સંગીત નહિ બચે.

બૈજુ : તો એવા સંગીતને કે સંગીતને મરવા દો !

કિન્નરી : સુલતાનની કદર માટે એમનાં ઓવારણાં લઉં છું. સંગીતના દેવતાને બૈજુનું રક્ષણ કરવું હશે તો કરશે. હું મથન કરું છું. આપ પધારો !

સુલેમાન : બે ઘોડા મૂકતો જાઉં છું.

[જતાં જતાં સ્વગત]

હુમાયુ જોતજોતાંમાં તૂટી પડશે. કતલમાં કોઈને ખબર પણ નહિ પડે કે સંગીતનો અણમૂલ સિતારો ભૂંસાઈ જાય છે... ...કલાકારોને અક્કલ જ નહિ !

કિન્નરી : ભાઈ ! મોગલ શહેનશાહ ધસી આવે છે. ક્યાં ભાગીશું ?

બૈજુ : સંગીતને તે ભાગવાનું હોય, બહેન ? સંવાદ ઉપજાવતું સંગીત અને સંહાર ઉપજાવતું યુદ્ધ ! બેમાં કોણ જીતે ? સંહારને જીતવા ન દેવાય.

કિન્નરી : એ સંહાર ધસ્યો આવે છે, ભાઈ !

બૈજુ : સંહાર સામે હું મારું સંગીત ઊભું કરું. સંહાર ?......

[ દરબારી કાનડો ]

અહ ! જગત આંગણે સમરાંગણ તે શાનાં ?
અહ ! માનવીને શાં રુધિર પીવાનાં
બહાનાં ? અહ !......
ખડ્ગ ખખડતાં, ભાલાં ચમકે,
ધનુષ્ય બાણ સૂસવાટા;
માનવ રાક્ષસ બની ઘૂમતો;
કઈ કલમ વડે લખાવાં એનાં શાહનામાં ?
અહ ! જગત આંગણે સમરાંગણ તે શાનાં ?

કિન્નરી : ભાઈ ! હવે આ પત્રાવલીએ બહુ રાહ જોઈ.

બૈજુ : બહેન ! જે જગતમાં માનવી માનવીને મારે એ જગતમાં કોઈને ચે પોષણ ઘટે જ નહિ......શસ્ત્રને માત કરતી સૂરાવલિ મને શોધવા દે......

[ આખું આખું બીન વગાડે છે : સતત ]

કિન્નરી : થયું હવે ! ધૂન આવી એટલે આઠ પહોર વીતી જવાના...

[ પગરવ સંભળાય : છે. ગૌરી આવે છે. ]

આવ ગૌરી ! તું ક્યાંથી ?

ગૌરી : ડુંગર ઉપરથી. સવારની દર્શને ગઈ હતી. કિન્નરી ! તું અને બૈજુ ભાગી જાઓ રાતમાં અને રાતમાં; આફત આવે છે.

કિન્નરી : શાની આફત ?

ગૌરી : તું નથી જાણતી ? દિલ્હીના બાદશાહનું લશ્કર અહીં ધસ્યું આવે છે તે ?

કિન્નરી : હા; હમણાં જ સુલેમાન કહી ગયા.

ગૌરી : કહી શું ગયા ? અમે તો નજરે જોયું, માતાજીની ટેકરી ઉપરથી ! હજારો માનવીઓ ધસ્યાં આવે છે.

કિન્નરી : બહેન ! માતાજી સહુનું રક્ષણ કરશે.

ગૌરી : માતાજીએ જ મુસલમાનોને આવવા દીધા પાવાગઢમાં !

કિન્નરી : માતાજી શું કરે ત્યારે ? હિંદુ રાજાઓની આંખમાં જ પાપ ભરાયાં એટલે ?

ગૌરી : સંતાવું તો પડશે જ, કિન્નરી ! બૈજુને ક્યાં રાખીશ ?

કિન્નરી : બૈજુ તે વળી પાવાગઢ મૂકી ખસે ખરો ? જો ને, ક્યારનો બેઠો બેઠો બીનમાં સૂર શોધ્યા કરે છે !

[ આછું આછું સંભળાતું બીન વધારે સ્પષ્ટ સંભળાય છે. ]

બૈજુ ! જો, આ કોણ આવ્યું ?

બૈજુ : અરે, ગૌરી ! જાણે વેદમંત્રમાંથી ગાયત્રી સીધાં ઊતરી આવ્યાં ! પાવાગઢના એક શિખરે કાલિકા, બીજા શિખરે ભદ્રકાલી; ત્રીજું શિખર મેં જે રાખ્યું છે ત્યાં આ ચાંપાનેરની ગરબા-રાણી ગૌરીની સ્થાપના કરીએ......

ગૌરી : ચોથા શિખરે કિન્નરીને સ્થાપ, એટલે સંગીતનાં ચારે ધામ પાવાગઢમાં જ જાગે. પણ આ ક્ષણે તો, બૈજુ ! ડુંગરની કોઈ ખોમાં ભરાઈ જવું પડશે કે ચાંપાનેર છોડી ભાગવું પડશે. તું યે તૈયાર થા !

બૈજુ : શું તું યે, ગૌરી ! ભાગવાની વાત કરે છે ? ચાંપાનેરના બ્રાહ્મણ-વણિક પુરુષોને જઈને કહે કે ભયની સામે થવા શસ્ત્ર ધારણ કરી આંગણે આંગણે ઊભા રહે !

ગૌરી : ગુજરાતનું આખું સૈન્ય ભાગ્યું; હવે ચાંપાનેરના થોડા પુરુષો સામા થઈ શું કરશે? કપાઈ મર્યા સિવાય?

કિન્નરી : હમણાં હમણાં તો સૈન્યો એ શીખ્યાં છે કે અઢારથી ચાળીસ વર્ષની વયના બધા જ પુરુષોની કતલ કરી નાખવી! સૈનિક હોય કે ન હોય તો ય!

બૈજુ : તો પછી, બહેન! શસ્ત્ર ધારણ કરવું શું ખોટું છે? ગુજરાતનું શૌર્ય શું એવું ઓસરી ગયું છે કે...?

ગૌરી : તેં કેમ શસ્ત્રો છોડી દીધાં? પહેલાં તો તું મોટો તીરંદાજ ગણાતો હતો?

કિન્નરી : ભાલા-તલવાર વાપરવામાં એની જોડ ન હતી! એ બધું જ એણે સંગીત પાછળ છોડયું! શસ્ત્ર ઝાલી રાખ્યાં હોત તો બૈજુ દિલ્હી, દખ્ખણ, માળવા કે ગુજરાતનો સેનાપતિ હોત!

ગૌરી : અને ચાંપાનેરમાંથી ભાગવાનો પ્રસંગ ન આવત!

બૈજુ : ભાગવાનો પ્રસંગ? ગૌરી! સૈનિક ભાગે, શસ્ત્રધારી ભાગે, સંગીતકાર નહિ! શસ્ત્ર કરતાં સંગીત વધારે સમર્થ છે!

ગૌરી : શું તું યે બોલ્યા કરે છે! શસ્ત્ર આગળ તે કોઈનું ચાલે?

બૈજુ : જરૂર! ભાલા-તલવાર સામે હું જરૂર ઊભો રહીશ. મારી એ જ તૈયારી છે.

ગૌરી : તારું તુંબું લઈને? ભાલા-તલવાર દેહમાં ખોસાશે અને સૈનિકો કિન્નરીને કે મને ઉઠાવી જશે ત્યારે...

બૈજુ : શું શું? ગૌરી! મારું પણ છે: ચાંપાનેરની એક પણ યુવતી સામે કોઈ સૈનિક આંગળી સરખી પણ ચીંધશે તે ક્ષણે હું મારી વીણાને તંબુ માની ફાડી નાખીશ, અને શસ્ત્ર ધારણ કરી આખા સૈન્ય સામે હું એકલો ઊભો રહીશ. કોઈ ન ભાગશો, જો મારી ઘેલછામાં વિશ્વાસ આવતો હોય તો!

કિન્નરી : ગૌરી! રાત વધે છે. કિલ્લા બંધ થઈ ગયા છે!... બૈજુ તો અહીં બેઠાબેઠા ગાયા કરશે...

બૈજુ : એ જ મારી મૂંઝવણ છે! હું માગું છું એ રાગ કંઠમાં

ઊતરતો જ નથી. હા! યુદ્ધપ્રેરક સૂરાવલિ જાગે છે; તાંડવનો તાલ આપી જાય છે; આંસુ રેલાવતી સૂરનિર્ઝરી વહે છે. પરંતુ યુદ્ધને રોકતો કોઈ સંવાદ આજ...હાથમાં આવે છે, આવે છે અને ઊડી જાય છે. કિન્નરી, ગૌરી! કાંઈ એવું ન ગાઓ કે જે સાંભળી હું માગું છું એ સંવાદમાં મારો કંઠ ખૂલી જાય?

ગૌરી : અમે ગાઈએ? મશ્કરી કરવી છે, નહિ?

બૈજુ : આપણે ત્રણે એક જ સંગીતગુરુનાં શિષ્ય...

કિન્નરી : એ તારાં સારીગમ અને નોમ્ તોમ્ અમને ન ફાવે! બહુ બહુ તો અમને ગરબો ગાતાં આવડે...

બૈજુ : એ જ, એ જ! મહામાયા અનેકાનેક રૂપ ધારણ કરે, ચમકતાં વસ્ત્ર-શણગાર ધારણ કરે, એક તાલમાં, એક લયમાં, એક ગોલકમાં ફરી રાસગરબા ઉતારે...એમાં પરમ સર્જન મને દેખાયું છે...એની એક ગુર્જરી છાપ ખીલવો જેમાંથી હું એવો સંવાદ પકડી લઉં કે સંહાર અહીંથી જ અટકી જાય!

કિન્નરી : સાંભળ, તેં જ તે દિવસે રચેલું એક ગીત.

[ કિન્નરી અને ગૌરી ગાય છે. ]

[ સંગીત [

હો......

આજ નથી ગાવું કો ગીત!
રાગરાગિણીની માળ મારી ખોવાણી,
કંઠ મહીં ઊભરાયાં શીત!

હો......

આજ નથી ગાવું કો ગીત!
મંદિર કમાડ આજ ભોગળે ભીડાયાં,
દેવ દેવી બન્યાં અદીઠ!

હો……

આજ નથી ગાવું કો ગીત !
ટહુકે ન મોર, શોર વીસર્યો પપૈયા,
ફટકી ગયું કોકિલાનું ચિત્ત !

હો…

આજ નથી ગાવું કો ગીત !
વીર ને શૂર નથી, સતિયાં ને સંત નથી !
ગાઉં કોની હાર ? કોની જીત ?

હો……

આજ નથી ગાવું કો ગીત !

બૈજુ : એ જ, એ જ ! જાણે મારું હૃદય તમારા કંઠમાં ઊતર્યું !

[ આખું ગાતાં ગાતાં ]

રાગરાગિણીની માળ મારી ખોવાણી !
કંઠ મહીં ઊભરાયાં શીત,
આજ નથી ગાવું કો ગીત !

[ સહેજ વીણા ઝણઝણે છે. ]

એમ જ ! એ જ માર્ગ !…પકડાય છે કોઈ ભણકાર !…જાગે છે કોઈ અવનવો સૂર !…આકાશમાંથી, પાતાળમાંથી…ચંદ્રમાંથી, તારક ઝૂમખાંમાંથી…પ્રકાશમાંથી, અંધકારમાંથી…કોઈ મહાગીત મારા કંઠમાં આકાર લે છે.

[ કિન્નરી ચીસ પાડી ઊઠે છે. ]

કિન્નરી : ભાઈ !…ભાઈ !…

[ બે મુસ્લિમ સૈનિકો ધીમે પગલે એકાએક પ્રવેશ કરે છે અને ધૂનમસ્ત બૈજુ ઉપર એમાંથી એક સૈનિક – હુમાયુ – કટાર ઉગામે છે. ]

બૈજુ : કેમ બૂમ પાડી? (ઊંચે જોઈ) આ તો કટાર છે! મારા મનમાં કે શંકરને મસ્તકેથી બીજનો ચંદ્ર ઊતરી આવ્યો...

હુમાયુ : ચૂપ! જો જીવવું હોય તો!

બૈજુ : મરવું મારવું તમારે હાથ નથી.

હુમાયુ : એમ? એક જ કટારનો ઘા બસ થશે...પણ તું છે કોણ?...આ સમયે વાઘને લઈ ખુલ્લામાં બેસનાર?

બૈજુ : હું? હું એક સંગીત-સાધક છું. માનવશાંતિ માટે મથી રહ્યો છું...

હુમાયુ : તેની મને જરૂર નથી. ચાંપાનેરના કિલ્લામાં લશ્કર કેટલું છે?

બૈજુ : તેની મને જરર નથી. મરવા મારવા ઊભાં કરેલાં એ પૂતળામાં મને રસ નથી. સૂર અને તાલ, રાગ અને રાગિણી જાણવાં હોય તો આવો, બેસો અહીં!

હુમાયુ : ઘેલો લાગે છે! કે પછી જાસૂસ છે? કોનો માણસ છે તું?

બૈજુ : જાસૂસ? શાહો કે સુલતાનો કે રાજાઓ મને ખરીદી શકે એમ નથી. માણસ તો...આપ કહો તો આપનો પણ છું.

હુમાયુ : તો કહે! ચાંપાનેર હજી ભરેલું છે?

બૈજુ : હા. આજ રાતથી ખાલી થતું દેખાય છે.

હુમાયુ : બહેરામ! લશ્કર આખી રાત કિલ્લાની આસપાસ જાગતું રહે! પ્રભાત થતાં દરવાજા તોડી આખા ચાંપાનેરમાં કતલ ચલાવવી છે. પ્રભાત થતાં હુકમ લેવા અહીં આવવું.

બહેરામ : બસરો ચશ્મ, નામવર!

બૈજુ : કતલ? હું જીવું છું ત્યાં લગી એ નહિ બને!

હુમાયુ : (જરા હસીને) કતલની શરૂઆત તારાથી જ કરીશું! પછી કાંઈ?

બૈજુ : આપ...હુમાયુ છો?

હુમાયુ : જરા વધારે માન સહ બોલ! હુમાયુ કોણ છે એ તું જાણે છે?

બૈજુ : હશે કોઈ...આપ કહો! હુમાયુ માનવી કે રાક્ષસ?

હુમાયુ : ચૂપ! ગુજરાત ઉપર વિજય મેળવી ચૂકેલા દિલ્હીપતિને...

બૈજુ : ગુજરાત ઉપર વિજય? હુમાયુએ મેળવ્યો? કતલ કરતાં કરતાં? તો એ રાક્ષસ જ હોય......

હુમાયુ : કમબખ્ત! તારું આવી બન્યું છે! એક જ ઘાએ...

[ તલવાર ખેંચે છે. કિન્નરી હુમાયુનો હાથ પકડે છે. ]

કિન્નરી : નામવર! એક બહેન ભાઈનું જીવતદાન માગે છે.

હુમાયુ : બહેન છો! હું પણ એક બહેનના આદેશ ઉપર અહીં આવ્યો છું.

કિન્નરી : તો એક સોગન લો! કોઈ પણ બહેનના ભાઈની કતલ ન કરો. બૈજુને તો ભાન પણ નથી કે આપે એની ગરદન ઉપર તલવાર ખેંચી છે.

[ તલવાર મ્યાન કરે છે. ]

બૈજુ : ખાંડામાં પણ શો મીઠો નાદ હોય છે! બગદાદી પોલાદ છે? જુઓ! સાંભળો! માણસ મારવા નહિ, પણ માણસને જિવાડવા હું પોલાદ વાપરું છું.

[ વીણાના તાર ઝણઝણે છે; સાથે બૈજુ ગાઈ ઊઠે છે. ]

[ ખંભાવતી ]

**ઝનન ઝનન બાજે તાર!**
**તારમહીં ગુંજી રહે**
**વાર વાર એ વિચાર!**
**ઝનન ઝનન બાજે તાર!**

હુમાયુ : વાહ! ઓ ગાયક! તું ગાય છે ત્યારે મને દ્રાક્ષના

મંડપ, બુલબુલની સુરાવલિ, ગુલાબના ગુચ્છ અને શીળી હવા યાદ આવે છે.

બૈજુ : તો આપ કહો સુલતાન હુમાયુને કે ગુજરાતને બગીચો બનાવે! બગીચા વગર દ્રાક્ષમંડપ નહિ, બુલબુલનું ગીત નહિ, ગુલાબના ગુચ્છ નહિ અને શીળી હવા પણ નહિ. આંગણે આંગણે : બગીચો ઊઘડશે તો સુલતાનને સાચો વિજય મળશે.

હુમાયુ : મને શોખ છે. જરા વધારે ગાઈશ?

બૈજુ : જેને સાંભળવું ગમે એને ગીત સંભળાવવું એ મારો ધર્મ. સાંભળો.

[સંગીત]

**ઝણકારે જાગે પહાડ! કાલતણાં પીગળે હાડ!**
**ગગન મંત્ર રેલી? કે શું ચન્દ્ર ગમે અશ્રુધાર?**
**ઝનન ઝનન બાજે તાર!**

હુમાયુ : તારી સુરાવટ પહાડને, આકાશને, ચન્દ્રને પિગળાવે એવી છે...પણ તું માનવીને રોતો બનાવી દઈશ તો!

બૈજુ : નહિ સરદાર! આપ માગો તેવો સૂર મને સાધ્ય છે. એમાં એવી પણ તાકાત લાવી શકું છું કે એક વાર મુરદું પણ ઊભું થઈ યુદ્ધ કરે! પરંતુ વીરને નામે પૂજાતા રાક્ષસો મારે નથી ઉપજાવવા, કે નથી ઉપજાવવા પ્રેમની હાય પોકારતા, ગરીબી ઉપર સતત નિસાસા ઢાળતા, દુઃખથી–મૃત્યુથી આંસુ સારતા નિર્માલ્યો!

[સંગીત]

**જીવન મોત ગજગ્રાહ, રાવ રંક એક રાહ!**
**આહ શેં વધારવી પોકાર કરી 'માર માર'**
**ઝનન ઝનન બાજે તાર!**

[ વીણાનાં તુંબા પિગળાવતા પથ્થરમાં ઊતરે છે ]

હુમાયુ : અરે, અરે, ગાયક! તારી વીણાનાં બન્ને તુંબાં પથ્થરમાં ઊતરી ચાલ્યાં! તારું સંગીત પથ્થરને પણ હૃદય આપે એવું લાગે છે. કલાકાર! તું અહીં, આ પહાડને ઓથે ઝૂંપડીમાં બેઠો બેઠો શું કર્યા કરે છે? આવીશ તું દિલ્હીપતિ સુલતાન હુમાયુના દરબારમાં?

બૈજુ : હું તો નિસર્ગના દરબારમાં જ રહું છું, સરદાર! વગર યુદ્ધે, વગર હથિયારે, વગર સૈન્યે રાજ્ય કરતો કોઈ સુલતાન બતાવો. કદાચ એનો દરબાર હું જોઉં!

હુમાયુ : પણ તારી સંભાળ અહીં કોણ રાખે? તારી કદર અહીં કોણ કરે?

બૈજુ : પાવાગઢના આત્મા સરખી મારી બહેન મારી સંભાળ રાખે છે. અને કલાકારને કદર કેવી? ફૂલ ખીલે, સૌરભ વેરે અને ખરી જાય! બસ!

હુમાયુ : સુલતાન હુમાયુ સૈન્ય લઈ ગુજરાત પર કેમ આવ્યો છે એ તું જાણે છે?

બૈજુ : ગુજરાત જીતવાનો એને મોહ થયો હશે. પણ રાજ્ય કરતાં સંગીત લાંબું જીવે છે.

હુમાયુ : હુમાયુ પણ એની એક હિંદુ બહેનના રક્ષણાર્થે આવતો હતો! પણ એ મેવાડી બહેન તો બળીને ભસ્મ થઈ ગઈ. મેવાડની રાજમાતાના ભસ્મ અવશેષને ચાંપાનેર-વાસીઓના રુધિરની અંજલિ આપવા હુમાયુ આવ્યો છે.

બૈજુ : આપ જાતે જ સુલતાન હુમાયુ! નહિ?

હુમાયુ : તેં કેમ જાણ્યું?

બૈજુ : એક ઝૂંપડીનિવાસી ગવૈયાની સાથે વાત કરવા બેસે એ કાં તો સાચો ફકીર હોય કે સાચો સુલતાન!

હુમાયુ : ધારી લે કે હું હુમાયુ છું ! હવે કહે : મને રાખડી મોકલનાર ક્ષત્રિયાણી કર્મદેવી સાથે આખા ચિતોડને બાળી મૂકનાર બહાદુરશાહનું ચાંપાનેર ઉજ્જડ થાય કે નહિ ?

બૈજુ : નહિ નામવર ! સાચો સુલતાન તો બગીચા સર્જે, બુલબુલોને વસાવે, ગુલાબજળના ફુવારા વેરે અને ભસ્મશોખીન ભસ્માસુરોને શીખવે કે બાળીને નહિ જિવાડીને જિતાય.

હુમાયુ : તારી ફિલસૂફી નથી સમજાતી.

બૈજુ : આપ તો વિજેતા બની આવ્યા છો. પ્રજાના પિતા બનવા આવ્યા છો. સંતાનને પિતા કેમ પાળે એ મોગલ શહેનશાહને કાંઈ શીખવવું પડે ?

હુમાયુ : એટલે ?

બૈજુ : યાદ કરો આપના મહાન પિતા બાદશાહ બાબરને ! આપની જિંદગીનો એ પાક પુરુષે બદલો કર્યો, આપને જીવન આપ્યું અને પોતે મોત માગી લીધું. પ્રજાના પિતાને પણ પ્રજાને જિવાડવા પોતાનું મોત માગવું પડે ! નામવર ! પ્રજાના સાચા પિતા બની રહેશો તો મોગલાઈ અમર રહેશે. નહિ તો...... કૈંક રાજાઓ, સુલતાનો, શહેનશાહો જીવનમૃત્યુના ઝોલામાં ભુલાઈ ગયા !

[ એકાએક નોબત ગગડે છે, ઘંટ વાગે છે, અને અંધકારમાંથી બહેરામ નીકળી આવે છે. ]

બહેરામ : હજૂર ! સુબહની તૈયારી થઈ ચૂકી છે. હુકમ હોય તો દરવાજા ભાંગીએ અને કતલ શરૂ કરીએ.

હુમાયુ : જરા ઠેરો ! સંગીતકાર ! તારા સંગીતે મારા દિલને હલાવી નાખ્યું છે. કાંઈ માગી લે આ દિલ્હીના સુલતાન પાસેથી, એ કતલ કરવા ધસે તે પહેલાં !

બૈજુ : હું માગું ? સંગીતકાર હાથ લાંબો નહિ કરે ! હક્કથી મળે એ જ લે !

હુમાયુ : ભલે એમ ! તારી-તારા સંગીતની હક્કશાહી માગી લે ! મારા દિલને હલાવનારો માગ્ય ઉપર હક્ક થઈ ચૂક્યો.

બૈજુ : તો... દિલ્હી પતિ ! મારે કંઈ ન જોઈએ. પાવાગઢનો પહાડ અને ચાંપાનેરનાં જંગલો જે જોઈએ તે આપે છે...માત્ર એક સાબિતી આપતી આપની પાસે માગું છું...

હુમાયુ : જે જોઈએ તે માગી લે. કહે, શી સાબિતી આપું ?

બૈજુ : ચાંપાનેરની કતલ બંધ કરો.

હુમાયુ : અને ! મારા સંકલ્પને તું ભૂંસવા માગે છે !...પણ એમાં તને સાબિતી શી મળશે ?

બૈજુ : મને એક ભવ્ય સાબિતી મળશે. હું જગતને કહી શકીશ કે સંગીત શસ્ત્ર ઉપર દિગ્વિજય મેળવી શકે છે !

બહેરામ : બેઅદબી માફ, નામવર ! મગર એક ગવૈયાને ખાતર આપણી ફતેહ ઝાંખી ન પડે ! એને અઢળક ધન આપો; પણ કતલ બંધ ન રહે, એક પાગલના કહેવાથી. એ ઓળખાય છે જ બૈજુ બ્હાવરાને નામે !

હુમાયુ : હું જાણું છું. એનું નામ દિલ્હી જ નહિ પણ બગદાદ, બસરા અને સમરકંદ-બુખારા સુધી પહોંચેલું છે. આજ મેં એને સાંભળ્યો ! એણે ગુજરાતની ગાદી, અરે દિલ્હીની ગાદી માગી હોત તો તે મેં આપી દીધી હોત ! કતલ બંધ કરો ! બૈજુ ! બામદાદ થાય છે. હવે સુલતાન તારી પાસે માગે છે : કોઈ પ્રભાતસૂર સંભળાવીશ ?

બૈજુ : નામવર ! ખુદાને યાદ કરવાનો સમય થાય છે. હું આપને મારી ભાષામાં કુરાનની એક આયાત સંભળાવું; પરખી કાઢો.

[ ભૈરવી ]

હરિ ઓમ્! હરિ ઓમ્! હરિ ઓમ્ !
બીન બોલે હરદમ તનન તોમ્ !
હરિ ઓમ્ ! હરિ ઓમ્ ! હરિ ઓમ્ !

હિંદુ કોણ? વળી કોણ મુસલમીન,
તાલ એક બાજે ત્રક ધીન ધીન !
ખુદા ખલ્કથી દૂર ન પલ છીન !
રહમ રેલી રહી વ્યોમ ભોમ !
હરિ ઓમ્ ! હરિ ઓમ્ ! હરિ ઓમ્ !

• •